ૐ

તપોધન બ્રાહ્મણો
અને
તેમની ઉન્નતિ.

પ્રથમ ભાગ.

પ્રથમાવૃત્તિ ૧૦૦૦ પ્રત.

સંવત ૧૯૬૬.

સર્વ હક સ્વાધીન.

ગ્રંથકર્તા,

ગિરિજાશંકર નિર્ભયરામ.

ધર્મ વિજય પ્રેસ, પાયધુની–મુંબઇ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक 3003 वर्गांक

पुस्तकनुं नाम तपोधन બ્રાહ્મણો

विषय [illegible]

તપોધન બ્રાહ્મણો
અને
તેમની ઉન્નતિ.

પ્રથમ ભાગ.

પ્રથમાવૃત્તિ ૧૦૦૦ પ્રત.

સંવત ૧૯૬૬.

સર્વ હક સ્વાધીન.

ગ્રંથકર્તા,

ગિરિજાશંકર નિર્ભયરામ.

ધર્મ વિજય પ્રેસ, પાયધુની-મુંબઇ.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગૂજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૩૦૦૩

ॐ

વિષયસૂચી.

શુદ્ધિપત્ર.

શુદ્ધ	અશુદ્ધ	પૃષ્ટ	પંક્તિ
શુદ્ર	શૂદ્ર	૪	૨૩
કતવ્ય	કર્તવ્ય	૫	૧
શુદ્રત્વ	શૂદ્રત્વ	૫	૭
એક મેકને	એકમેકને	૬	૧૧
કેટલા	કેટલાક	૭	૨
શુદ્રનું	શૂદ્રનું	૭	૨૧
પદવી	પદ્વી	૮	૧૮
मह्वार्ता	मह्वार्तां	૯	૬
महात्मानो	र्महात्मानो	૯	૧૮
સનત્‌ કુમાર	સનત્કુમાર	૧૦	૩
देवताभ्यो	देवताभ्यः	૧૦	૭
कृष्टेदृष्टि	कृष्टदृष्टिः	૧૦	૧૧
શુદ્ર	શૂદ્ર	૧૩	૮
तत्ते	तत्ते	૧૩	૧૦
पेद	वेद	૧૫	૧૬
તત્‌પ્રતિકુલ	તત્પ્રતિકુલ	૧૫	૧૨
ગ્રાહ્મ	ગ્રાહ્ય	૧૬	૪
પુરાણોકત	પુરાણોક્ત	૧૬	૪ થી ૭
૦	द्विजो	૧૮	૧૦
વેદોકત	વેદોક્ત	૧૮	૧૬
બ્રહ્મણોને	બ્રાહ્મણોને	૧૯	૨૩

ગૃહરથ	ગૃહસ્થ	૨૩	૯
જવાલા	જ્વાલા	૨૭	૬
उच्चुः	ऊचुः	३२	१८
सुत	सूत	३२	१९
श्रेष्टाः	श्रेष्ठाः	३३	१८
दधिचि	दधीचि	३५	४
વેદોકત	વેદોક્ત	૩૬	૨૩
સહિતા	સંહિતા	૩૭	૧
अत्यतं	अत्यन्तं	३८	२१
કૃત્યનો	કૃત્યના	૩૯	૩
वै	वै	४०	२१
યુકત	યુક્ત	૪૧	૨૨
વેદોકત	વેદોક્ત	૪૧	૧૯
बन्धनां	बन्धन	४२	५
चिन्हितम्	चिह्नितम्	४२	५
द्ब्र	दब्र	४२	१०
પ્રાયશ્ચિત	પ્રાયશ્ચિત્ત	૪૩	૧૨
तपोनिष्टा	तपोनिष्ठा	४६	५
विस्तार	विस्तारं	४६	६
તપશ્ચર્યા	તપશ્ચર્યા	૪૬	[illegible]
यथाप्रातः	यथा=प्रातः	५०	७
पितृणाम्	पितृणाम	५१	१५
र्विभूषेत्	र्विभूषेत्	५१	१६
લાકો	લોકો	૫૩	૬
મળી	મળતાં	૫૫	૨૨

द्रशं	द्दशं	૫૬	૧૪
પુરાણોનો	પુરાણોના	૫૭	૩
કોઇ	૦	૫૭	૧૯
દ્વારા	દ્વારા	૫૯	૧૮
મોકલ્યું	મળ્યું	૬૩	૯
પડીતજી	પંડિતજી	૬૩	૧૦-૧૩
ભાષમાં	ભાષામાં	૬૪	૬
कहवाया	करवाया	૬૪	૭
फी	की	૬૪	૮
न्रृषिणाम्	न्रृषीणाम्	૬૭	૧૭
ક યાંથી	કયાંથી	૬૯	૧૧
ચિન્હ	ચિહ્ન	૭૧	૧૩-૧૪
પ્રાયશ્ચિત	પ્રાયશ્ચિત્ત	૭૨	૧૭-૧૮
दण्डो	दण्ड्यो	૭૩	૧૨
दण्ड:	दण्ड्य:	૭૩	૧૮
બ્રાહ્મણો	બ્રાહ્મણોએ	૭૪	૨૦
शक्तया	शक्त्वा	૭૫	૧૨
त्रिरभ्य	त्रिरभ्यस्य	૭૫	૧૭
तत्रऽ	तत्रा	૭૮	૧૧
અશ્વકુમારો	અશ્વિકુમારો	૮૧	૨
जिजीविशे	जिजीविषे	૮૨	૧૮
सम:	समा:	૮૨	૧૮
સ્રય	સત્ય	૮૨	૧૯
સદબુદ્ધિ	સદ્દબુદ્ધિ	૮૨	૧૩

નિવેદન.

પ્રિય બંધુઓ ! હું એક અલ્પમતિવાન્ મનુષ્ય, આપ વિદ્વાન્ અને વિચારશાળી પુરૂષોની સેવામાં આ લઘુપુસ્તક રજુ કરૂં છું, તેનાપર કેવળ નિષ્પક્ષ દ્રષ્ટિ રાખી વિચાર કરવા કૃપા કરશો. આ પુસ્તક લખવાનો મારો હેતુ કોઇ પણ જાતિના પુરૂષોની લાગણી દુખાવવાનો વા તેમને ખોટું લગાડવાનો નથી પરંતુ સત્ય વાત તરફ લક્ષ ખેંચી યોગ્ય ન્યાય મેળવવાની મારી જીજ્ઞાસા છે અને હું આશા રાખું છું કે તેમજ થશે. વળી જયાં જયાં મારાથી કદાચિત્ અયોગ્ય લખાયું હોય વા કોઇ ઠેકાણે ભાષામાં વા અન્ય રીતે ભૂલ થઈ હોય તો તેને માટે આપ સજ્જનો મને ક્ષમા કરશો. આ પુસ્તકસ્થ મારા વિચારો પર કોઇને કાંઇ શંકા હોય તો તેમણે મને લખવું તો તેનો ઉત્તર આપીશ વા કોઇ પેપરમાં જણાવવું અને મને તે પેપર કે જેમાં તે શંકા છપાઇ હોય તે મોકલી આપવું કે જેથી તેજ પત્રમાં મારો ઉત્તર છપાવવા હું શક્તિમાન થઈ શકું. યદિ મારાથી અજાણ પેપરમાં છપાવવામાં આવશે તો તેનો ઉત્તરદાતા હું થઇ શકીશ નહિં. આ પુસ્તકનો બીજો ભાગ લખવાનું કામ હવેથી હું હાથ ધરીશ પરંતુ તેમાં નિમ્ન લીખીત કારણો મને વિઘ્નકર્તા છે, યદિ તેમના નિવારણાર્થે મારા પ્રિય વાંચકો તરફથી પ્રયાસ કરવામાં આવશે તો હું કાર્ય નિર્વિઘ્ન સમાપ્ત કરીશ.

(૧) આ વખત પુસ્તક છપામણી ખરચને માટે મને ધનની જે મદદ મળવા સંભવ હતો તે કાંઇ મળી શકી નહિં, અને મારે મારા સમયની સાથે પૈસાનો ભોગ આપી તેમ કરવું

પડયું છે; જો કે તેથી મને આનંદ છે કારણ કે મારા ધનનો વ્યય યોગ્ય કાર્યમાં થયો છે પરંતુ હું કાંઇ ધનાઢય પુરૂષ નથી કે હર સમય મારા પૈસાનો વ્યય તેવી રીતે કરી શકું.

(૨) મને અન્ય કાર્યો કરવાનાં હોવાથી અવકાશ કમ છે.

(૩) સંવત ૧૯૬૫ ની સખ્ત માંદગી પછી મારી તબીયત સારી રહેતી નથી.

(૪) તપોધન બ્રાહ્મણ જ્ઞાતિના દરેક સંભાના રીતરીવાજોથી હું અનભિજ્ઞ છું, જ્યારે મારે તેપર વિવેચન કરવાનું છે. યદિ દરેક શંભાના મહાશયો મને તે વિષયમાં થોડુંઘણું લખી મોકલશે તો મને પુસ્તક લખવામાં અનુકુળતા પડશે.

યદિ આવી તરહના વિઘ્નોથી હું પાર ઉતરીશ તો બીજો ભાગ પણ આપ સજ્જનોની સેવામાં ઉપસ્થિત કરીશ. હવે આ પુસ્તકનો પ્રથમભાગ સંપૂર્ણ કરવા પરમાત્માએ મને જે આરોગ્યતા બક્ષી છે તેને માટે તેનો કોટી કોટી ઉપકાર માનું છું. તત્પશ્ચાત્ મારા પરમ પૂજ્ય વેદ્ શાસ્ત્રસંપન્ન વિદ્યા વિશારદ શ્રીમાન્ પંડિત બાળકૃષ્ણ શર્મા જેમણે મને આ પુસ્તક લખવામાં યોગ્ય સૂચનાઓ કરવામાં પોતાના અમુલ્ય સમયનો ભોગ આપ્યો છે તેમને માટે હું તેમનો અતિ ઉપકાર માનું છું. અંતમાં, હું મારા સજ્જન વાંચકોને આ પુસ્તકને આદ્યોપાન્ત વિચારપૂર્વક વાંચીજઇ પછી તેનાપર આપનો અભિપ્રાય આપવા વિનંતિકરૂં છું.

આ પુસ્તકમાંની અશુદ્ધિઓને માટે જો કે મેં શુદ્ધિપત્ર બનાવ્યું છે, તોપણ પ્રેસને લીધે વા અન્ય કારણોથી જે ભૂલો રહી ગઈ હશે તેને દ્વિતીયાવૃત્તિમાં સુધારવામાં આવશે.

મુંબઇ. કીકાસ્ટ્રીટ }
તા. ૧-૬-૧૯૧૦ }

ગ્રંથ કર્તા.

બ્રાહ્મણધર્મ.

ભારત વર્ષમાં અનેક પ્રકારના માસિક પત્રો નીકળ્યાં છે અને તેથી અનેક પ્રકારની જાગૃતિ થઇ છે જેમ જેમ સારા સારા પત્રોની આ દેશમાં વૃદ્ધિ થશે તેમ તેમ લોકો પોતાના જીવનનો ઉદ્દેશ સમજી સારાસારનો વિચાર કરી પોતાની ફરજો બજાવતાં થશે તેમ સમજી ખંભાત તપોધન બ્રાહ્મણ વિદ્યાતેજક મંડળે "બ્રાહ્મણ ધર્મ" નામનું માસિક પત્ર કાઢવાની યોજના કાઢી છે તે પ્રમાણે તે પત્ર ચાલુ માસમાં બહાર પડશે. તે પત્ર શાસ્ત્રી અંબાલાલ છગનલાલના અત્યુત્તમ અને વિદ્વતાયુકત લેખોથી વિભુષીત કરવામાં આવશે અન્યાન્ય મહાશયોએ પોતાના લેખો આપવા કબુલ્યું છે. આ પત્રમાં સાંસારિક ધાર્મીક અને સામાજીક વિષયોપર વિવેચન કરવામાં આવશે. વાર્ષીક લવાજમ, રૂ. ૧) ટપાલ ખર્ચ સાથે રાખવામાં છે. આશા છે કે સર્વ સજ્જનો આ પત્રના સહાયક તથા ગ્રાહક થઇ યોગ્ય સહાયતા આપશે. પ્રથમ વર્ગના સહાયકે રૂ. ૧૦) વાર્ષીક અને બીજા વર્ગના સહાયકે રૂ. ૫) વાર્ષીક આપવા એવો નિયમ છે. આ નિયમ એટલા માટે રાખવામાં આવ્યો છે કે આ ધાર્મીક પત્ર ચિરસ્થાયી રહે.

ઠા. શાહીવાળાની ટેકરી
ખંભાત.
તા૦ ૩–૬–૧૦

લી૦ આપનો સેવક.
ગિરિજાશંકર વિજયશંકર
વ્યવસ્થાપક.

ૐ

યોગ્ય સ્મરણ

મારા પરમપૂજ્ય પિતા,

હું આપનો ધન્યવાદ માનું છું કે મને આપના મારા ઉપર થયેલા ઉપકારોનું મારા અલ્પકર્તવ્યદ્વારા સ્મરણ કરવાનો શુભ અવસર મળ્યો છે. હે સ્વર્ગવાસી પિતા! આપનું મૃત્યુ થયાને પાંચ છ વર્ષ થયા પછી મને આ સમય પ્રાપ્ત થયો તેને માટે હું દીલગીર છું કારણ કે આપની પ્રબળ ઈચ્છા હતી કે આપના ચાર સંતાનોમાંથી કોઈ પણ આપણી જ્ઞાતિની, આપે પ્રાપ્ત કરાવેલી વિદ્યાદ્વારા સેવા કરે પરંતુ કમભાગ્યે મારા ત્રણ બંધુઓને મૃત્યુને આધીન થઇ સંસારને શીઘ્ર છોડવો પડયો જેથી તેઓ તેમ કરી શકયા નહિં અને હું પણ અન્ય સંજોગોને લીધે આપના જીવન પર્યંત આપની ઈચ્છા પૂર્ણ કરવા કાંઈ કરી શકયો નહિં. તોપણ આપના જવા પછી પણ મને આ અવસર પ્રાપ્ત થયો છે તેથી હું મને ભાગ્યશાળી સમજું છું. આપે મને ભણાવી ગણાવી, નીતિના રસ્તાપર ચઢાવ્યો તેને માટે હું આપનો આભારી છું. બાલ્યાવસ્થામાં આપ હું નહિં ભણતો માટે ગુસ્સે થતા જેથી મને ખોટું લાગતું અને હું રીસાળ બની આપને દુઃખી કરતો તોપણ આપે મને આપની પવિત્ર ફરજ બજાવી સરળ રસ્તાનુંગામી બનાવ્યો અને તેથીં આજ જે હું સુખ ભોગવું છું તેને માટે હું આપનો જેટલો આભાર માનું તેટલો ઓછોજ છે. બસ, અંતમાં પરમકૃપાળુ પરમાત્મા જેની કૃપાનો તો પારજ નથી તેને વિંનતિ કરૂં છું કે જયાં પણ મારા પૂજ્ય પિતાનો આત્મા હોય ત્યાં તેને શાંતિ પ્રદાન કરે. इत्योम्.

લી. આપનો તાબેદાર પુત્ર

ગિરિજાશંકર નિર્ભયરામ.

ओ३म्

तत्सत्परमात्मने नमः

ईश्वर प्रार्थना.

स नो बन्धुर्जनिता स विधाता धामानि वेद भुवनानि विश्वा ।
यत्र देवा अमृतमानशानास्तृतीये धामन्नध्यैरयन्त ॥

શબ્દાર્થ—હે મનુષ્યો ! (यत्र) જે (तृतीये) જીવ અને પ્રકૃતિથી વિલક્ષણ (धामन्) આધારરૂપ જગદીશ્વરમાં (अमृतम्) મોક્ષ સુખની (आनशानाः) પ્રાપ્તિ કરતા (देवाः) વિદ્વાન્ લોક (अध्यैरयन्त) સર્વત્ર પોતાની ઇચ્છા પૂર્વક વિચરે છે, જે (विश्वा) સર્વ (भुवनानि) લોક લોકાન્તરો અને (धामानि) જન્મ સ્થાન નામોને (वेद) જાણે છે (सः) તે પરમાત્મા (नः) અમારા (बन्धुः) ભાઇ સમાન સહાયક (जनिता) ઉત્પન્ન કરવા વાળા (सः) તે (विधाता) સર્વ પદાર્થો અને કર્મ ફળોના વિધાન કરવા વાળા છે.

ભાવાર્થ—હે મનુષ્યો ! જે શુદ્ધ સ્વરૂપ પરમાત્મામાં યોગિરાજ જીતેન્દ્રિય વિદ્વાન્ મનુષ્યો પરમાનન્દ મુક્તિ સુખને પ્રાપ્ત કરી અત્યાનન્દ ઉપલબ્ધ કરે છે તે સર્વજ્ઞ સર્વોત્પાદક અને સર્વદા સહાયકારક છે માટે હે જગન્નિયન્તા પરમાત્મા ! મને પણ આ લઘુ કાર્યમાં સહાયકારી થશો એવી મુજ અલ્પમતિ વાનની વિનંતિ છે.   ओ३म् शान्तिः शान्तिः शान्तिः

તપોધન બ્રાહ્મણો

અને

તેમની ઉન્નતિ.

પ્રિય પાઠક ગણ, હું "તપોધન બ્રાહ્મણે અને તેમની ઉન્નતિ" એ વિષય ઉપર લખતાં પહેલાં તે વિષય ઉપર લખવાની શું આવશ્યકતા પડી તે જણાવીશ કારણકે તે જાણવાની દરેક હૃદયને ઇચ્છા થતી હશે. એવો નિયમ છે કે કારણ વિના કોઈ કાર્ય થતું નથી. મનુષ્યને જ્યારે ભુખ લાગે છે ત્યારે ખાવાનું શોધે છે. જ્યારે તૃષા લાગે છે ત્યારેજ જળની અપેક્ષા કરે છે; તેવીજ રીતે "તપોધન બ્રાહ્મણો અને તેમની ઉન્નતિ" એ વિષય ઉપર લખવાનું કારણ પણ હોવુંજ જોઈએ.

પ્રથમ કારણ તો એજ છે કે આ વિષયમાં કોઇએ હજુ સુધી લખ્યું નથી; તેથી ઘણાંક જ્ઞાતિ બંધુઓ તરફથી ઉક્ત વિષયમાં લખવા મને આગ્રહ કરવામાં આવ્યો છે.

દ્વિતીય કારણ એ છે કે દરેક મનુષ્ય જ્યારે દુઃખી હોય છે ત્યારે સુખી થવાની આકાંક્ષા રાખે છે તેવીજ રીતે ઉન્નતિની આશા પણ જ્યારે અવનતિ હોય ત્યારેજ થાય છે અને હાલ તપોધન બ્રાહ્મણોની અવનતિ પ્રતીત થાય છે. આ ઉપરથી ઉપરોક્ત વિષયપર વિવેચન કરવાનાં કારણો મારા પ્રિય વાંચકો સ્પષ્ટ રીતે સમજી શકયા હશે; પરંતુ ઉક્ત વિષય પર લખતાં

પહેલાં તપોધન બ્રાહ્મણોની અવનતિ શું છે તે જાણવાની આવશ્યક્તા છે કારણ કે જ્યાં સુધી આપણે અવનતિનું સ્વરૂપ જાણીયે નહિં ત્યાં સુધી ઉન્નતિ અને તેને પ્રાપ્ત કરવાના રસ્તાઓ પણ જાણી શકીએ નહિં માટે આપણે અવનતિ તરફ લક્ષ આપીશું. આ બ્રાહ્મણોની સંખ્યા દીન પરદીન કમી થતી જાય છે. હું ખંભાત શહેરનાં તપોધન બ્રાહ્મણોની સંખ્યા વિષયમાં જણાવીશ કે ત્યાં પ્રથમ ઉક્ત મહાશયોની ઓછામાં ઓછી બસો અઢીસો ઘરની વસ્તી હતી પરન્તુ તેમાં આજ કેવળ એંશી નેવુ ઘરની વસ્તી છે. વીસનગર ગ્રામમાં સો ઘરની વસ્તી હતી પરન્તુ તેમાં આજ પંદર વીસ ઘરની વસ્તી છે. આ પરથી જણાશે કે પ્રથમ શહેરમાં એક તૃત્યાંશ અને બીજામાં એક પંચમાંશ જેટલી વસ્તી રહી. આ પ્રમાણે અન્ય ગ્રામો અને અન્ય શહેરોમાં પણ છે. આવીજ રીતે દીન પરદીન યદિ ઘટાડો થતોજ રહેશે તો કાળે કરીને ઉક્ત કોમનો નાશ થવાનો સંભવ છે. બાળ લગ્નનો રીવાજ પણ ધમધોકાર ચાલુ છે જેથી શારીરીક સંપત્તિ નષ્ટ થઈ ગઇ છે કોઇના ગાલો બેસી ગયા છે, કોઇ કમરેથી વળી ગયા છે; કોઈની આંખો અંદર જતી રહી છે સ્ત્રી પુરૂષ ને ચહાતી નથી અને પુરૂષ સ્ત્રીને ઇચ્છતો નથી. કંકાસ અને કલહથી ઘરો હુમેંશા દુઃખ દરિયામાં ડુબેલાં રહે છે. જ્યાં બાળ લગ્ન નથી ત્યાં છોકરીઓનાં પૈસા લેવાનો રીવાજ છે અને તેથી કરી એંશી કે નેવુ વર્ષનો વૃદ્ધ પુરૂષ હોય પરન્તુ તે યદિ હજાર બે હજારની ગાંસડી બંધાવે તો કન્યાનો બાપ પોતાની તેર ચૌદ વર્ષની કન્યાનો તેની સાથે સબંધ બાંધી સુકુમાર બાળાના જીવન સુખપર છીની ફેરવે

છે. આ કાર્યનો પ્રવેશ પ્રથમથીજ ખંભાતની તપોધન બ્રાહ્મણ જ્ઞાતિએ પોતાનામાં થવા દીધો નથી તેને માટે તો તેને ધન્યવાદ ઘટે છે. કેટલેક ઠેકાણે પુનર્લગ્ન કરવામાં આવે છે અને કેટલેક ઠેકાણે નથી કરવામાં આવતાં. જ્યાં પુનર્લગ્ન નથી કરવામાં આવતાં ત્યાંના તપોધન બ્રાહ્મણો પોતાને અન્ય સ્થળના પુનર્લગ્ન કરનાર તપોધન બ્રાહ્મણોથી ઉંચા સમજે છે. પુનર્લગ્ન નહીં કરનાર તપોધન બ્રાહ્મણોમાં બાળલગ્નના રીવાજને લીધે કેટલીક છોકરીઓ જેઓ સાત સાત વા આઠ આઠ વર્ષની વિધવા થયેલી હોય છે તેઓ જ્યારે યુવાવસ્થામાં આવે છે ત્યારે સારૂ અને નરસુ, ધર્મ અને અધર્મ કાંઈ ન જોતાં અન્યથા વર્તન કરતી નજરે પડે છે.

લગ્ન તથા મરણ ક્રિયાના પ્રસંગોમાં ન્યાત વરાઓ ન્યાતનો કર હોવાને લીધે દેવા કરીને પણ કરવાથી પૈસા સબંધી સ્થિતિ પણ કઢંગી થતી જાય છે. કેટલાએક ગ્રામોમાં તો લગ્નનો ભારે કર હોવાને લીધે ઘણાંક કુંવારા મરી જાય છે. ખાવા પીવાનો વ્યવહાર કેટલા ગ્રામવાળા તપોધન બ્રાહ્મણો અન્ય ગ્રામવાળા તપોધન બ્રાહ્મણોની સાથે નથી રાખતા તેતો અતિ શોચનીય છે. વળી ગામ ગામના તફાઓ બંધાઈ જવાથી બેટી વ્યવહાર પણ બંધ છે અર્થાત્ પોતાના તફાની કન્યા અગર બીજા તફાના સારા અને વિદ્વાન્ માણસને પણ આપવામાં આવે તો તેને જ્ઞાતિથી બહિષ્કૃત કરવામાં આવે છે. કેળવણીનો પ્રચાર તો ઘણોજ કમ છે. તેના અભાવને લીધે અજ્ઞાનનો અંધકાર એટલો બધો વધ્યો છે કે પોતે પોતાનું બ્રહ્મત્વ ભુલી જઈ શુદ્રની માફક મજુરી કરવા લાગ્યા છે. ધર્મ શું છે, હુમે કોણ

છીયે, હમારૂ કતવ્ય શું છે તથા આચાર વિચાર આપણો કેવો હોવો જોઇએ તેનું ભાન આપણે ભુલી ગયા છીયે. સંધ્યા અગ્નિહોત્ર શું છે તે બિચારા જાણતા નથી અને કદાચિત્ જાણવાની ઇચ્છા કરે છે તો તેમને તમને વેદોક્ત સંધ્યા વંદનાદિ કરવાનો અધિકાર નથી એમ કહી શીખવનારાઓનું ડોળ ઘાલનાર શિક્ષકો ઉડાવે છે, તેમના ઉડાવાપર ભરૂસો રાખી બેસી રહેવાથી દીન પરદીન તપોધન બ્રાહ્મણો શુદ્રત્વ પ્રાપ્ત કરી રહ્યા છે. સ્ત્રી કેળવણી તો તદન ઓછી છે. હજારમાં એક કેળવાયલી સ્ત્રી હોય તો પણ ઠીક. સ્ત્રી કેળવણીના અભાવને લીધે સ્ત્રી પોતાના પતિ તરફની તથા પોતાના બાલ બચ્ચાંઓ અને સગાં સ્નેહીઓ તરફની ફરજ શું છે તે તેઓ જાણતી નથી અને તેથી હમેંશા તપોધન બ્રાહ્મણોના ઘરોમાં કલેશથી ઘેરાયલા વાદળોમાંથી દુઃખનો વરસાદ વરસતો નજરે પડે છે. આગળ ચાલતાં જોઇએ તો બ્રાહ્મણો તપોધન બ્રાહ્મણોને એટલા તિરસ્કારની નજરથી જુવે છે કે તેમને ચોરાશીમાં કે કોઇ અન્ય સ્થળે જમવાનું હોય તો ઉંચેથી પીરસે છે અને તપોધન બ્રાહ્મણોના હાથનું રાંધેલું કે તેમની પાસે બેસીને ખાતા નથી તોપણ તેઓ પોતાનું ઉચ્ચપદ તપોધનત્વ પ્રાપ્ત કરી નામધારી બ્રાહ્મણોને તે પદનું ગૌરવ દેખાડવા પ્રયાસ કરતા નથી. કેટલાક ગ્રામના તપોધન બ્રાહ્મણો તો પોતાનુ અસલ સ્વરૂપ ભુલી જઇ હલકો ધંધો કરે છે. કેટલાક તપોધન બ્રાહ્મણો અન્ય બ્રાહ્મણોને પોતાની કન્યા પૈસાને માટે આપી તેમને સદાને માટે પોતાથી દૂર કરે છે. અંદર અંદર ઝગડાઓ એટલા વધી ગયા છે કે હર હમેંશા સબળ પક્ષ વાળાઓ દ્વેષની દીવી હાથમાં

લઇ નિર્બળ પક્ષના માણુસોને યથેચ્છા કચડી નાંખે છે. વાસ્તવિક રીતે ન્યાત ભાઇઓ ભેગા થાય ત્યારે પોતાની જ્ઞાતિમાં પોતાના ભાઇઓ કેટલા દુઃખી છે તથા તેમના દુઃખ નિવારણાર્થે શું શું ઉપાયો કરવા જોઇયે તેનો વિચાર કરવાને બદલે આજતો કુતરાં અને બિલાડાં લડે તેમ લડે છે અને જ્યારે પોતાનું ધારેલું થતું નથી ત્યારે પક્ષ બંધાઇ અંદર અંદર તડ પાડે છે અને પારકા તડનું માણુસ કેવી રીતે દુઃખી થાય તથા તે તડ ભાંગી નાંખવા માટે શું ઉપાયો કરવા તેના વિચારમાં પોતાની જીંદગીનો અમુલ્ય સમય વ્યર્થ ગુમાવે છે. અને વેરભાવ એટલે સુધી વધી જાય છે કે ખાવા પીવાનો અને બોલવાનો પણ વ્યવહાર એક મેકને રહેતો નથી. આવાં આવાં અનેક તડો અનેક ગ્રામોમાં જોવામાં આવે છે. પૈસાવાળાઓ પોતાના પૈસાના મદમાં આવી જઇ એક સ્ત્રી હોવા છતાં બીજી બે ત્રણ ઉપર કરે છે અને જુની સ્ત્રીયોને દુઃખસાગરમાં ધકેલે છે એટલુંજ નહિં પરન્તુ પોતાની જીંદગી કુતરાંની જીંદગી જેવી કરી નાંખે છે. ખંભાત તપોધન બ્રાહ્મણ જ્ઞાતિએ આજ કેટલાં-એક વર્ષથી એક ઉપર બીજી સ્ત્રી કરનારને માટે સખ્ત શાસન ઠરાવ્યું છે જેથી તેને ધન્યવાદ ઘટે છે. કેટલાકો તો ગાંજો ચલમ, તમાકુ, બીડીઓ તથા હુકો પીતા માલમ પડે છે. કેટલાકો રેલવેપર પોર્ટરોની નોકરી કરતાં નજરે પડે છે. કેટ-લાકો તો એવી દરિદ્ર હાલતમાં આવી પડેલા છે કે તેઓએ પોતાની કે પારકાની છોકરીઓ પૈસા લઇને વેચી તેમાં પોતાનું ગુજરાન કરવા માંડયું છે., કેટલાક તો છોકરીના લગ્ન કરવાને બહાને પૈસા લઇ જ્યારે લગ્ન કરનાર છોકરો કે ડોસો લગ્ન

કરવા આવે છે ત્યારે પૈસા લીધાનો ઇનકાર કરી તેને પાછો કાઢે છે. આ શિવાય દુઃખદાયક પોકાર તો એ છે કે કેટલા ઝેરીલા દ્વેષી બ્રાહ્મણો કહે છે કે તમે તો તપોધન નહિં પરન્તુ તપોધમ છો. આવી રીતનાં અનેક અવનતિનાં ચિન્હો તપોધન બ્રાહ્મણ સૃષ્ટિમાં માલમ પડે છે. હું એ સર્વને ક્યાં સુધી લખું, લખું તો ઘણું લખાય પરન્તુ તેમ કરતાં મારૂ હૃદય ભરાઇ આવે છે અને મારી કલમ ચાલતી નથી. કલમ મને કહે છે કે લેખક ! ગભરા નહિં, અવનતિનું સ્વરૂપ ટુંકમાં દેખાડયું, હવે આગળ ચાલ. અસ્તુ.

પાઠક ગણ, અવનતિના આવા ઉંડા ખાડામાં પડેલા મનુષ્યો શું કોટી ઉપાયે પણ તેમાંથી નીકળી ઉન્નતિના શિખરે પહોંચવાની આશા નહિં રાખતા હોય ? સંસારમાં આવી પોતાના પાપ કર્મોથી ફેલાવેલી ગંદી હવામાંથી નીકળી સદ્કર્મોથી શુદ્ધ વાયુનો આશ્રય લઇ પરમાત્માની નિર્ભય ગોદમાં બેસવાની ઇચ્છા તપોધન બ્રાહ્મણોને નહિં થતી હોય ? વેદ ભણવાનો તમને અધિકાર નથી અધિકાર નથી એવા જુલમને લીધે ધાર્મીક પ્રકાશનાં અભાવથી ઉત્પન્ન થયેલા અધર્મરૂપી અજ્ઞાનાન્ધકારમય કારાગારમાં સપડાયલા આપણને વેદોપનિષદ્ ઈત્યાદિ ધાર્મીક ગ્રંથોનું અધ્યયન કરી તે કારાગારની અજ્ઞાનરૂપી સાંકળને તોડવાની અપેક્ષા નહિં થતી હોય ! એક તપોધન બ્રાહ્મણ કુળનું બાળક, અરે તે કુળનું નહિં પરન્તુ કોઇપણ બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય કે શુદ્રનું રઝળતું બાળક પણ કહેશે કે મારી જ્ઞાતિ, મારી વર્ણ અવશ્યમેવ ઉંચી પંક્તિમાં આવે અને તે ઉન્નતિમાં આવી સુખ

પ્રાપ્ત કરે તેવી મને હરહમેશ ઈચ્છા થયા કરે છે. પાઠકો, એજ કારણ, એજ ઇચ્છા, આજ મને આગળ બતાવેલી ઋષિ કોમના બ્રાહ્મણોની અવનતિ જોઇ તેની ઉન્નતિ વિષયપર કલમ ઉઠાવવાને પ્રેરણા કરે છે અને આપ વાંચકવૃંદોને મારી ભાંગી તુટી કલમથી લખાયલી બે ચાર લીંટીઓ વાંચવાને આપના કોમળ ચક્ષુઓને તસ્દી આપવા વિનંતિ કરે છે તેને માટે આપ સજ્જનો મને ક્ષમા કરશો. અસ્તુ.

પ્રથમ તો "**તપોધન**" શબ્દ પર આપણે વિચાર કરીશું. તપોધન શબ્દ એ, તપઃ અને ધન એ બે શબ્દોનો બહુવ્રીહી સમાસ છે. **तपः+धन** મળી "**તપોધન**"શબ્દ થયો છે. તેનો અર્થ એ છે કે **तपोधनं येषां ते तपोधनाः** અર્થાત્ તપ એ જેનુ ધન છે તેવા બ્રાહ્મણને તપોધન બ્રાહ્મણ કહેવામાં આવે છે. "**તપોધન**" શબ્દનો પર્યાયવાચી શબ્દ તપોનિધિ છે. સંસ્કૃત ઇંગ્લીશ શબ્દાર્થ કોશમાં પણ તપોધન શબ્દનો અંગ્રેજીમાં Hermit અર્થ કરેલો છે. ઉક્ત અંગ્રેજી શબ્દનો અર્થ પણ એજ છે કે તપ જેનું જીવન છે. આ પરથી તપોધન શબ્દનું કેટલું મહત્વ છે તે સહેલાઈથી સમજાશે. ઉક્ત શબ્દના અર્થ ઉપર વિચાર કરતાં માલમ પડે છે કે તપોધન શબ્દ પદવીસુચક શબ્દ છે; અર્થાત્ જે કોઈ બ્રાહ્મણો, પોતાની જીંદગી, પરમાત્મા પ્રાપ્ત્યર્થ તપ કરવાના ઉપયોગમાં લેતા તેમને **તપોધન બ્રાહ્મણો** કહેવામાં આવતા. પ્રાચીન સમયમાં જે મનુષ્યો જેવાં કર્મો કરતાં હતાં તેવી પદ્વી પ્રાપ્ત કરતા હતા. જેવી રીતે આધુનિક સમયમાં પણ કોઈને વાચસ્પતિ, નિરૂક્તરત્ન,

વેદતીર્થ, કાવ્યતીર્થ, ન્યાયરત્ન, વૈયાકરણાચાર્ય ઇત્યાદિ કહેવામાં આવે છે તેવીજ રીતે પ્રાચીન સમયમાં પણ તપશ્ચર્યા કરનારાઓને તપોધન કહેવામાં આવતા હુતા. તાત્પર્ય એ નીકળે છે કે બ્રાહ્મણત્વ પ્રાપ્ત કર્યા પછી તેના પર એક ઉંચુ પદ તપોધનત્વ પ્રાપ્ત કરવાનું છે જેને માટે પ્રાચીન ઋષિઓ અગાધ પ્રયાસ કરતા હુતા. વળી તપોધન શબ્દ કેટલો મહત્વદર્શક શબ્દ છે તે નિમ્ન લીખીત પુસ્તકોના શ્લોકો પરથી જણાશે.

શ્રીમદ્ભાગવત અ: ૧. શ્લોક ૪૦

इदानीं श्रुणु मद्वार्ता सचिन्तस्त्वं " तपोधन "।
वार्ता मे वितताप्यस्ति तां श्रुत्वा सुखमावह ॥

ભાવાર્થઃ-ભક્તિ નારદને કહે છે કે હે "તપોધન" તમે ચિંતાતુર જણાઓછો. ઈત્યાદિ.

શ્રીમદ્ભાગવત—અ: ૬. શ્લોક ૭૭

श्रवणं सर्वधर्मेभ्यो वरं मन्ये तपोधनाः

નારદ સનત્‌કુમારોને "તપોધન" કહીને બોલાવે છે.

વાલ્મીકિ રામાયણ બા. કાં. ત્રયોવિંશસર્ગ. શ્લોકઃ ૪

कृताह्निकौ महावीर्यौ विश्वामित्रं " तपोधनम् "
अनुजग्मुमहात्मानो विश्वामित्रं तपोधनम् ॥ સ. ૩૧ શ્લો. ૧૮
अथ रामो महातेजा विश्वामित्रं तपोधनम् ॥ શ્લો. ૨૨

અત્ર ઋષિ વિશ્વામિત્રને તપોધન કહ્યા છે.

પાઠકો, વિસ્તાર ભયથી હું અન્ય પ્રમાણો આપતો નથી પરંતુ આટલા પરથીજ મારા સુજ્ઞ વાંચકો સમજી શકશે કે પ્રાચીન સમયમાં નારદ સનત્કુમાર વિશ્વામિત્ર ઇત્યાદિ ઋષિઓએ અથાગ તપકરી તપોધનત્વ પ્રાપ્ત કર્યું હતું. ઉત્તર રામ ચરિત્રના નિમ્ન લીખીત પ્રમાણથી જોઇ શકાશેકે સીતા દેવીએ તપોધન ઋષિઓને સાષ્ટ્રાંગ નમસ્કાર કર્યા છે.

यथा–नमस्तपोधनेभ्यो नमोरघुकुलदेवताभ्यो इत्यादि

કાદમ્બરીમાં તો કહે છે કે તપોધન જાતિ એવી જાતિ છે કે તેની પૂજા દરેક જાતિએ કરવી જોઇએ. યથા. પા. ૫૬.

अशेषजनपूजनीया चेयं जातिरिति कृत्वा तद्वदना

कृष्टदृष्टि प्रसरमस्मै प्रणाममकरवम् ॥

પરંતુ આજતો તેની પૂજા કરવાને બદલે તે જાતિને ધિક્કારની નજરથી જોવામાં આવે છે અને ભ્રષ્ટ કહેવામાં આવે છે. તેનું કારણ એજ છે કે તપોધન બ્રાહ્મણોએ પોતે વિદ્યાભ્યાસ કરવાનું છોડી દીધું, શાસ્ત્ર વિહિત કર્મોને તિલાંજલી આપી અને નહિં કરવાનાં કર્મો કીધાં. નામધારી બ્રાહ્મણોએ કહ્યું કે તમને વેદાધ્યયન અને વેદોક્ત કર્મ કરવાનો અધિકાર નથી તે સાંભળીને નિશ્ચિન્ત થઇને બેઠા. આ મારા કથન પર શંકા કરવામાં આવશે કે શું તપોધન બ્રાહ્મણોને વેદોક્ત કર્મ કરવા કરાવવાનો અધિકાર છે ? ઉત્તરઃ–હા. પ્રથમતો વેદ શું વસ્તુ છે તે ઉપર પરમાત્મા તરફથી આપણને આપવામાં આવેલી બુદ્ધિથી વિચાર કરીયે. વિદ્ ધાતુ ઉપરથી વેદ શબ્દ થયો છે. તેના ચાર અર્થ છે.

विद् ज्ञाने, विद् सत्तायाम्, विद् विचारणे અને
विद्लृ लाभे.

વેદ શબ્દ આ ચાર ધાતુઓથી બનેલો છે અને તેનું નિર્વાચન એ છે કે

विदन्ति जानान्ति सर्वा विद्या धर्मक्रिया वा यैर्येषु
वाते वेदाः ।

विद्यन्ते कर्तव्याऽकर्तव्योपदेशा यत्र स वेदः ।

विन्दते विचारयन्ति सत्याऽसत्ये ब्रह्म वा येन स वेदः।

विन्दन्ति लभन्ते सुखमानन्दं येन यस्मिन् वा स वेदः॥

અર્થાત્ સર્વ વિદ્યા વા ધર્મ કર્મો જેનાથી જાણવામાં આવે છે, કર્તવ્ય અને ત્યાજ્ય કર્મોનો ઉપદેશ જેમાં વિદ્યમાન હોય, સત્યાસત્ય વા બ્રહ્મનો જેનાથી વિચાર થઇ શકે અને સુખ વા આનન્દ જેનાથી પ્રાપ્ત કરી શકાય તે બદ્ધ યુક્ત મંત્ર સ્વરૂપ વાકયાવળી સહિત પુસ્તકાકાર વેદ કહેવામાં આવે છે. સંક્ષેપમાં વેદનો સરલ અર્થ જ્ઞાન છે. તે જ્ઞાન કોનું? જીવનું કે પરમેશ્વરનું? જો જીવનું કહીયે, તો તો તે ઠીક ના કહેવાય; કારણ કે જીવનું જ્ઞાન ભ્રાન્ત છે. જીવ કરવાનાં કામ પણ કરે છે અને નહિં કરવાનાં પણ કર્મો કરે છે માટે જીવનું જ્ઞાન અલ્પજ્ઞાન છે. અલ્પજ્ઞાનનો આશ્રય લેવાથી કોઇને અગાધ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. અગાધ જ્ઞાન તો અગાધ સામર્થ્યવાળા પરમાત્માનામાં હોઇ શકે. હોઈ શકે શું? છે. બસ, તેજ જ્ઞાનને વેદ કહેવામાં

આવે છે. તો પછી તેવા જ્ઞાનનો આશ્રય લેવાની કોને ઇચ્છા થતી નહિં હોય ? મારે ઉત્તરમાં એમ કહેવું પડશે કે તેવી ઇચ્છા દરેકને થવી જાઇએ અને જેને તેવી ઇચ્છા ના થાય તે નાસ્તિક અને નર્કગામી કહેવાય. મનુ ભગવાન્ કહે છે કે नास्तिको वेद निन्दकः અર્થાત્ વેદની નિંદા કરનાર નાસ્તિક છે. આ પરથી જણાશે કે દરેક મનુષ્યને પરમાત્માના જ્ઞાનવેદનો આશ્રય લેવાનો અધિકાર છે. પરમાત્માના બનાવેલા સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, તારા, વર્ષા, ઝાડ, પાલવ ઇત્યાદિનો આશ્રય સંસારના દરેક મનુષ્ય એક સરખી રીતે લેછે તેવીજ રીતે વેદનો પણ આશ્રય લેવાનો દરેકને અધિકાર છે. હું હિંમત કરી એટલે સુધી કહીશ કે સંસારના યુરોપ અમેરિકા ઇત્યાદિ દરેક દેશસ્થ લોકો જેટલાં સારા કર્મો કરે છે તે ઇશ્વરી જ્ઞાનનોજ પ્રતાપછે કારણ કે મનુષ્ય જ્યારે જન્મે છે ત્યારે તેનામાં કોઇ વિશેષ જ્ઞાન હોતું નથી, પરંતુ માતાપિતા અને સંસારના મનુષ્યોના સમાગમમાં જેમ જેમ આવતો જાય છે તેમ તેમ તેને જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેવીજ રીતે સંસારની આદિમાં ઇશ્વરી જ્ઞાન જેને વેદ કહેવામાં આવે છે તેનાથીજ ઋષિઓએ જ્ઞાન પ્રાપ્ત કર્યું અને સંસારમાં તેનો ફેલાવો કર્યો અને તેના આશ્રયથી મનુષ્યોએ સારૂં નરસું જાણ્યું. હું વેદ વિષયમાં લંબાણથી વિવેચન કરૂં પરંતુ વિસ્તાર ભયથી અત્ર સારાંશ ખેંચીશ કે દુનિયાના કોઈ પણ માણસને વેદનો આશ્રય લીધા શિવાય છુટકો નથી. હવે, વેદમાં બતાવેલા કર્મોને વેદોક્ત કર્મ કહેવામાં આવે છે. જ્યારે વેદનો આશ્રય લેવાનો દરેકને અધિકાર છે ત્યારે તેમાં દર્શાવેલા કર્મો (વેદોક્ત કર્મો) કરવાનો દરેકને અધિકાર છે અને તેજ ન્યાય પ્રમાણે તપોધન બ્રાહ્મણને પણ વેદોક્ત કર્મ કર-

વાનો અધિકાર છે. કોઇ કહેશે કે તમે તો આ મોઢાની યુકિતઓ બતાવી પરંતુ કોઇ વેદનું પ્રમાણ બતાવો કે જેમાં તપોધન બ્રાહ્મણોને વેદનો અધિકાર છે એવું જણાવ્યું હોય.

ઉત્તર-વેદમાં મનુષ્ય જાતિની ચાર વર્ણ બતાવી છે. કોઇ કહેશે કે તમે જાતિની વર્ણ બતાવી છે એમ કેમ કહોછો ? શું જાતિ અને વર્ણમાં ભેદ છે ? ઊત્તર એ છે કે મનુષ્ય, ઘોડો, ભેંશ, બળદ ઈત્યાદિ જાતિ કહેવાય અને મનુષ્યોમાં બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય અને શુદ્ર નામના જે ચાર વિભાગ છે તેને વર્ણ કહેવામાં આવે છે અર્થાત્ જે મનુષ્ય જેવાં કર્મો કરે તેવી વર્ણથી તે ઓળખાય છે. શ્રીમદ્દ્ભાગવતમાં લખ્યું છે કે-

यस्य यल्लक्षणम्प्रोक्तं पुंसो वर्णाभिव्यञ्जकम् ।
यदन्यत्रापि दृश्येत तत्तेनैव विनिर्दिशेत् ॥

અર્થાત્ જે મનુષ્યમાં જેવા ગુણો હોય છે તેવા ગુણોવાળા વર્ણનો તે કહેવાય છે.

વળી મહાભારત વનપર્વ અ. ૧૮૦ માં લખ્યું છે કે-

सर्प उवाच

ब्राह्मणः को भवेद्राजन्! वेद्यं किंच युधिष्ठिर । શ્લોક. ૨૦

ભાવાર્થ: હે યુધિષ્ઠિર ! બ્રાહ્મણ કોને કહે છે ? જગત્‌માં કઇ વસ્તુ જાણવા યોગ્ય છે ?

युधिष्ठिर उवाच

सत्यं दानं क्षमा शीलमानृशंस्यं तपो घृणा ।

दृश्यन्ते यत्र नागेन्द्र स ब्राह्मण इतिस्मृतः ॥ લોક. २१

ભાવાર્થઃ હે! નાગેન્દ્ર! જેમાં સત્ય, દાન, ક્ષમા, શીલ, લજ્જા, તપ અને ઘૃણા હોય તેને બ્રાહ્મણ કહેવામાં આવે છે. હવે જ્યારે ચાર વર્ણમાંથી બ્રાહ્મણ વર્ણ તપોધનત્વ પ્રાપ્ત કરે ત્યારે તપોધન બ્રાહ્મણ વર્ણ કહેવાય. જ્યારે આ પ્રમાણે છે ત્યારે પછી ખાસ તપોધન બ્રાહ્મણોને વેદાધિકાર વિષયમાં વેદમાં વા અન્યત્ર વિવેચન આવવું તે અસંભવીત છે. હાલ બ્રાહ્મણોના ચોરયાશી વિભાગ છે તેમાંના કોઇને માટે પણ ખાસ વેદમાં લખવામાં આવ્યું નથી પરંતુ ઉપર દર્શાવેલી ચાર વર્ણોના વિષયમાં વેદમાં વિવેચન છે. યજુર્વેદ. અ. २६. મં. १

ॐ यथेमां वाचं कल्याणीमावदानि जनेभ्यः ।

ब्रह्मराजन्याभ्यां ँ शूद्राय चार्याय च स्वाय चारणाय ॥

ભાવાર્થઃ હે મનુષ્યો! હું ઇશ્વર (**यथा**) જેવી રીતે (**ब्रह्मराजन्याभ्याम्**) બ્રાહ્મણ ક્ષત્રિય (**अर्याय**) વૈશ્ય (**शुद्राय**) શુદ્ર (**च**) અને (**स्वाय**) પોતાની સ્ત્રી સેવક આદિ (**च**) અને (**अरणाय**) ઉત્તમ લક્ષણ યુક્ત અન્ત્યજને માટે (**च**) પણ (**जनेभ्यः**) ઉપરોકત સર્વ મનુષ્યોને માટે (**इह**) આ સંસારમાં (**इमाम्**) આ પ્રગટ થયલી (**कल्याणीम्**) કલ્યાણ કરવા વાળી (**वाचम्**) ચારે વેદરૂપ વાણી (**आवदानि**) ઉપદેશ કરૂં છું.

અર્થાત્ વેદ ભગવાન્ કહે છે કે ચારે વેદ રૂપ વાણીનો સર્વ મનુષ્યોના કલ્યાણાર્થ મેં ઉપદેશ કર્યો છે. આ પરથી સ્પષ્ટ જણાશે કે પરમાત્માતો પોતાના જ્ઞાનનો લાભ લેવા દરેક જનને આજ્ઞા કરે છે પરંતુ આજ કાલના પેટ ભરા લોકો જેનો નિર્વાહુ કેવળ લોકોને પોતાની નામ માત્રની ઉંચાઇ દેખાડી ઠગવામાં છે તેજ લોકોની ઉકિત છે કે તપોધન બ્રાહ્મણોને વેદોકત કર્મ કરવા કરાવવાનો અધિકાર નથી. તેવા હઠી માણુસને જ્યારે પ્રશ્ન પુછીશું કે ભાઇ, જ્યારે તપોધન બ્રાહ્મણોને વેદોક્ત કર્મ કરવાનો અધિકાર નથી ત્યારે કયા કર્મ કરવાનો અધિકાર છે? ત્યારે તેઓ ઉત્તર દેછે કે તેમને તો પુરાણોક્ત કર્મ કરવાનો અધિકાર છે. હવે પ્રશ્ન એ છે કે મહાશયજી પુરાણોક્ત કર્મ વેદાનુકુલ છે વા તત્ પ્રતિકુલ છે? યદિ ઉત્તર એમ મળે કે પુરાણોકત કર્મ વેદ પ્રતિકુલ છે તો ઉકત કર્મ કરવાનો કોઇ હિંદુ વા આર્યને અધિકાર નથી કારણ કે મનુ મહારાજ મનુ સ્મૃતિના અધ્યાય ૧૨ શ્લો. ૯૫-૯૬ માં કહે છે કે-

या वेदबाह्याः स्मृतयो याश्च काश्च कुदृष्टयः ।
सर्वास्ता निष्फलाः प्रेत्य तमोनिष्ठाहि ताः स्मृताः ॥
उत्पद्यन्ते च्यवन्तेच यान्यतोऽन्यानि कानिचित् ।
तान्यर्वाक्कालिकतया निष्फलान्यनृतानिच ॥

અર્થાત્ જે જે સ્મૃતિઓ અને દર્શનો વેદથી વિરૂદ્ધ છે તે સર્વ લોકને માટે વ્યર્થ છે કારણ કે તે થાય છે અને નાશ

પામે છે. તે અધોગતિના સમયના વિચાર હોવાથી મિથ્યા છે અને કોઈ પણ ફળ આપવા વાળા નથી.

પાઠક ગણ, આપરથી સ્પષ્ટ રીતે જણાશે કે જે વેદ વિરૂદ્ધ કર્મ છે તે દરેકને ગ્રાહ્મ નથી. યદિ પુરાણોકત કર્મ વેદ પ્રતિકુલ છે તો પછી બીજાને વેદ પ્રતિકુલ પુરાણોકત કર્મ કરવાનો અધિકાર છે એમ કહેવું તે તેમને ઠગવા બરાબર છે એટલુંજ નહિં પરંચ મહાન્‌પાપ છે હવે, યદિ પુરાણોકત કર્મ વેદાનુકુલ છે તો જયારે એક માણસને વેદાનુકુલ પુરાણોકત કર્મ કરવાનો અધિકાર છે તો પછી વેદોક્ત કર્મ કરવાનો અધિકાર હોય એમાં આશ્ચર્યજનક કાંઇ પણ નથી. મારી મતિ પ્રમાણે જે લોકો અધિકાર નથી અધિકાર નથી એમ વદે છે તેમને અધિકાર શબ્દનો શું અર્થ છે તે વિદિત નથી. અધિકાર શબ્દના અર્થ બે છે. એક તો અધિકાર એટલે સ્વત્વ અર્થાત્ હક અને બીજો અર્થ અધિકાર એટલે યોગ્યતા. એક મનુષ્ય આવી કોઇ મહાત્માને એમ કહે કે મહારાજ ! મને પરમાત્મા પ્રાપ્તિની ઇચ્છા છે માટે જલદી કરાવો; ત્યારે તે મહાત્મા તે જીજ્ઞાસુને પ્રશ્ન પુછે છે ભાઇ, તમે યોગ દર્શનમાં પતંજલિ મુનિએ જે પાંચ યમ અને પાંચ નિયમ પાલન કરવાના કહ્યા છે તે જાણો છો ? તે મનુષ્યએ ઉત્તર દીધો કે ના મહારાજ. મહારાજે કહ્યું કે ભાઇ ! જાઓ, હજુ તમે પરમાત્મા પ્રાપ્તિના અધિકારી થયા નથી. આ ઠેકાણે અધિકાર શબ્દનો અર્થ યોગ્યતા છે. આ પ્રમાણે યદિ તપોધન બ્રાહ્મણો અજ્ઞાન હોય અને તેઓ અધ્યયન ન કરી શકતા હોય તો તેઓ શુદ્ર કહેવાય અને તેમને વેદોક્ત કર્મ કરવાનો અધિકાર અર્થાત્ યોગ્યતા ન હોય પરંતુ આ ન્યાય તો

ઉંચામાં ઉંચા ગણાતાં બ્રાહ્મણો કે જેઓ પોતાનેજ વેદાધિકાર છે એમ માને છે તેઓને પણ લાગુ પડશે; કારણ કે તેમનામાં પણ એવા વિદ્વાન્ બ્રાહ્મણો છે કે તેઓ કાળા અક્ષરોને ભેંશ બરાબર જાણે છે, સંધ્યા શું અને અગ્નિહોત્ર શું તે તો તેઓ જાણતાજ ન હોય તો કરતા તો કયાંથીજ હોય? સંધ્યા તો પુરી ના આવડે પરંતુ ગાયત્રી મંત્ર તો આવડે. પરંતુ તેઓ જાણતા પણ નથી કે ગાયત્રી કહે છે કોને? કેટલાક તો વાણિયા તથા ક્ષત્રિયોને ઘેર રાંધવાનો ધંધો કરે છે એટલુંજ નહિં પરંતુ શુદ્રની માફક તેમના પોટલાં ઉચકવા તથા છોકરાં રમાડવાનાં કામ કરે છે. સ્ટેશનોપર મજુરની માફક બામણીઆ પાણી વેચવાનો ધંધો કરે છે. કન્યા વિક્રય કરે છે. તેમના કર્મોને અંગે તેઓ પણ શુદ્ર કહેવાય તો પછી તેમને પણ વેદોક્ત કર્મ કરવા કરાવવાનો અધિકાર શામાટે હાવો જોઇએ? મારીમતિ પ્રમાણે તો તેઓને પણ તેમ કરવાનો અધિકાર નજ હોવો જોઇએ. પરંતુ આજ તો "આપકી તો લાપસી અને પરાઈ તો કુસ્કી" એવી ગતિ છે. આવો ન્યાય પરમાત્માના ન્યાયી દરબારમાં ચાલી શકે તેમ નથી. જરા આપણે પરમાત્માની આપેલી બુદ્ધિથી સૂક્ષ્મ રીતે વિચાર કરીયે તો માલમ પડશે કે આ મનુષ્ય યોનજ પરમાત્મા પ્રાપ્ત કરવાની યોનિ છે અને તેટલાજ માટે તેને શ્રેષ્ટ યોનિ માની છે. યદિ મનુષ્ય યોનિમાં પરમાત્મા પ્રાપ્ત કરવાને માટે મનુષ્ય પ્રયાસ ના કરે તો તેનો જન્મ વૃથા છે; ઇશ્વર પ્રાપ્તિ વૈદિક કર્મો કરવાથી થાય છે અર્થાત્ વેદ જે ઈશ્વરી જ્ઞાન છે તેની અંદર દર્શાવેલા કર્મો કરવાથી તેની પ્રાપ્તિ થાય છે. શ્રીમદ્‌ભાગવત. સ્ક. ૧૧ અ. ૩. શ્લો ૪૬ માં સ્પષ્ટ લખ્યું છે કે—

वेदोक्तमेव कुर्वाणो निस्संगोऽर्पितमीश्वरे ।

नैष्कर्म्यां लभते सिद्धिं रोचनार्था फलश्रुतिः ॥

અર્થાત્ વેદોક્ત કર્મ કરવાથી મોક્ષ થાય છે ઇત્યાદિ. યદિ આ પ્રમાણે છે તો પછી શું તપોધન બ્રાહ્મણોએ પોતાને મળેલી મનુષ્ય યોનિ વૃથા ગુમાવવી? નહિં. નહિં. હું છાતી ઠોકીને કહીશ કે લોકોના ભ્રમાવવાથી ભ્રમી ન જઈ તેઓએ વૈદિક કર્મો કરી પોતાના જન્મની સાર્થકતા કરવી જોઇએ. વેદના અનધ્યયનથી અને તદનુસાર કર્મ ન કરવાથી મનુષ્ય શુદ્રત્વને પ્રાપ્ત કરે છે. મનુભગવાન કહે છે કે.

योनधीत्य वेदमन्यत्र कुरुते श्रमम् ।

स जीवन्नेव शुद्रत्वमाशु गच्छति सान्वयः ॥

અર્થાત્ જે મનુષ્ય વેદાધ્યયન ન કરતાં અન્યત્ર શ્રમ કરે છે તે શુદ્રત્વને પ્રાપ્ત કરે છે. આ પરથી સ્પષ્ટ રીતે જણાશે કે યદિ તપોધન બ્રાહ્મણો વેદાધ્યયન ન કરી વેદોક્ત કર્મ ન કરે કરાવે તો શુદ્રત્વને પ્રાપ્ત થાય. અતએવ સારાંશ એ નીકળે છે કે તપોધન બ્રાહ્મણોને વેદોકત કર્મ કરવા કરાવવાનો અધિકાર છે.

હવે પ્રશ્ન એ થાય છે કે અધિકાર કોને નથી કે જે ઠેકાણે અધિકાર શબ્દનો અર્થ સ્વત્વ થાય છે અને તેથી વેદનો અનધિકાર સિધ્ધ થાય છે તે દર્શાવો.

ઉત્તર. પશુ પંખીઓને વેદનો અધિકાર નથી. અત્ર અધિકાર શબ્દનો અર્થ સ્વત્વ થાય છે. મનુષ્યોમાં જે શકિત છે તે

પશુ પંખીઓમાં નથી અને તે કારણને લીધે મનુષ્ય યોનિ શ્રેષ્ટ કહેવાય છે. મનુષ્ય પોતાની એક વિશેષ શકિત વડે પ્રાણી માત્રને કાબુમાં રાખી શકે છે. તે શકિત બીજી કોઈ નહિં પરંતુ બુદ્ધિ છે. સારૂં શું અને નરસું શું છે તે જાણવાની તથા તે પર વિચાર કરવાની તાકાતને બુદ્ધિ કહેવામાં આવે છે. તેને અંગ્રેજીમાં થીન્કીંગ પાવર (Thinking Power) કહેવામાં આવે છે. તેને પ્રજ્ઞા તથા ધી પણ કહેવામાં આવે છે. આ વસ્તુ જેનામાં ન હોય તે મનુષ્ય નથી પરંતુ પશુ છે. નીતિકાર કહે છે કે—

आहार निद्रा भय मैथुनं च । सामान्यमेतत् पशुभिर्नराणाम् ।
विवेको हि तेषामधिको विशेषो, विवेकहीनाः पशुभिस्समानाः ॥

ભાવાર્થ. આહાર એટલે ખાવું, નિદ્રા એટલે સુવું, ભય અને મૈથુન એ મનુષ્યોમાં અને પ્રાણીઓમાં સરખાં છે કારણ કે મનુષ્યને જેવી રીતે ખાવા સુવા ઈત્યાદિ જોઇએ છીએ તેવીજ રીતે પશુઓને પણ જોઇએ છીએ પરંતુ મનુષ્યોમાં વિવેક અર્થાત્ સારૂં નરસુ જાણવાની બુદ્ધિ વિશેષ છે અને જે મનુષ્યમાં તે ન હોય તે મનુષ્ય પશુ સમાન છે. આ પરથી જણાય છે કે મનુષ્યોમાં બુદ્ધિની વિશેષતા છે અને જેનામાં તે ન હોય તેને અને પશુઓને વેદનો અધિકાર નથી એ વાત ન્યાયાનુકુલ કહેવાય અર્થાત્ જેનામાં વેદાભ્યાસ અને તદનુકુલ કર્મો કરવાની બુદ્ધિજ નથી તો પછી તેમને વેદનો અધિકાર શાનોજ હોય. આ વાતતો બ્રાહ્મણોને, તપોધન બ્રાહ્મણોને અને અન્ય વર્ણોને એકસરખી રીતે લાગુ પડે છે, નહિં કે એકલા તપોધન બ્રહ્મણોને. તપોધન બ્રાહ્મણો તો

બ્રાહ્મણો છે અને બ્રાહ્મણ કોમનો ઉચ્ચ વિભાગ છે તેથી તેમને વેદોક્ત કર્મ કરવાનો અધિકાર હોય તેમાં શું નવાઇ? પરંતુ શાસ્ત્રકારતો ક્ષત્રિ અને વૈશ્યને પણ વેદોક્ત કર્મ કરવાનો અધિકાર આપે છે. મનુભગવાન મનુસ્મૃતિ અ० ૧ શ્લો. ૮૮ માં કહે છે.

अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहं चैव ब्राह्मणानामकल्पयत् ॥

અર્થાત્ પૂર્ણ વિદ્યા ભણવી તથા ભણાવવી, યજ્ઞ કરવો તથા કરાવવો, દાન લેવું તથા આપવું એ બ્રાહ્મણોના ધર્મ છે.

प्रजानां रक्षणं दानमिज्याध्ययनमेव च ।
विषयेष्व प्रसक्तिश्च क्षत्रियस्य समासतः શ્લોક. ૮૯

અર્થાત્ પ્રજાનું રક્ષણ, સુપાત્રોને દાન, દીર્ઘ બ્રહ્મચર્ય ધારણ કરી વેદાદિ શાસ્ત્રાભ્યાસ, અગ્નિહોત્રાદિ કર્મો કરવા એ ક્ષત્રિઓના ધર્મ છે.

पशूनां रक्षणं दानमिज्याध्ययनमेव च ।
वणिक्पथं कुसीदं च वैश्यस्य कृषिमेव च ॥ શ્લોક. ૯૦

અર્થાત્ પશુઓનું રક્ષણ, દાન આપવું, યજ્ઞ કરવો તથા વેદાદિ શાસ્ત્રનો અભ્યાસ કરવો ઇત્યાદિ વૈશ્યના ધર્મ છે.

આ પરથી જણાશે કે બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય એ ત્રણે વર્ણને વેદાધિકાર છે. કાંઇ કાંઇ શાસ્ત્રોમાં ચારે વર્ણોને વેદાધિકાર માલમ પડે છે.

फलार्थत्वात्कर्मणः शास्त्रं सर्वाधिकारं स्यात्॥पू. मी. अ. ६ पा. १

અર્થાત્ કર્મફળની સર્વને ઇચ્છા હોવાથી મનુષ્ય માત્રને શાસ્ત્રાધિકાર છે.

વળી **कर्तुर्वा श्रुति संयोगाद्विधिः कात्स्न्येंन गम्यते ॥**

पू. मी. अ. ६ पा. १

અર્થાત્ વેદાધ્યયન યજ્ઞાદિ કર્મ કરવામાં જે સમર્થ હોય તેને શ્રુતિ અર્થાત્ વેદ સંયોગથી કર્મ કરવાનો સર્વથા અધિકારછે.

આગળ **श्रावयेच्चतुरो वर्णान् कृत्वा ब्राह्मणमग्रतः ।**

वेदस्याध्ययनं हीदं तच्च कार्यं महत्स्मृतम् ॥

भा. शा. प अ. ३२९

મહાભારત શા. પર્વમાં વેદ વ્યાસ જૈમિનિ આદિ પોતાના શિષ્યોને ઉપદેશ કરે છે કે હે શિષ્યો ! તમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચારે વર્ણોને ક્રમશઃ વેદનો ઉપદેશ કરો કારણ કે વેદનું અધ્યયન કરવું તે મનુષ્યનું મુખ્ય કર્મ છે. આવાં આવાં શાસ્ત્રોમાં શતશઃ પ્રમાણો છે જે પરથી વેદનુ અધ્યયન કરવું મુખ્ય સમજાય છે તોપછી તપોધન બ્રાહ્મણોને તેથી વિમુખ રાખવાનું કાંઇ પણ કારણ પ્રતીત થતું નથી. હા, જે લોકો મૂર્ખાનંદ હઠી અને ભારતવર્ષની પ્રજાને અધોગતિમાં લાવનાર છે તેમને તો મારૂ આ કથન રૂચિકર નહિં થાય પરંતુ તેવા સજ્જનોને હું નિવેદન કરીશ કે તેઓ યદિ હઠ છોડીને

શાસ્ત્રનો અભ્યાસ કરશે તો તેમને વિદિત થશે કે જે હું કહી રહ્યો છું તે સત્ય છે કારણ કે પરમાત્મા જેણે આ સકળ સૃષ્ટિ મનુષ્યોના ઉપયોગને માટે બનાવી છે તે પક્ષપાતી નથી, તે હઠી નથી, તે અજ્ઞાની નથી અને તેને પોતાની પ્રજાને અજ્ઞાનના અંધકારમાં રાખી ખોટું ખોટું બતાવી તેમને ધૂતવા નથી કે તે કેવળ અમુક માણસને પોતાની વિદ્યાનો ઉપયોગ કરવાનો અધિકાર આપે અને અમુક માણસને ન આપે.

પ્રશ્ન. ભાઈ સાહેબ, તમે લેખક તપોધન છો તેથી તમારા જ્ઞાતિભાઈઓને માટે આટલું બધું ખેંચો છો પરંતુ વાસ્તવિક રીતે જોતાં તમે તપોધન નથી પરંતુ તપોધમ છો અને તેટલાજ માટે તપોધમને વેદાધિકાર નથી. તમે જે અત્યાર સુધી તપોધન શબ્દ કહી રહ્યા છો તે તમારી જાતિને નીચી છે છતાં ઉંચી દેખાડવાને માટે કહી રહ્યા છો નહિં તો શિવપુરાણમાં દેખાડયા પ્રમાણે તો આપ તથા આપની જાતિને તપોધમજ કહેવામાં આવે છે.

ઉત્તર. તમારા કહેવા પ્રમાણે તપોધમ શબ્દ લઈને પણ જરા અક્કલથી વિચારીશું તો પણ હું જે કહું છું તેજ સત્ય ઠરશે. તપોધમ શબ્દજ પ્રથમ તો સંસ્કૃત સાહિત્યમાં કોઇકજ ઠેકાણે વપરાયલો જણાય છે; તે પરથી પણ જણાય છે કે તપોધમ શબ્દ નહિં પરંતુ તપોધનજ શબ્દ ઠીક છે. યદિ આપ કહેશો કે આ દલીલ તમારી નબળી છે કારણ કે સંસ્કૃત સાહિત્યમાં કોઇકજ ઠેકાણે તપોધમ શબ્દ વપરાયો છે તેથી તમારે માટે ના વપરાય એમ સિદ્ધ થતું નથી તેના ઉત્તરમાં જણાવી

શકે **તપઃ + અધમ** એ બે શબ્દો મળીને તપોધમ શબ્દ થયો છે. **तपसि अधमः स तपोधमः** અર્થાત્ તપથી ભ્રષ્ટ થયો તે તપોધમ. હવે જ્યારે પ્રથમ તપસ્વિ, તાપસ કે તપોધન હતા તો તપમાંથી ભ્રષ્ટ થયા કે તપસ્વિ નહોતા અને તપમાંથી ભ્રષ્ટ થયા? તપસ્વિ નહોતા તો તપમાંથી ભ્રષ્ટ થવું શું? અગર તપસ્વિ હતા અને પછી તપમાંથી ભ્રષ્ટ થયા તેથી તપોધમ થયા તો તેમાંથી તાત્પર્ય એ નીકળે છે કે મૂળ ઉત્પત્તિમાં તો તપોધન અને જે તપમાંથી ભ્રષ્ટ થયા તે તપોધમ. જેવી રીતે કે એક શંભુદત્ત કરીને ગૃહસ્થ ધની હતો પરંતુ કાળે કરીને તેનો છોકરો દેવદત્ત નિર્ધન થઇ ગયો તો લોક વાકય એ થશે કે દેવદત્તના બાપ દાદા તો પૈસાવાળા હતા પરંતુ તે પોતે નિર્ધન થઇ ગયો. આથી સિદ્ધ એ થાય છે કે ઉક્ત જાતિ તપોધમ ન કહેવાય પરંતુ તપોધનજ કહેવાય. હમેંશા જાતિના ઉત્પાદક ઉપરથી જાતિનું નામ પડે છે તો મૂળ તો તપોધન અને જે જે ભ્રષ્ટ થયા તે તપોધમ; અતએવ ઉક્ત જાતિનું નામ તો તપોધન બ્રાહ્મણ કહેવાય. વિશેષ ખાત્રીને માટે આધુનિક સમયના વિદ્વાન્ લેખક સ્વર્ગવાસી સાક્ષર ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી જેમણે સરસ્વતિચંદ્ર નામક ગ્રંથ લખ્યો છે તેના પ્રથમ ભાગના પાંચમા પાના ઉપર રાજેશ્વર મહાદેવના વિષયમાં વર્ણન કરતાં જે કાંઇ લખ્યું છે તે તરફ પાઠકોનું લક્ષ ખેંચું છું.

"પૂજારી ત્રીશ પાંત્રીશની વયનો એક તપોધન હતો"

વળી પા. ૬

" મહાદેવના પ્રસાદથી આંખનાં પોપચાં પવિત્ર કરી તરૂણ બોલ્યો મારૂ નામ નવીનચંદ્ર છે. હું બ્રાહ્મણ છું. અત્યારેજ બંદર ઉપરથી ઉતરી ચાલ્યો આવું છું. આ ધર્મશાળામાં થોડા દિવસ ઉતારો રાખવો છે. તેમાં તમારી મદદની જરૂર પડશે. મ્હારી રસોઈ તમારી ભેગી કરી નાંખશો તો મને બાધ નથી. બાધ નથી સાંભળી તપોધન આશ્ચર્યમાં પડયો એટલે નવીનચંદ્રે ઉમરમાં એક રૂપીયો નાંખ્યો. પત્થર ઉપર રૂપિયાના શબ્દે તપોધનનું મન વશ કર્યું."

આ લખાણ પરથી એમ સ્પષ્ટ જણાશે કે આજકાલ બ્રાહ્મણો તપોધન બ્રાહ્મણોની સાથે ખાધા પીધાનો વ્યવહાર નથી રાખતા તે તેમની હઠ છે અને નિરર્થક અભિમાન છે. નવીનચંદ્ર (સરસ્વતિચંદ્ર) બ્રાહ્મણ હતો અને તપોધનને તેના હાથની રાંધેલી રસોઇ ખાવાનું કહ્યું તે બતાવી આપે છે કે બ્રાહ્મણો તપોધન બ્રાહ્મણોથી ઉંચા નથી.

પા. ૨૧. " તપોધનને આ માર્ગે ઉપજમાં વધારો થતો "

પા. ૭૨. આગળ તપોધન દોડયો અને પાછળ અમાત્યે ચાલવા માંડયું.

પા. ૮૦. બુદ્ધિધને ચોપડી હાથમાં લીધી અને નવીનચંદ્રને વાડામાં બોલાવવા કહ્યું. તપોધન દોડયો.

ઉપરના પ્રમાણોથી પણ મારા કથનનેજ પુષ્ટિ મળે છે. હવે શિવપુરાણની વાતપર વિચાર કરીશું. શિવપુરાણમાં તપોધન બ્રાહ્મણોના વિષયમાં શું કહેવામાં આવ્યું છે તે જરા આપણે તપાસીશું.

હું શિવપુરાણના ૪૪ મા અધ્યાયના કથનપર મારો વિચાર દર્શાવું છું પરંતુ તેમ કરતાં પહેલાં હું એક વાત જણાવવાની રજા લઇશ કે પુરાણોના સિદ્ધાન્તોમાં અનવસ્થા છે અર્થાત્ દરેક લોકોએ, પોતાનો મત સિદ્ધ કરવાને માટે અંદર પોતાના વિચારો ઘુસાડયા છે અને કેટલેક સ્થળે તો તેમાં સૃષ્ટિક્રમ વિરૂદ્ધ વાતો લખી છે જેથી તેના આધારપર વૈદિક મતની સિદ્ધિ થઇ શકતી નથી, જયારે અત્ર પૃષ્ટવ્ય છે કે શું તપોધન બ્રાહ્મણોને વેદોક્ત કર્મ કરવાનો અધિકાર છે? આ વિષય ઉપર વિચાર કરવાને આધુનિક પુરાણોનો આશ્રય ઉચિત નથી. વૈદિક વિષયને સિદ્ધ કરવાને વેદ અને તદનુકુલ ગ્રંથોના પ્રમાણોની આવશ્યકતા છે. વ્યાસ સ્મૃતિ અ. ૧. શ્લોક ૪ માં લખ્યું છે કે–

श्रुतिस्मृतिपुराणानां विरोधो यत्र दृश्यते ।
तत्र श्रौतं प्रमाणं तु तयोर्द्वैधे स्मृतिर्वरा ॥

અર્થાત્ ધર્મમાર્ગમાં જ્યાં શ્રુતિ, સ્મૃતિ, પુરાણોમાં વિરોધ માલમ પડે ત્યાં શ્રુતિ અર્થાત્ વેદ સ્વંતઃ પ્રમાણ હોવાથી તેને માનવી ઇત્યાદિ.

આ પરથી જણાશે કે ધર્મમાર્ગ નિર્ણયાર્થ વેદ અને તદનુકુલ ગ્રંથોના પ્રમાણોની આવશ્યક્તા છે.

પ્રશ્નઃ શું ત્યારે તમે પુરાણોનું ખંડન કરો છો?

ઉત્તરઃ હું પુરાણોનું ખંડન નથી કરતો પરંતુ તેની અંદર દર્શાવેલી અયુકત વાતોનું ખંડન કરૂં છું:

પ્રશ્ન: તમને તેમ કરવાનો શું અધિકાર છે ?

ઉત્તર: જે શાસ્ત્રીઓએ પુરાણોનાં ભાષ્ય કર્યાં છે તે જણાવે છે કે પુરાણોમાં પાછળથી દ્વેષી લોકોએ કેટલીક વાતો ગુસાડી છે તે પ્રક્ષિપ્ત છે અને તેમના તેવા કથનના આધારે આ મારૂં લખવું છે.

પ્રશ્ન: એવો કોઇ દાખલો દેખાડશો ?

ઉત્તર: હા. શાસ્ત્રી જ્વાલાપ્રસાદ જેમણે શિવપુરાણનો હિંદિ ભાષામાં અનુવાદ કર્યો છે તે, તે પુસ્તકની ભૂમિકામાં નીચે પ્રમાણે કહે છે.

"शिवार्चनाद्ब्राह्मणस्तु शूद्रेणसमतामियात् ।
तिर्यक्पुण्ड्रधरं विप्रं चाण्डालमिवसंत्यजेत् ॥
वैष्णवः पुरुषोयस्तु शिवब्रह्मादि देवताः
प्रणमेतार्चयेद्वापि विष्ठायां जायते कृमिः ॥

ભાવાર્થ. શિવનુ પૂજન કરવાથી બ્રાહ્મણ શુદ્ર સમાન થઇ જાય છે. ત્રિપુંડ્રધારી બ્રાહ્મણને ચંડાલ સમ જાણીને તેનો ત્યાગ કરવો. જે વૈષ્ણવ શિવાદિ દેવતાઓને પ્રણામ કરે છે વા તેમનું પૂજન કરે છે તેઓ વિષ્ટાના કીડા થાય છે અને વળી

विष्णुदर्शनमात्रेण शिवद्रोहः प्रजायते ।
शिवद्रोहान्न संदेहो नरकं याति दारुणम् ॥
तस्माच्च विष्णुनामापि न वक्तव्यं कदाचन ॥

यः सन्तप्त शंखादिलिङ्गचिन्हित तनुर्नरः ।
ससर्वयातनाभोगी चाण्डालः कोटिजन्मसु ॥

ભાવાર્થ: વિષ્ણુદર્શન માત્રથી શિવદ્રોહ થાય છે અને શિવદ્રોહ થવાથી અવશ્ય મનુષ્ય દારૂણ નરક પ્રાપ્ત કરે છે. આ કારણથી કદિપણ વિષ્ણુનું નામ પણ લેવું ન જોઇએ. જે પુરૂષ તપ્ત શંખાદિનું ચિન્હ ધારણ કરે છે તે સંપૂર્ણ નરકની યાતના ભોગવી કોટિ જન્મ સુધી ચંડાલ થાય છે. '

આના ઉપર મુરાદાબાદના શાસ્ત્રી જવાલાપ્રસાદજીએ પોતાનો જે અભિપ્રાય આપ્યો છે તે તેમના પોતાનાજ શબ્દોમાં નીચે જણાવું છું. (શિવ મહાપુરાણ ભાષા શ્રી વેંકટેશ્વર સ્ટીમ પ્રેસમાં સંવત ૧૯૫૨ માં છપાયલું-) પા. ૧૧

"इत्यादि श्लोक पाद्मादि पुराणोके नामसे सुने जाते है अब इस पर बुद्धिमान् विचारकर सक्ते हैं कि ये श्लोक ईर्ष्या-परवश हो अज्ञानियोंने कल्पना किये हैं जो द्रोहके मूल हैं फिर यह द्रोह परस्पर ऐसा बढा कि शैव वैष्णवोंके बडे बडे युद्ध हो गये हैं और यह अज्ञानियोंका युद्ध क्रमसे हमारे धर्म ग्रंथ पुराणोंमें भी प्रवेश करगया पूर्व कालमें छापा नहि था. इसकारण पुस्तकें हाथकी लीखी मीलतीथी जो जीसके पास हुइ दूसरेसे द्रोहके कारण एक दो श्लोक अपनी प्रसंशाके बना-का दुसरेकी निन्दाके बनाकर लिख दिये ओर प्रमाण देदिया इस लीये यदि पुराणादिमें ऐसे श्लोक आवै तो बुद्धिमान् उन्को मिथ्या कल्पित जान्ते है. ऐसे कुवाच्य द्रोहकेही कारण निकलते हय. इत्यादि"

ભાવાર્થ– (ઉપલી ભાષા હિંદી ભાષા છે અને તેનો પરિચય ગુજરાતને કમ છે જેથી તેમના સમજવામાં કદાચિત્ ન આવે તેથી તેનો ગુજરાતીમાં ભાવાર્થ સમજાવું છું.)

"ઇત્યાદિ શ્લોક પદ્માદિ પુરાણોનાં છે એમ સાંભળવામાં આવે છે. હવે આનાપર બુધ્ધિમાન લોક વિચાર કરી કહી શકશે કે આ શ્લોકો ઇર્ષ્યાને લીધે અજ્ઞાની લોકોએ બનાવ્યા છે અને તે દ્રોહ ઉપજાવનાર છે. આનાથી શૈવ અને વૈષ્ણવો વચ્ચે એટલો બધો વેરભાવ વધી ગયો કે તેમનામાં મોટાં મોટાં યુદ્ધો થયાં છે અને આ અજ્ઞાનીયોનું યુદ્ધ ધીમે ધીમે હમારા ધર્મ ગ્રંથ પુરાણોમાં પેસી ગયું. પૂર્વ કાળમાં છાપખાનાં નહોતાં જેથી પુસ્તકો હાથથી લખવામાં આવતાં હતાં. તેથી જવલેજ પુસ્તકો મળતાં હતાં અને જેની પાસે હાથનાં લખેલાં પુસ્તકો હતાં તેમણે અરસપરસનાં વેરભાવને લીધે એક બે શ્લોક પોતાનાં મતની પ્રસંશાના અને પારકાની નિંદાપરક બનાવી પ્રસિદ્ધ પુસ્તકોમાં ભેળવી દીધાં."

વળી મહાભારત મૂળ ચોવીશ હજાર શ્લોકનું હતું પરંતુ આજ વધી વધીને એક લાખ શ્લોકનું થયું છે.

પ્રશ્નઃ મહાભારત ચોવીસ હજાર શ્લોકોનું હતું તેમાં કાંઇ પ્રમાણ છે!

ઉત્તર. હા.

चतुर्विंशति साहस्त्रीं चक्रे भारत संहिताम् ।

उपाख्यानैर्विना तावद्भारतं प्रोच्यते बुधैः ॥ म. आ. प. १

આ પરથી જણાશે કે પુરાણોમાં ઘણો ખરો ભાગ પ્રક્ષિપ્ત છે જેથી તેની સહાયતા લઇ વેદોક્ત કર્માધિકાર સિદ્ધ કરવો અશકય છે.

પ્રશ્ન–શાસ્ત્રી જ્વાલાપ્રસાદ જેના વિષયમાં આપ પ્રથમ જણાવી ગયા છો તે પુરાણોને નહિં માનનાર હશે. કેમ?

ઉત્તર. ના, તેમ નથી ઉક્ત શાસ્ત્રીજી તો પુરાણોના ભક્ત છે કારણ કે તે શિવપુરાણના ભાષાંતરની ભૂમિકામાં કહે છે કે

"पुराण सर्वथा ब्रह्मके प्रतिपादन करने वाले है इत्यादि."

ભાવાર્થ. પુરાણો સર્વથા બ્રહ્મપ્રતિપાદન કરવા વાળા છે ઇત્યાદિ.

આ ઉપરથી જણાય છે કે શાસ્ત્રી મહારાજ પુરાણોને માનવા વાળા છે. કદાચિત્ કોઇને મારા ઉપર દર્શાવેલા પ્રમાણોથી પણ સંતોષ ન થતો હોય તો "ધી ઓરીયન ઓર રીસર્ચીઝ ઇન્ટુ ધી એન્ટીકવીટીઝ ઓફ ધી વેદાસ" નામનું જે લખાયલું પુસ્તક અંગ્રેજીમાં છે તેનો મરાઠી ભાષામાં મહાશય કેશવ લક્ષ્મણ ગોખલે. બી. એ. એ અનુવાદ કર્યો છે તેમાં તે નીચે પ્રમાણે જણાવે છે. પાનુ. ૫.

"परंतु ह्या ज्योतिष पद्धतिला नावें ठेवण्यांत पाश्चात्य पंडित लोकांनी फाजील साग्रधपणा दाखविला आहे. या पद्धतिमध्यें अडचणी नाहींत असे नाहीं परंतु या लोकांनी त्यांचा विनाकारण फाजील बाऊ करुन ठेविला आहे. मुख्य मुद्दा

लक्षांत ठेऊन त्यांत मिसळलेल्या इतर वायफळ गोष्टी त्यांतून काढून टाकण्याचा योग्य प्रयत्न न झाल्यामुळें अशा प्रकारच्या चुका झाल्या आहेत. कित्येक बेंटले प्रभृति लोकांनी या पद्धतिचा स्विकार करतानां पुराणातील गोष्टी व शब्दव्युत्पत्ति वर बराच भार ठेविला आहे परंतु त्या गोष्टींना प्रत्यक्ष वेदां मध्यें किती आधार आहे हें पाहण्याचा त्यानी प्रयत्न केला नाहीं. कारण पुराणातील गोष्टी वेदांतील गोष्टीचीं कित्येक रुपान्तरें होऊन झाल्या आहेत व असें होतांना त्या मध्यें दुसऱ्याही कित्येक गोष्टी मिसळल्या आहेत. यासाठी त्यांना वेदा मध्ये आधार सांपडल्या वांचुन त्यां वरुन कोणतीही निश्चित अनुमान काढणे रास्त होणार नाहिं इत्यादि."

ભાવાર્થ." પરંતુ આ જ્યોતિષપદ્ધત્તિનીટીકાકરવામાં પાશ્ચાત્ય પંડિતલોકોયે નાહક સાવધ પણું દેખાડયું છે આ પદ્ધતિમાં કાંઈ અડચણ નથી એમ નથી પરંતુ આ લોકોએ તેની વિના કારણ અતિશયોકિત કરી છે. મુખ્ય મુદ્દા લક્ષમાં રાખી તેની અંદર ભેળવવામાં આવેલી ઇતર મનઘડન્ન વાતો કાઢી નાંખવાનો યોગ્ય પ્રયત્ન કરવામાં નહિં આવેલો હોવાને લીધે આવી ભૂલો થવા પામી છે. કેટલાક બેંટલે જેવાપ્રભ્રતિ મહાશયોએ આ પદ્ધતિ ને સ્વિકારતાં પુરાણુની વાતો અને શબ્દવ્યુત્પત્તિપર ઘણોજ ભાર મૂકયો છે પરંતુ તે વાતોની વેદોમાં જગ્યા છે કે નહિં તે

જોવાનો તેમણે પ્રયત્ન કર્યો નથી. કારણ પુરાણોની વાતોમાં વેદોના કથનનું રૂપાન્તર થઇ ગયું છે અને તેમ થવામાં પુરાણોમાં બીજી કેટલીક વાતો ઉમેરવામાં આવી છે તેટલા માટે તેમાંનું કથન વેદાનુકુલ હોય નહિં ત્યાં સુધી તેની અર્થાત્ પુરાણોની વાતો ઉપરથી નકકી અનુમાન કાઢવું યોગ્ય નથી."

આ ઉપરથી જણાય છે કે દ્વેષી લોકોએ પુરાણોમાં પોતાના મનની વાતો ગુસાડેલી છે જેથી વૈદિક વિષયોનો તેનાથી ખુલાસો થવો સંભવિત નથી. આટલું છતાં પણ શિવપુરાણના કથનપર વિચાર કરીશું તોપણ તેમાં તપોધમ શબ્દ હોવા છતાં પણ જાતિ તો તપોધનજ સિદ્ધ થાય છે.

પ્રથમ તો શિવપુરાણનો ૪૪ મો અધ્યાય તપોધન બ્રાહ્મણની ઉત્પત્તિ દર્શક અધ્યાય છે તે વિષયમાંજ મને તો શંકા છે કારણ કે તે અધ્યાયમાં પુરતો ખુલાસો નથી તે છતાં પણ તે અધ્યાયપર આપણે વિચાર કરીશું. પ્રથમ તો ૪૪ મા અધ્યાયની સાથે ૪૩ મા અધ્યાયનો જે સબંધ સાંધ્યો છે તેની સંગતિજ બેસતી આવતી નથી; જેવી રીતે કે.

अंधकेशं च यो नित्यं पूजयेत्परमेश्वरम् ।
षण्मासाज्जायते तस्य मनसोभीष्टमेवच ॥ २२ ॥
नित्यं च पूजयेद्योवैशिवं लोकभयापहम् ।
न दुःखीजायते सोपि सुखं चैवाऽतुलं लभेत् ॥ २३ ॥

ભાવાર્થ. અંધકેશ્વર મહાદેવની જે કોઈ છ માસ સુધી પૂજા કરે છે તેના છ માસમાં મનના મનોરથ પૂરા થાય છે અને

જે લોકો ભયહારી શંકરનું નિત્ય પૂજન કરે છે તે કદાપિ દુઃખી ન થતાં અતુલ્ય સુખ પ્રાપ્ત કરે છે. આગળ કહે છે કે

“ परद्रव्याभिलाषेण शिवमाराधयेन्नतु ।
वृत्यर्थं पूजयेद्देवं लोकस्य हितकारकः ॥ २४॥
षण्मासं योद्विजश्चैव स वै देवलकः स्मृतः ।
यथादेवलकश्चैव तथाऽसौवैभवेदिह ॥ २५ ॥
देवलकश्चयः प्रोक्तोनाऽधिकारेद्विजस्यच ।
इत्येवं वचनं श्रुत्वा ऋषयश्च वचोऽब्रुवन् ॥ २६ ॥

ભાવાર્થ. પારકા દ્રવ્યની ઇચ્છાથી શિવભગવાનની પૂજા કરવી નહિં. લોકહિતની ઇચ્છા રાખી વૃત્તિ (ઉપજીવિકા) અર્થે પૂજા કરવી. જે મનુષ્ય પરાયા દ્રવ્યની ઇચ્છાથી છ માસ સુધિ અંધકેશ્વરની પૂજા કરે છે તેને દેવલનો જન્મ મળે છે. જેવી રીતે દેવલક છે તેવી રીતે તે થઈ જાય છે. જે દેવલક છે તેને બ્રાહ્મણના અધિકારમાં લેવો નહિં. એવું સાંભળીને ઋષિ બોલ્યા.

આ ઠેકાણે ૪૩ મો અધ્યાય સમાપ્ત થાય છે. પછી ૪૪ મા અધ્યાયની શરૂઆત નીચે પ્રમાણે થાય છે.

ऋषयउचुः ॥ देवलकश्चयः प्रोक्तः किं कार्यं तस्य विद्यते ।
सुतउवाच ॥ दधीचिर्नाम विप्रो वै धर्मिष्ठो वेदपारगः ॥

ભાવાર્થ. ઋષિઓએ પૂછ્યું કે જે દેવલક કહ્યા તેમને દ્વિજ કર્મનો અધિકાર નથી ત્યારે તેમનું કર્તવ્ય શું? સૂતજી ઉત્તર

દે છે કે દધીચિ નામના બ્રાહ્મણુ ધર્માત્મા અને વેદપારગ અર્થાત્ ચારે વેદમાં નિપુણ હુતા.

સમીક્ષા. આ પરથી બુદ્ધિમાન્ મનુષ્ય ખ્યાલ કરી શકશે કે જ્યારે રૂષિઓએ પૂછયું કે મહારાજ, દેવલકનું કર્તવ્ય શું ત્યારે સૂતજીએ ઉત્તર દીધો કે દધીચિ વેદપારગ વિપ્ર હુતા. એક મનુષ્યએ પોતાના મિત્રને પૂછયું કે ભાઇ! તમે આજે શું ભોજન જમ્યા? ઉત્તર મળ્યો કે લલ્લુભાઇના બાપ વેણીરામ ધર્માત્મા હુતા. તે કથન જેવી રીતે સંગતિ વિનાનું કહેવાય તેવીજ રીતે ૪૩ મા અને ૪૪ મા અધ્યાયની સંગતિ સમજવી. અર્થાત્ આની સંગતિ બેસતીજ નથી જેથી એમ જણાય છે કે બેમાંથી એક પણુ ભાગ અયુક્ત છે. વળી વિચારણીય વાત એ છે કે જ્યારે દેવલ વા દેવલકના વિષયમાં પૂછયું હોય અને ૪૪ માં અધ્યાયમાં તપોધન વા બટુક વિષયમાં કહેવામાં આવે ત્યારે તે પણુ તેટલુંજ અસંગત કહેવાય શિવપુરાણુના ૪૪ મા આખા અધ્યાયમાં જોવામાં આવશે તો કોઈ પણુ સ્થળે દેવલક શબ્દ પણુ જણાતો નથી. પરંતુ ઉક્ત અધ્યાયના ૫૨મા શ્લોકમાં કહે છે કે

एवं च महिमा तेषां वर्द्धितः शंकरेण च ।
तस्माच्च वटुकाः श्रेष्ठाः पुराविद्भिः प्रकीर्तिताः

ભાવાર્થ. આ પ્રમાણે તેઓને શંકરે મહિમા વધાર્યો છે અને તેમને શ્રેષ્ઠ બટુકો કહેવામાં આવે છે. આ પરથી પણુ જણાય છે કે આ અધ્યાયની ૪૩ મા અધ્યાય સાથે કાંઇ સંગતિ બેસતી આવતી નથી. જો સંગતિ બેસતી હોત તો આ

અધ્યાયમાં પણ દેવલ વા દેવલક શબ્દ આવત અને અંતમાં શ્રેષ્ટ બટુકને બદલે દૃષ્ટ દેવલક કહેવામાં આવત.

પ્રશ્ન. અરે ભાઈ દેવલક તપોધન અને બટુક એ પર્યાય વાચી શબ્દ હશે અને તેથી દેવલક શબ્દ ન વાપરતાં બટુક અને તપોધમ શબ્દો વાપર્યા હશે અને એમ હોય તો તમારૂં શું કહેવું છે?

ઉત્તર. તમે જેમ ધારો છો તેમ ત્રણે શબ્દોના એક અર્થ થતા નથી એ હું આપને આપણા પુરાણના કથનપરથીજ સિદ્ધ કરી આપીશ. જુઓ, દેવલનો અર્થ ૪૩ મા અધ્યાયના ૨૫ મા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે જે મનુષ્ય ૭ માસ સુધી પારકા દ્રવ્યની અભિલાષાથી શિવારાધના કરે છે તેને દેવલક કહેવામાં આવે છે. ૪૪ મા અધ્યાયના ૩૮ મા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે તપથી ભ્રષ્ટ થયેલાને તપોધમ કહેવામાં આવે છે.

तपोभ्रष्टा यतोजातास्तस्मात्तपोधमामताः ॥

૪૪ મા અધ્યાયના ૩૭ મા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે શિવ અને શિવાએ સ્થાપ્યા તેથી બટુક કહેવાયા. એ બટુકનો અર્થ થાય છે. આ પરથી સિદ્ધ થાય છે કે આ ત્રણે શબ્દો પર્યાય-વાચી નથી અને કોઈ કાળે થઇ શકવાના પણ નથી. જ્યારે એમ છે ત્યારે ઉક્ત અધ્યાયને ૪૩ મા અધ્યાયસાથે કેવી રીતે સંગતિ બેસી શકે તે સમજી શકાતું નથી. અસ્તુઃ

તપોધન બ્રાહ્મણની ઉત્પત્તિ દધીચિ ઋષિથી છે એ વાત શિવપુરાણના ૪૪ મા અધ્યાયપરથીજ સિદ્ધ કરવામાં આવે છે. આ અધ્યાયના પ્રથમ તથા દ્વિતીય શ્લોકમાં જણાવ્યું છે કે

દધીચિ એક ધર્માત્મા અને વેદપારગ અર્થાત્ ચારે વેદમાં નિપૂણ બ્રાહ્મણ હુતા એટલુંજ નહિં પરંતુ શિવશાસ્ત્રપરાયણ અને યજ્ઞાદિ નૈમિત્તિક કાર્ય કરનાર શ્રેષ્ટ બ્રાહ્મણ હુતા.

यथा. दधिचिर्नाम विप्रांवैधर्मिष्ठो वेदपारगः ॥
शिवभक्तिरतोनित्यं शिवशास्त्रपरायणः ।
यज्ञादिकर्मकर्ता च नित्यनैमित्तकारकः ॥

આપરથી પણ એ વાત નિર્વિવાદ સિદ્ધ થાય છે કે તેમના સંતાનો તપોધન બ્રાહ્મણોને જેવી રીતે તેમણે વેદોક્ત કર્મ કર્યું કરાવ્યું તેવી રીતે વેદાધ્યયન અને વેદોકત કર્મ કરાવવાનો અધિકાર છે.

પ્રશ્ન. આગળ શિવપુરાણમાં દધીચિ પુત્ર સુદર્શન તપથી ભ્રષ્ટ થયા માટે તેમને વેદ મંત્રો નહીં બોલવાની અને વેદોકત કર્મ નહીં કરવાની આજ્ઞા છે.

ઉત્તર. આપના કથન પ્રમાણે દધીચિ ઋષિ તો તપથી ભ્રષ્ટ થયા નથી પરંતુ તેમના પુત્ર સુદર્શનનું તેમ થયું છે; તો પણ આથી કાંઇ સમસ્ત તપોધન બ્રાહ્મણ કોમને કલંકિત થવાનુ કે કરવાનું કારણ નથી પરંતુ ઉક્ત કોમે તો અભિમાન ધારણ કરવાનું છે કે તેમના મૂળ ઋષિ વેદ વિદ્યામાં નિપૂણ હુતા. આ સર્વ માન્ય વાત છે કે જે મનુષ્ય જેવાં કર્મો કરે તેવાં ફળો ભોગવે, તો પછી સુદર્શને અકર્તવ્ય કૃત્ય કર્યું તો તેના ભોક્તા સ્વયં સુદર્શન વા તેની ભવિષ્યની પ્રજા? શાસ્ત્રકાર કહે છે કે अवश्य-मेव भोक्तव्यं कृतंकर्म शुभाशुभम् અર્થાત્ જે મનુષ્ય જેવા

કર્મો કરે તેવાં ભોગવે. બાપ કર્મ કરે તો બાપ ફળ ભોગવે અને પુત્ર કરે તો તે ભોગવે.

પ્રશ્ન. આપનું કહેવું યથાર્થ નથી કારણકે પ્રત્યક્ષ પ્રમાણથી જોવામાં આવે છે કે જો બાપે દેવું કર્યું હોય તો છોકરાને ભોગવવું પડે છે અર્થાત્ તે દેવું ચુકવવું પડે છે તે પ્રમાણે સુદર્શને કરેલું કૃત્ય તેમના સંતાનો તમને પણ ભોગવવું પડે તેમાં આશ્ચર્ય શું ?

ઉત્તર. ભાઇ, દેવું બે પ્રકારનું હોય છે; એકતો જેવું કે આપે બતાવ્યું તેવું, બીજું બાપે ચોરી કરી અને તેને તેવા કૃત્યને માટે સરકારે છ માસના કેદખાનાની સજા કરી. તેણે બિચારાએ ત્રણ માસ સુધી ભોગવી અને પછી તેનો દેહાન્ત થઇ ગયો. હવે બાકીની ત્રણ માસની સજા સરકાર બાપના દીકરા પાસે ભોગવાવતી નથી તેવીજ રીતે દધીચિએ અન્ય ઋષિઓ પાસે વેદાધ્યયન કર્યું તે પ્રમાણે વેદાધ્યયન કરી સંસારમાં વેદધર્મ પ્રચારાર્થ પરિશ્રમ કરવાનું ઋણ તપોધન બ્રાહ્મણોએ પણ જરૂર ચુકાવવું જાઇએ પરંતુ સુદર્શને કરેલા દુષ્કૃત્યનું ફળ તેમના છોકરાઓએ ભોગવવું તે તો સરકાર બાપની ત્રણ માસની કેદખાનાની સજા બાકી રહી હોય અને છોકરાને ભોગવવાનું કહે અને તે જેવું અન્યાયી પગલું માલમ પડે તે પ્રમાણે આ પણ અન્યાયી સમજવું; વળી એ વાત પણ મારા પ્રિય વાંચકોએ યાદ રાખવાની છે કે આ અધ્યાય જ્ઞાન સંહિતાનો છે અને તેમાં વેદ જે ઇશ્વરનું જ્ઞાન છે તેથી વિમુખ રહેવાનો કોઇ બ્રાહ્મણ કેમ જે યદિ વેદાધ્યયન તથા વેદોક્ત કર્મ કરે કરાવે

તોજ બ્રાહ્મણ કહેવાય તેને ઉપદેશ કરે તો તે જ્ઞાન સહિતા કેમ કહેવાય. અસ્તુઃ વળી બીજી દલીલ એવી છે કે સુદર્શને જે અકર્તવ્ય કૃત્ય કર્યું તેના પહેલાં તેમને ચાર છોકરાંઓ હતાં તેથી શિવરાત્રિને વિષે કરેલા સંયોગના રજવીર્યથી ઉત્પન્ન થયેલા છોકરાંઓ તે નહોતાં. જો તેમ હોત અને તેમને જો વેદ વિમુખ રાખવાનો ન્યાય લાગુ પાડયો હોત તો કદાચિત્ યોગ્ય ગણાત અને તેનાપર વિચાર કરવામાં આવત પરંતુ ૪૪ મા અધ્યાયના ૪ થા શ્લોકમાં નીચે પ્રમાણે જણાવ્યું છે.

तद्भर्त्तासचभर्ताऽऽसीत्तस्याः पुत्रचतुष्टयं "

અર્થાત્ સુદર્શનને ચાર પુત્ર હતા. આ પ્રમાણે કહ્યા પછી છેક દશમા શ્લોકમાં સુદર્શન કૃત્ય વિષયમાં વર્ણન આવે છે. આથી પણ એ વાત સિદ્ધ થાય છે કે સુદર્શનના પુત્રો જન્મથી દોષ રહિત છે કારણ કે સુદર્શને શિવરાત્રિ કૃત્ય કર્યું તે પૂર્વ તો તે પોતે પણ શિવ ભક્તહતા, યથા " **सोपिनित्यंशिवस्यैव पूजां चैव करोत्यसौ** " અર્થાત્ સુદર્શન પણ નિત્ય શિવપૂજા કરતા હતા. આવા સાત્વિક સમયમાં જે પુત્રો ઉત્પન્ન થયા તે સાત્વિક વૃત્તિના હતા અને તેમને તથા તેમની પ્રજાને વેદાધ્યયન વેદોક્ત કર્મ કરવા કરાવવાનો અધિકાર હોય એમાં શંકા લાવવાનું કારણ નથી.વળી આપને તો વિવાહિત સ્ત્રી પુરૂષના કુસમયના સમાગમથી ઉત્પન્ન થયલી પ્રજાને વેદાધ્યયન કરવા કરાવવાના અધિકારમાં શંકા થાય છે, પરંતુ મનુભગવાન તો મનુસ્મૃતિના દશમા અધ્યાયના ૭૨મા શ્લોકમાં કહે છે કે—

यस्माद्बीजप्रभावेण तिर्यग्जा ऋषयोऽभवन् ।
पूजिताश्च प्रशस्ताश्च तस्माद्बीजं प्रशस्यते ॥

ભાવાર્થ—બીજના મહાત્મ્યથી તિર્યંગ્ યોનિ (હરિણુથી શ્રૃંગિ ઋષિ ઉત્પન્ન થયા છે ઇત્યાદિ)થી ઉત્પન્ન થયેલા મનુષ્યોએ ઋષિત્વ, પૂજન અને સ્તુતિ પ્રાપ્ત કર્યાં છે.

પ્રશ્ન—પ્રિય બંધુ, આપ જેમ જેમ મને સમજાવતા જાઓ છો તેમ તેમ મારી ખાત્રી થતી જાય છે પરંતુ વળી શંકા થાય છે કે તમે ઉપર પ્રમાણે જે ચાર પુત્રો પ્રથમ થયેલા બતાવ્યા પરંતુ સુદર્શનના તેવા કૃત્ય પછી પુત્રોત્પત્તિ નહિં થઇ હોય તેની શું ખાત્રી ?

ઉત્તર-તેની ખાત્રી એકત્રીશમો શ્લોક જોવાથી થશે. તેમાં જણાવ્યું છે કે,

चत्वारोवट्टकास्तस्यसुदर्शनमहात्मनः ।
अभिषिक्ताश्चते दिक्षुशिवेन परमात्मना ॥

અર્થાત્ મહાત્મા સુદર્શનના ચારે પુત્રોનો શિવ ભગવાને અભિષેક કર્યો. આ પરથી જણાશે કે જે પ્રથમ ચાર પુત્રો હતા તેનાજ વિષયમાં પ્રથમથી તે અંત સુધી વર્ણન ચાલ્યું આવે છે; વળી સુદર્શનના તેવા કૃત્યથી દુઃખી થઇને તેમની સ્ત્રી મરી ગઇ એમ ૧૭ મા શ્લોકમાં જણાવ્યું છે. યથા

एतस्मिन्समये तस्य भार्या सुदर्शनस्यच ।
मृताय याच पतितः सोऽत्यतं दुःखमागतः ॥

ભાવાર્થ—પતિના દુઃખથી દુઃખી થઇ સુદર્શનની ભાર્યા મરી ગઈ. આ પ્રમાણથી તો નિશ્ચયજ થાય છે કે કેવળ સુદર્શન પોતાના કૃત્યનો ભોકતા હતા અને તેની પ્રજા જે સાત્વિક સમયમાં ઉત્પન્ન થયેલી છે તેની સાત્વિક વૃત્તિ હોવાથી દરેક શાસ્ત્રીય વિષયોનો તેમને અધિકાર છે એટલુંજ નહિં પરંતુ તે એક ઉચ્ચ કુળ છે.

પ્રશ્ન—હુવે પુછવાનું એ છે કે શિવપુરાણના ૪૪ મા અધ્યાયના નીચેના શ્લોકોમાં નીચે પ્રમાણે જણાવ્યું છે તેનો ઉત્તર આપની પાસે શું છે ?

वेदमंत्रो न वाच्यो वै मंत्राश्च भवदीयकाः ॥ १२ ॥
एवं वरं तदा दत्वा वेदब्रह्म विवर्जितम् ॥ ३६ ॥

ભાવાર્થ—મારા કહેલા વેદ મંત્રો શિવાય તારે અન્ય વેદ મંત્રો બોલવાં નહીં વેદ ભગવાન શિવાય આ પ્રમાણેના વરદાન આપ્યા.

ઉત્તર—પ્રિય ભ્રાતાજી, ઉપર પ્રમાણેની શિવાજ્ઞા હોય તોપણ મને તો લાગે છે કે તે કેવળ સુદર્શનને માટે છે નહિં કે તેના છોકરાઓને માટે; કારણ કે આખો ૪૪ મો અધ્યાય જોવાથી માલમ પડે છે કે તેમાં કોઇ સ્થળે એ વાત બતાવી નથી કે તપોધન બ્રાહ્મણોને અર્થાત્ સુદર્શનની પછીના તેમના સંતાનોને વેદાધિકાર નથી અને તેમણે વેદોક્ત કર્મ કરવાં નહિં તથા કરાવવાં નહિં; વળી તમે જે શ્લોકો બતાવ્યા છે તે અર્ધ શ્લોકો છે અતએવ આપની

સમાધાની અર્થે હું તે આખા શ્લોકો અત્ર જણાવું છું જેના પર આપણે વિચાર કરી શકીશું.

मत्सेवां चैवकृत्वातु कार्यमन्यत्कुलोचितम् ।
वेदमंत्रो न वाच्यो वै मंत्राश्च मत्प्रदीपकाः ॥ ३३ ॥

ભાવાર્થ--મારી સેવા કર્યા પછીતારે અન્ય કુલોચિત કાર્ય કરવું. મારા કહેલા વેદ મંત્રો શિવાય તારે અન્ય વેદ મંત્રો બોલવા નહિ. આ પ્રમાણે આખો તેત્રીશમો શ્લોક થાય છે. હવે પ્રશ્નકર્તા મહાશયજી! આપણે જરા બુદ્ધિને વિશેષ સૂક્ષ્મ બનાવી આ શ્લોકપર વિચાર કરીશું તો માલમ પડશે કે જે પ્રમાણે શ્લોક છે તેજ પ્રમાણે યદિ શ્લોક હોય તો પ્રથમના અર્ધશ્લોક સાથે પાછળના અર્ધશ્લોકની સંગતિ બેસતી નથી. પ્રથમના અર્ધશ્લોકમાં કહ્યું છે કે મારી સેવા કર્યા પછી અન્ય કુલોચિત કાર્ય કરવું, હવે બ્રાહ્મણોનું કુલોચિત કાર્ય શું?

પ્રશ્ન-જરા વચમાં હું આટલી વાત પૂછી લઉં છું કે તમે બ્રાહ્મણછો એજ મને માન્ય નથી તો પછી બ્રાહ્મણોનું કુલોચિત કર્મ શું એ વિષય ઉપર આપને જણાવવાની કાંઇ જરૂર નથી.

ઉત્તર-તમને આવી શંકા થાય છે તેથી જણાય છે કે આપ હમારા સ્વરૂપથી અને શિવપુરાણના વચનો જેનાથી આપ હમને તપોધમ સિદ્ધ કરવાની કોશેષ કરોછો તેનાથી તદન અજ્ઞાન છો કારણ કે ૪૪ અધ્યાયના પ્રથમજ શ્લોકમાં જણાવ્યું છે કે **दधीचिर्नाम विप्रो वै इत्यादि.** અર્થાત્ દધીચિ નામના વિપ્ર એટલે બ્રાહ્મણ હતા. તો પછી તમને આવી શંકા થવાનું

કારણ શું ? વળી ૫ મા શ્લોકમાં દધીચિને **બ્રાહ્મણઃસુતઃ** અર્થાત્ બ્રાહ્મણ પુત્ર કહ્યા છે તે પરથી હમે બ્રાહ્મણ છીએ એ વાત સિદ્ધજ છે.

પ્રશ્ન–હાં, હવે મને તમારૂં કહેવું સમજાયું; આટલા દિવસ સુધી લોકો મને કહેતા તેજ સાંભળીને મેં શંકા કરી છે માટે મને ક્ષમા કરશો હવે કૃપયા વેદ **મંત્રો ન વાચ્યો.** ની સંગતિ બતાવો.

ઉત્તર–બ્રાહ્મણોનું કુલોચિત કાર્ય શું એવો મેં જે પ્રશ્ન પ્રથમ પૂછયો છે તેનો ઉત્તર સર્વ તરફથી એજ મળશે કે વેદાધ્યયન કરવું, કરાવવું, વેદોક્ત કર્મ કરાવવાં અને કરવા ઇત્યાદિ; યદિ આ ઉત્તર છે તો પછી અમુક વેદ મંત્રો બોલવા અને અન્ય ન બોલવાં એમ અન્ય અર્ધશ્લોકમાં જણાવવામાં આવે તે અસંગતજ કહેવાય .

પ્રશ્ન ભાઇ, બ્રાહ્મણોનું કુલોચિત કાર્ય વેદાધ્યયન ઇત્યાદિ આપે કહ્યું તે ઠીક છે પરંતુ તપોધન બ્રાહ્મણોનું કુલોચિત કાર્ય અમુક બોલવા અને અમુક ન બોલવા એમ હોય તો પછી અર્ધ શ્લોકની અસંગતિ કેમ કહેવાય ?

ઉત્તર–બંધુજી શિવપુરાણ પોતે કહે છે કે તપોધન બ્રાહ્મણોને વેદાધ્યયન અને વેદોક્ત કર્મ કરવા કરાવવાનો અધિકાર છે ચોવીસમા શ્લોકમાં કહ્યું છે કે.

त्रिरावृत्तोपवीतंच ग्रंथिनैकेन संयुतम्.

અર્થાત્. ત્રણ આવૃત્તયુક્ત એક એક ગ્રંથિ સંયુક્ત યજ્ઞોપવિત (જનોઇ) સુદર્શનને પહેરાવી. આ પરથી જણાશે કે જેણે

જનોઇ લીધી અર્થાત્ ઉપવીત ધારણ કર્યું તેને વેદાધ્યયન અને વેદોકત કર્મ કરવાનો અધિકાર છે અને તેજ તેનું કુલોચિત કર્મ કહેવાય. આ મારા કથનની પુષ્ટિમાં હું મનુ ભગવાનનું વચન રજુ કરૂં છું મનુસ્મૃતિ. અ. ૨. શ્લો. ૧૭૦

तत्रयद्ब्रह्मजन्मास्य मौञ्जी बन्धनांचिन्हितम् ।
तत्रास्य माता सावित्री पिता त्वाचार्य उच्यते ॥

ભાવાર્થ. પૂર્વોકત ત્રણ જન્મમાં વેદગ્રહણાર્થ ઉપનયન અર્થાત્ જનોઇ પહેરવા રૂપ જે જન્મ છે તે જન્મમાં તે બાળકની માતા સાવિત્રી અને પિતા આચાર્ય કહેવામાં આવે છે.

नाभिव्याहारयेद्ब्रह्म स्वधानि नयनादृते ।
शूद्रेण हि समस्तावद्यावद्वेदे न जायते ॥ १७२ ॥
कृतोपनयनस्यास्य व्रतादेश नामिष्यते ।
ब्रह्मणो ग्रहणं चैव क्रमेण विधिपूर्वकम् ॥ १७३ ॥

ભાવાર્થ. ઉપવીત આપ્યાં પહેલાં વેદનો ઉચ્ચાર ન કરાવવો પરંતુ મૃતક સંસ્કારમાં વેદ મંત્રોનો ઉચ્ચાર વર્જીત નથી જ્યાં સુધી વેદમાં જન્મ થયો નથી ત્યાં સુધી સર્વ શૂદ્રતુલ્ય છે. ૧૭૨. બાળકને ઉપનયન એટલે જનોઇ ધારણ કર્યા પછીજ વ્રત અનેકર્મ વિધિથી વેદનું અધ્યયન કરવાનું છે. આ પરથી પ્રશ્ન કર્તા મહાશયને જણાશે કે તપોધન બ્રાહ્મણોનું કુલોચિત કર્મ અન્ય બ્રાહ્મણોની માફક વેદનું અધ્યયન કરવું તથા કરાવવાનું છે. વળી દધીચિ ઋષિ વેદપારગ અને શિવશાસ્ત્ર પરા-

યણુ હતા તે પરથી પણ સિદ્ધ થાય છે કે તપોધન બ્રાહ્મણોના કુળથી ઉતરી આવેલું કુલોચિત કર્મ વેદાધ્યયન કરવું કરાવવું છે. જો આમ છે તો પછી અર્ધશ્લોકમાં **वेद मंत्रो न वाच्यो वै मंत्राश्च भवदीयकाः** એ તદ્દન અસંગત છે એટલુજ નહિં પરંતુ કોઇ દ્વેષીનું વાક્ય છે વા જે ઉચિત શબ્દ હતો તેમાં ફેરફાર કર્યો છે મારા ધારવા પ્રમાણે તો ત્યાં નીચે પ્રમાણે અર્ધશ્લોક હતો.

" वेदमंत्रश्च वाच्यो वै मंत्राश्च भवदीयकाः ॥

અર્થાત્. મેં જે વેદમંત્રો કહ્યા છે તેજ વેદમંત્રો બોલી પ્રમાદ કરી બેસી રહી અજ્ઞાની ન બનવું પરંતુ અન્ય વેદમંત્રોનું પણ અધ્યયન કરવું. વળી વિચાર કરતાં એમ પણ માલમ પડે છે કે યદિ પ્રાયશ્ચિત કરવાનું હોય તો થોડુંક કામ ન કરતાં વિશેષ કરવું પડે છે તેમ તપોધન બ્રાહ્મણને પોતાનું અસલ તપોધનત્વ પ્રાપ્ત કરવાને વિશેષ પ્રયત્ન કરવો જોઇએ. ભાવાર્થ એ છે કે તેમણે સર્વ વેદોનો અભ્યાસ કરવો કરાવવો. ત્યારે ઉપર પ્રમાણેજ જો અર્ધશ્લોક હોય તોજ આખા શ્લોકની સંગતિ બરાબર બેસે. આજ પ્રમાણે ૩૬ મા શ્લોકની વ્યવસ્થા છે. આખો શ્લોક નીચે પ્રમાણે છે.

भवान्वै पूजितो येन तेनाऽहं च प्रपूजितः ।
एवं वरं तदादत्वा वेदब्रह्म विवर्जितम् ॥

ભાવાર્થ—જેણે તારી પૂજા કરી તેણે મારી પૂજા કરી. આ પ્રમાણે અર્ધ શ્લોકમાં તપોધનોનો મહિમા વધારે અને

બીજા અર્ધશ્લોકમાં વેદથી વર્જીત રહેવાનું કહે એ તદન અસંભવિત છે એટલે નાના બાળકની અક્કલ પણ આ વાતને માની શકે તેમ નથી માટે ખરો શ્લોક તો એ હતો કે, " एवं वरं तदादत्वा वेदब्रह्म विवर्धितम " અર્થાત્ આ પ્રમાણે વેદ જ્ઞાનને વધારવાવાળા વરદાન આપ્યા. ત્યારે હવે આપરથી એમ માલમ પડે છે કે આખો શ્લોક નીચે પ્રમાણેજ હોવો જોઇએ.

" भवान्वै पूजितो येन तेनाऽहं ज मपूजितः ।
एवं वरं तदादत्वा वेदब्रह्म विवर्धितम् ॥ "

આ પ્રમાણેનો આખો શ્લોક હોય તોજ તે યુક્ત કહેવાય, નહિં તો વેદથી વિમુખ રહેનાર શૂદ્રની પૂજા સર્વ જાતિએ પ્રથમ કરવાનું કહેવું નિરર્થક ઠરે છે.

પ્રશ્ન—શિવપુરાણના ઉક્ત અધ્યાયના ૩૮ મા શ્લોકમાં તો તમને તપોધમ ખુલ્લા શબ્દોમાં કહ્યું છે તેની શું વ્યવસ્થા છે તે કૃપા કરી જણાવો.

ઉત્તર—ભાઇ, તેની શું વ્યવસ્થા છે તે મારે મારા ઘરની બતાવવાની નથી પરંતુ જે સત્ય હશે તે એની મેળે થોડો વિચાર કરવામાં આવશે તો બહાર ઝળકી આવશે. જુઓ, તમે જે શ્લોકના વિષયમાં કહો છો તે નીચે પ્રમાણે છે.

तपोभ्रष्टा यतो जातास्तस्मात्तपोधमामताः ।
शिवयोः कृपया सर्वे विस्तारं बहुधागताः ॥

ભાવાર્થ—તપથી ભ્રષ્ટ થયેલાને તપોધમ કહેવામાં આવે છે અને તેમનાપર શિવશિવાની કૃપા થવાથી તેમનો વિસ્તાર બહુ વધી ગયો છે. મારા પ્રિય વાંચકો, હું આપને આ શ્લોક-પર પુરતો વિચાર કરવા નમ્રતાપૂર્વક વિનંતિ કરૂં છું. જો ઉપર પ્રમાણેનો શ્લોક જેમ છે તેમજ હોય તો તે તદન અર્થવિનાનો પ્રતીત થાય છે. કારણ કે તપથી ભ્રષ્ટ થયેલાનાપર શિવ અને શિવાની કૃપાજ કેમ થઇ શકે ? જ્યારે એક છોકરો પોતે સારા આચરણ કરે છે ત્યારે તેનો પિતા તેનાપર રીઝાય છે, જ્યારે એક શિષ્ય નિયમસર વિદ્યાભ્યાસ કરી પોતાના ગુરૂનું વચન માન્ય કરે છે ત્યારે ગુરૂ શિષ્યપર ખુશી થાય છે, જ્યારે પ્રધાન પોતાના ખરા અંતઃકરણથી રાજાની સેવા કરી સદ્વર્તનનો નમુનો દેખાડે છે ત્યારેજ તે પ્રધાનપર રાજાની કૃપા રહે છે, તો સર્વ જગત્‌ને ચલાવનાર, ધર્માત્માઓને સુખ આપનાર અને પાપીઓને દંડ દેનાર શિવ પરમાત્માની કૃપા તપોધ-મોપર કોઈ પણ કાળે થઇ શકે ? કદાપિ નહિં. મૂર્ખ મનુષ્યોને માટે તો હું કાંઇ કહેતો નથી કારણ કે આ મારૂં પુસ્તક તેમને માટે છેજ નહિં પરંતુ ઉક્ત શ્લોક જો જેવોને તેવોજ હોય. તો મેં દર્શાવ્યું તે કારણને લીધે વિદ્વાનોની સમક્ષ તો કેવળ હાસ્યજનક ઠરશે. પરમેશ્વરની કૃપા તો હમેશાં જે વિદ્વાન સદાચરણી અને સત્યવાદી હોય છે તેનાપરજ થાય છે અને સુદર્શને જ્યારે એક અકર્તવ્ય કૃત્ય કર્યું ત્યારે તેણે જડત્વ પ્રાપ્ત કર્યું અને તેમાંથી મુક્ત થવાને માટે તેણે પોતે, દધીચિ ઋષિએ અને સુદર્શનની પત્નિ ઇત્યાદિએ અથાગ તપ કર્યું ત્યારે પોતાના જડત્વમાંથી મુક્ત થયા. આવું અથાગ તપ કરનારને

તપોધમ કહેવાય કે તપોધન તેનો ખ્યાલ કરવાને મારા વાંચ કોનેજ સોંપું છું. આ સર્વ વિચારપરથી સારાંશ એ નીકળે છે કે શિવપુરાણના અસલ શ્લોકમાં કાંઇ ફેરફાર કરવામાં આવ્યો છે. મારા ધારવા પ્રમાણે અસલ શ્લોક નીચે પ્રમાણે હતો.

तपोनिष्ठा यतो जातास्तस्मात्तपोधनानामनाः ।
शिवयोः कृपया सर्वे विस्तार बहुधागताः ॥

અર્થાત્ પૂર્ણ તપશ્ચર્યા કરી તેથી તેમને તપોધન કહેવામાં આવે છે અને આવા તપોધન બ્રાહ્મણોપર શિવપાર્વતીની કૃપાથી તેમનો વિસ્તાર બહુ વૃદ્ધિને પામ્યો છે. વળી આ શ્લોકના વિષયમાં એક બીજી વાત વિચારણીય છે કે હાલ જે શ્લોક છે તે જો ખરો હોય તો તેને ખરો માનનાર આપણે શિવ શિવાને અન્યાયી ઠરાવીશું કારણ કે જેઓ અન્યાયી મનુષ્યો હોય છે તેઓજ પાપીને વા અધર્મીઓને મદદ કરે છે પરંતુ શિવ પરમાત્મા કોઇ કાળે પણ અન્યાયી થઇ શકે નહિં અને તેથીજ તે તપોધમપર કૃપા કરી શકે નહિં અને અધર્મીઓનો વિસ્તાર વધારી શકે નહિં. હું તો નિશ્ચય પૂર્વક કહું છું કે જ્યારે તપોધનોનો મહિમા લોકોમાં વધી ગયો અને તેમની સર્વત્ર પૂજા થવા લાગી ત્યારે કોઇ દ્વેષી મનુષ્યએ આ અધ્યાયમાં જેવી રીતે મેં આગળ દર્શાવ્યું છે તેમ અસલશ્લોકના અક્ષરોમાં ફેરફાર કરી તેમની કીર્તિ ઓછી કરવાનો પ્રયાસ કર્યો છે પરંતુ આ વિદ્યાના સમયમાં તેના અધમકૃત્યપર વિશ્વાસ રાખી તપોધન બ્રાહ્મણો બેસી રહેવાનાં નથી અને બેસી રહેવું નજ જોઇએ.

પ્રશ્ન. તપોધન બ્રાહ્મણોનો મહિમા હતો શું કે તે ઓછો કરવાને દ્વેષી લોકોએ શિવપુરાણના શ્લોકોમાં ફેરફાર કરવાનો પ્રયાસ કર્યો છે એમ આપ કહો છો.

ઉત્તર. હું આપને તપોધન બ્રાહ્મણોનો મહિમા કહી સંભળાવું છું તે યદિ આપ સાંભળશો વા શિવપુરાણમાં વાંચશો તો ખાત્રી થશે કે તે મહિમાથી ખરેખર દ્વેષ ઉપજવો સંભવિત છે. સુદર્શને જ્યારે પાર્વતીજીની પૂજા કરી ત્યારે તેનાથી પ્રસન્ન થઈ તેમણે સુદર્શનને પોતાનો પુત્ર કર્યો અને એક સતી જેની સંસારના સર્વ મનુષ્યો પૂજા કરે છે તે સુદર્શનને પોતાનો પુત્ર કરે તે ઓછો મહિમા ન સમજવો. જુઓ શ્લોક ૨૧. **"सुदर्शनं च पुत्रत्वे चकार गिरिजा तदा"** અર્થાત્ ગિરિજાએ સુદર્શનને પોતાનો પુત્ર કર્યો એટલુંજ નહિં પરંતુ સુદર્શનને માટે પાર્વતીજીએ પોતે શિવની ઉપાસના કરી છે. જુઓ શ્લોક ૨૨. **"शिवं प्रसादयामास पुत्रार्थे चंडिका स्वयम्"** વળી પાર્વતીજીએ પોતે પોતાના ખોળામાં સુદર્શનને લઇ તેને ઘીથી સ્નાન કરાવ્યું છે. જુઓ શ્લોક ૨૩. **नमस्कृत्य शिवंतत्र ह्युत्संगे संन्यवेशयत्। घृतस्नानं तदाचक्रे पुत्रस्य गिरिजा स्वयम् ॥** અર્થાત્ શિવજીને નમસ્કાર કર્યા પછી સુદર્શનને પોતાના ખોળામાં લઇ પાર્વતીજીએ પોતે તેમને ઘીથી સ્નાન કરાવ્યું. અહા ! આના કરતાં વિશેષ મહિમા બીજો કયો જોઇએ છીયે. પાર્વતી જેવી સતીમાતા જેને આજ સંસારના સર્વ લોકો જગત્ જનુની માની સ્મરણ કરી રહ્યા છે તેનો પુત્ર થઈ તેના ખોળામાં બેસી સ્નાન કરવું એ સાધારણ વાત નથી. કોઇ પણ અન્ય વર્ણને માટે પાર્વતીજીએ આ પ્રમાણે કર્યું હોય એવી મને

ખબર નથી. જે લોકો સુદર્શન પુત્રોને બ્રાહ્મણ પંક્તિમાંથી કાઢી શૂદ્ર બનાવવાની કોશેષ કરી રહ્યા છે તેઓને વિચારનું સ્થાન છે કે તેઓ સુદર્શન પુત્રોને શૂદ્ર બનાવવા જતાં માતા પાર્વતીજીને શૂદ્રા બનાવી રહ્યા છે અને દુનિયામાં તેમનો મહિમા ઘટાડી રહ્યા છે. પરમાત્મા તેમને આવા અઘોર પાપમાંથી બચાવે. વળી શિવપુરાણમાં તપોધન બ્રાહ્મણોનો મહિમા ગાતાં શ્લોક ૨૯ અને ૩૦ મા નીચે પ્રમાણે કહ્યું છે.

ममकृत्ये भवान्मुख्यो देवीकृत्येविशेषतः ।
प्राजापत्यं भवेद्यर्हितर्ह्येकोऽपि भवान् भवेत् ॥ २९ ॥
यदिभवान्न पूज्येत तत्सर्वं निष्फलं भवेत् ।
तदापूजा च संपूर्णा यदास्तु च भवान्वदेत् ॥ ३० ॥

ભાવાર્થ. મારા અને દેવીના કાર્યમાં તો તું મુખ્ય છે. તારી પૂજા જે કરશે તે પ્રાજાપત્ય વ્રતનું ફળ મેળવશે. જે તારી પૂજા નહિં કરે તેનું સર્વ નિષ્ફળ જશે અને જ્યાં સુધી તું પોતે "અસ્તુ" નહિં કહે ત્યાં સુધી મારી પૂજા સંપુર્ણ થઈ છે એમ નહિં કહેવાય. આ પ્રમાણે શિવજીનું વચન તે બિચારા દ્વેષી લોકોથી કેમ સહન થાય ? આવા દ્વેષને લીધે જ્યારે કાંઇ ધર્મનું કાર્ય હોય છે જેવી રીતે કે વિષ્ણુ યાગ. મહારૂદ્રયાગ ઇત્યાદિ ત્યારે તપોધન બ્રાહ્મણોને કાર્યમાં મુખ્ય રાખવાને બદલે તેમને હેરાફેરા કરવાનું કામ સોંપે છે અને ઘણી ખરી વખતે તો યજ્ઞમંડપથી તેમને બહાર બેસાડે છે અને જ્યારે તેવી રીતનો દ્વેષ કરનાર મનુષ્યોને તેનું કારણ

પૂછવામાં આવે છે ત્યારે તપોધન બ્રાહ્મણો શૂદ્ર છે અને તેમને વેદોક્ત કર્મ કરવાનો અધિકાર નથી એમ કરી કાઢે છે પરંતુ તેવા માણસો શિવપુત્રોને શૂદ્ર બતાવી તેમને વેદકર્મોથી વિમુખ રાખી શિવશિવાને શુદ્ર બનાવવાનું એક મહાન્ પાપ કરે છે તેનો વિચાર કરતા નથી. અસ્તુ. ઉપર દર્શાવ્યા પ્રમાણે તો આખો અધ્યાય તપોધન બ્રાહ્મણોનો મહિમાજ વર્ણન કરે છે તે સર્વ વિસ્તાર ભયથી હું અત્ર વર્ણન કરતો નથી પરંતુ એક અર્ધ શ્લોક અત્ર બતાવી મહિમા વર્ણન સમાપ્ત કરીશ.

यच्छ्रुत्वाशिवपूजायाः फलंतु लभते नरः ॥५४ ॥

અર્થાત્ જે મનુષ્યો આ અધ્યાય સાંભળે છે તે શિવ પૂજાનું ફળ પ્રાપ્ત કરે છે. મારા પ્રિય વાંચકો, જ્યારે તપોધન બ્રાહ્મણોનો આ પ્રમાણે મહિમા છે ત્યારે તેમને વેદ ભણવાનો અને વેદોક્ત કર્મ કરવા કરાવવાનો અધિકાર નથી એમ કહેવું તે કેવી રીતે માની શકાય ? જે લોકો વેદને જાણતા નથી, જે લોકો વેદવિહિત કર્મો કરતા નથી તે લોકોની પૂજા કેવી રીતે થઇ શકે અને તેઓ કેવી રીતે જાણી શકે કે શિવ પૂજા બરાબર થઈ રહી માટે હવે “ અસ્તુ ” કહો જેથી સેવકોનું કાર્ય નિષ્ફળ જાય નહિં. આ પ્રમાણે વિચાર કરતાં પ્રતીત થાય છે કે તપોધન બ્રાહ્મણો જેમને મુખ્ય થવાની આજ્ઞા શિવજીએ કરી તેમને વેદાધિકાર તો ખરો પરંતુ અન્ય લોકોને તેમનું મુખ્ય થવું ફાવ્યું નહિં તેથી તપોધન બ્રાહ્મણોની મૂર્ખતા અને સહનશીલતાનો લાભ લઇ તેમનો મહિમા ઘટાડવા એ ચાર શ્લોકોના અક્ષરોમાં ફેરફાર કર્યો છે એ વાત નિર્વિવાદ

માની શકાય છે. પરંતુ આમ કરવા જતાં દ્વેષીએ શિવશિવાનો મહિમા પણ ઘટાડયો છે કારણ કે શિવ અને પાર્વતીની અગાધ તપશ્ચર્યા કર્યા પછી પણ વેદ વિદ્યાના અખૂટ ભંડારમાં હાથ ઘાલવાનો અધિકાર તેમની આરાધના કરનારને ના મળે તો પછી તેમનામાં તત્વ શું રહ્યું ? શિવ મહિમાના વિષયમાં કહ્યું છે કે

यथाप्रातःकालेशिवंद्रष्ट्वा निशिपापं विनश्यति ।
आजन्मकृतं मध्यान्हे सायान्हे सप्तजन्मनाम् ॥

ભાવાર્થ. જે મનુષ્ય પ્રાત:કાલમાં શિવલિંગ કે તેમની મૂર્તિનું દર્શન કરેતો રાત્રિયે કરેલું, મધ્યાન્હમાં કરેતો જન્મ ભરનું અને સાયંકાળે કરેતો સપ્તજન્મનું તેનું પાપ મટી જાય છે. મારા પ્રિય વાંચકવૃંદો, જ્યારે આ પ્રમાણે છે ત્યારે તપોધન બ્રાહ્મણોએ ઘણાંક વર્ષ સુધી તપશ્ચર્યા કરી અને ઘણા સમય સુધી તેમનાં દર્શન કર્યાં છતાં તપોધમના તપોધમજ રહ્યા અને તેમને વેદોક્ત કર્મ કરવા કરાવવાનો તથા વેદ વિદ્યા ભણવાનો અધિકાર મળ્યો નથી એમ કહેવું તે શિવજીની મહિમા ઘટાડવા જેવું છે વા અન્ય કાંઇ ?

સંસારમાં ધનની માંગણી અને પુત્રની માંગણી કરવી તે તો માયાના બંધનમાં નાંખનારી માંગણી કહેવાય પરંતુ ઈશ્વર પ્રાપ્ત્યર્થ વિદ્યા પ્રાપ્ત કરવી તે મનુષ્ય જીવનની સાર્થકતા કહેવાય. મહાભારતમાં મહારાજ યુધિષ્ઠિરે ભીષ્મપિતામહને પૂછ્યું છે કે હે પિતામહ ! સર્વનાશક કાળને દોડતો આવતો જોઈ

અને જાણીને મનુષ્યએ કયો કલ્યાણનો માર્ગ શોધવો જોઇએ તે કૃપા કરી મને સમજાવો. ભીષ્મજી કહે છે કે હે કુન્તિપુત્ર યુધિષ્ઠિર! તમે જે પ્રશ્ન કર્યો છે તે વિષયમાં પિતાપુત્રના સંવાદરૂપ પ્રાચીન ઇતિહાસ કહું છું તેને તમે સાંભળો અને સમજો. એક વેદપાઠી બ્રાહ્મણનો ઉત્તમ બુદ્ધિવાળો અને મોક્ષ અને ધર્મના તત્વને તથા સંસારના તત્વને યથાર્થ રીતે જાણવામાં કુશળ મેધાવી નામનો બાળ બ્રહ્મચારી પુત્ર હતો તેણે એક દિવસ પોતાના વેદપાઠી પિતાને નીચે પ્રમાણે પૂછ્યું.

धीरः किंस्वित्तात ! कुर्यात्प्रजानन् क्षिप्रंह्यायुर्भ्रश्यते मानवानाम् ।
पितस्तदाचक्ष्वयथार्थयोगं ममानुपूर्व्यायेन धर्मं चरेयम् ॥

ભાવાર્થ. પૂજ્ય પિતા! મનુષ્યોનું આયુષ્ય શીઘ્ર નષ્ટ થઇ જાય છે એ વાત ધીર પુરૂષે જાણી શું કરવું જોઇએ? હે પિતા! એ વાત મને ક્રમપૂર્વક કહો જેથી હું ધર્મપૂર્વકજ સંસારમાં વર્તન કરૂં. પિતા ઉત્તર દે છે કે.

वेदानधीत्यब्रह्मचर्येणपुत्र ! पुत्रानिच्छेत्पावनार्थं पितृणाम् ।
अग्नीनाधायविधिवच्चेष्ट यज्ञो वनं प्रविश्याथ मुनिर्बुभूषेत् ॥

ભાવાર્થ. હે પુત્ર! મનુષ્ય પ્રથમ બ્રહ્મચર્યાશ્રમમાં રહીને વેદોનું અધ્યયન કરે. પછી પિતરો અર્થાત્ વૃદ્ધ પુરૂષોની સેવા કરવાને ગૃહાશ્રમમાં રહીને પુત્રોત્પન્ન કરે. ત્યાર પછી અગ્ન્યાધાન સોમયાગાદિ કરી વનમાં જઇ મુનિ થવા પ્રયત્ન કરે ઇત્યાદિ આ પરથી જણાશે કે મનુષ્ય જીવ-

નની સાર્થકતા વેદાધ્યયન કરવામાં છે; તો પછી શિવ ભગવાન પોતાના પુત્રને વા પોતાના ભક્તને જીવન સાર્થક કરવાના હેતુથી વિમુખ રાખવાનું કહી શકે? અને તેમ કરનાર ભગવાનને કોઇ ભગવાન પણ કહી શકે? ખરેખર નહિં. મને તો નિશ્ચય પૂર્વક લાગે છે કે આવી રીતનું લખાણ કરનાર કોઇ શિવદ્રોહી વા શિવની નિંદા કરનાર નાસ્તિક હોવો જોઇએ નહિતો શિવજીપર ઉપર પ્રમાણેનું કલંક લગાડવાનું સહાસ કરે નહિં.

પ્રશ્ન. આપના પર બીજો આક્ષેપ એ છે કે આપ શિવ નિર્માલ્ય ગ્રહણ કરો છો જેથી દોષી થાઓ છો અને તે દોષને લીધે આપને વેદાદિનો અધિકાર નથી.

ઉત્તર. મારા પ્રિય બંધુ! આપ આ પ્રમાણે તપોધન બ્રાહ્મણોના વિષયમાં કાંઇ પણ મનમાં ન રાખતાં શુદ્ધ અંતઃકરણથી તમારા મનની વાતો પ્રગટ કરો છો તેથી તમને ધન્યવાદ ઘટે છે. અસ્તુ. પ્રથમ આપણે "શિવનિર્માલ્ય" કોને કહેવામાં આવે છે તે પર વિચાર કરીશું. લોકમાન્યતા એવી છે કે શિવનિમિત્ત, જે પૈસો ધાન્ય વસ્ત્ર આપવામાં આવે વા તેમની પાસે મૂકવામાં આવે તે સર્વ વસ્તુઓ શિવ નિર્માલ્ય વસ્તુઓ છે અને તે જે ગ્રહણ કરે છે તે શૂદ્ર કહેવાય છે. આજ યદિ નિષ્પક્ષ દ્રષ્ટિથી જોવામાં આવે તો બ્રાહ્મણવર્ગનો પણ આમાં સમાવેશ થાય છે કારણકે કેટલાક બ્રાહ્મણો શિવની અનેક પ્રકારની પૂજા કરે છે અને શિવજીની પાસે ધન ધાન્ય મૂકાવી તે સર્વનું ગ્રહણ કરે છે. કેટલાક બ્રાહ્મણો શિવજીની રૂદ્રીઓનો ભાવ રાખે છે અને તે

નિમિત્ત યજમાન પાસેથી પૈસા લે છે કેટલાક બ્રાહ્મણો શિવ-નિર્માલ્ય ધન ધાન્યમાં તપોધન બ્રાહ્મણોની સાથે ભાગ રાખે છે. વળી હું હિંમતથી કહું છું કે મુંબાઇમાં બાબુલનાથના મંદિરમાં તેની ઉપજ ખાનાર વા શિવનિમિ-તે આવતું ધન ધાન્ય લેનાર એક પણ તપોધન બ્રાહ્મણ નથી પરંતુ સર્વ બ્રાહ્મણોજ બાબુલનાથના પૂજારી છે અને તેની આવક તે લોકો ખાય છે. જો આમ છે તો શું તેઓને આજ દિવસ સુધી શિવનિર્માલ્ય ગ્રહણ કરે છે એમ કહી વેદાધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે ? ખરેખર નહિં. ઘણી ખરી બ્રાહ્મણ કોમ આ કાર્યને માટે દૂષિત છે અને તેથી તે સર્વને વેદાધિકાર ન હોવો જોઇએ. મને પણ એ વાત પ્રિય છે કે જે લોકો સંસારમાં આવી પરમેશ્વરને નામે અન્યલોકો પાસેથી પૈસા કઢાવી તેમને અધોગતિના ખાડામાં ઉતારે છે એટલુંજ નહિં પરંતુ નિર્માલ્યવૃત્તિથી પોતાની બ્રાહ્મી વૃત્તિને ભ્રષ્ટ કરે છે તેમને વર્ણથી બહાર કાઢી જ્યાં સુધી તે ધંધામાંથી મુક્ત થાય નહિં ત્યાં સુધી તેમની સાથે કોઇએ વ્યવહાર રાખવો નહિં પરંતુ આજ પરમાત્માના સાચા ભક્તો થોડા છે અને દાંભિક ભક્તો વિશેષ દ્રષ્ટિએ પડે છે. એ વાત નિર્વિવાદ રીતે માન્ય છે કે જે મનુષ્યો ઇશ્વરના નામથી પૈસા કઢાવી પોતાનું ગુજરાન ચલાવે છે તે લોકો સંસારમાં સુખી થતા નથી અને ભારતવર્ષમાં જ્યારથી બ્રાહ્મણ પ્રજાએ તેવો ધંધો આદર્યો છે ત્યારથી તેની શું ગતિ થઇ છે તે મારા વાંચકોના જ્ઞાનથી બહાર નથી તેથી તે વિષયમાં અત્ર જણાવવું નિરર્થક છે. ખેર હવે જ્યારે બ્રાહ્મણ કોમ ઉપર પ્રમાણેનું શિવ-નિર્માલ્ય ગ્રહણ કરવામાં દોષિત નથી તો પછી તપોધન બ્રાહ્મ-

ણોનું તેમ થાય છે એમ કહેનાર કેવળ અન્યાય કરે છે. આ વિષયમાં વળી બીજી વિચારણીય વાત એ છે કે જો શિવ ઉપર ચઢ્યું એટલું બધું શિવનિર્માલ્ય કહેવાતું હોય તો આજ શિવલિંગ ઉપર અનેક બીલીપત્રો ચઢે છે અને તે બીલીપત્રો ભકતોની આંખોએ લગાડવાથી તેઓ એટલે ભકતો પવિત્ર થાય છે એનું શું કારણ ? વળી શિવજીના મસ્તકપર ગંગાજી બીરાજે છે એમ કહેવાય છે જેથી ગંગાજી પણ શિવનિર્માલ્ય કહેવાય પરંતુ તે શિવનિર્માલ્ય ગંગામાં સ્નાન કરી પતીત થયેલા મનુષ્યો પણ પાવન થાય છે ત્યારે શિવનિર્માલ્ય વસ્તુઓ દોષીત કરે છે એ સિદ્ધાન્તને સિદ્ધાન્ત કેમ કહેવાય. આ પરથી સ્પષ્ટ રીતે જણાય છે કે જે મનુષ્યો તપોધન બ્રાહ્મણો પર શિવનિર્માલ્યનો દોષ મૂકી તેમની સાથે ખાવાપીવાનો વ્યવહાર રાખતા નથી તેઓ ઉંધે રસ્તે દોરવાઇ ગયા છે. વળી શિવપુરાણના ૪૪ મા અધ્યાયના ૨૮ મા શ્લોકમાં કહ્યું છે કે

धान्यं फलं च वस्त्रं च घृतं तैलं भवेच्चयत् ।
तत्तत्सर्वं त्वयाग्राह्यं न दोषाय भवेत्पुनः ॥

ભાવાર્થ. ધાન્ય-ફળ વસ્ત્ર ઘી ઇત્યાદિ સર્વ પદાર્થો લેવામાં તને કાંઇ દોષ નથી. જ્યારે શિવજી પોતેજ તપોધન બ્રાહ્મણોને ઉક્ત દોષમાંથી મૂકત કરે છે ત્યારે જે લોકો તેમને દોષીત બતાવી વેદાધિકારથી વિમુખ રાખવા ઇચ્છે છે તેઓના વિષયમાં જે કાંઇ વિચાર થઇ શકતો હોય તે વિચાર કરવા મારા સુજ્ઞ વાંચકોનેજ સોંપુ છું આગળ ચાલતાં શિવપુરાણની વિદ્યેશ્વર સંહિતા અ. ૨૧ ના ૧૫ મા શ્લોકમાં કહ્યું છે કે બ્રહ્મહત્યા

કરનાર પણ યદિ પવિત્ર થઇને નિર્માલ્ય ધારણ કરી તેનો ભક્ષ કરે તો તેના સર્વ પાપ નષ્ટ થઇ જાય છે. આ પરથી પણ સિદ્ધ થાય છે કે અન્ય લોકો તરફથી જે શિવનિર્માલ્યનો આક્ષેપ તપોધન બ્રાહ્મણોપર મૂકી તેમની સાથે અન્ય વ્યવહાર રાખ્વામાં આવતો નથી તે શિવશાસ્ત્રથી તદન વિરૂદ્ધ છે. તેમજ શિવપુરાણના આખા ૪૪ મા અધ્યાયમાં કોઇ પણ ઠેકાણે એમ જણાવવામાં આવ્યું નથી કે તપોધન બ્રાહ્મણો શિવનિર્માલ્ય ગ્રહણ કરે છે માટે તેઓ શૂદ્ર છે અને તેથી તેમને વેદકર્મોનો અધિકાર નથી.

પ્રશ્ન-શિવનિર્માલ્ય તરફથી દ્રષ્ટિ ફેરવીને આગળ ચાલતાં શિવપુરાણના ઉકત અધ્યાયના ૩૨ મા શ્લોક તરફ જોઇએ છીએ ત્યારે તે શ્લોક તપોધન બ્રાહ્મણોને શૂદ્ર સિદ્ધ કરતો હોય એમ પ્રતીત થાય છેઃ અને જો એમ હોય તો પછી તેમને વેદાધિકાર કયાંથી હોઈ શકે ? જુઓ શ્લોક નીચે પ્રમાણે છે.

तिलकं वर्तुलं कार्यं स्नानं कार्यं सदाशुभैः ॥

અર્થાત્. તારે સદા ગોળ તિલક કરવું અને હમેશાં સ્નાન કરવું. હવે બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે કે “ **वर्तुलं शूद्रजातिष्विति** ” એટલે જે ગોળ તિલક કરે છે તે શૂદ્ર જાતિના છે. આ પરથી તપોધન બ્રાહ્મણ જાતિ શૂદ્ર સિદ્ધ થાય છે તેને માટે શું સમાધાન છે ?

ઉત્તર-તમને મેં પ્રથમજ જણાવ્યું છે કે પુરાણોમાં એકે વાત નક્કી નથી એટલે ઘણા ખરા વિષયોમાં પુરાણો સર્વથા મળતાં

નથી પરંતુ તેમાં પરસ્પર વિરોધ છે. આપ પૂછશો કે ભાઇ વળી તિલકના વિષયમાં પુરાણોમાં શુ મતભેદ છે તો ઉત્તાર એ છે કે દેવી ભાગવતમાં નારાયણ વાકય છે તે કહે છે કે

> ऊर्ध्वपुण्ड्रं त्रिशूलं च वर्तुलं चतुरस्रकम् ।
> अर्धचन्द्रादि वा लिंगं वेदनिष्ठो नधारयेत् ॥

ભાવાર્થ–ઉર્દ્ધ્વ પુણ્ડ્ર. ત્રિપુણ્ડ્ર–ગોળાદિ તિલક વેદનિષ્ટ એટલે વેદને માનવા વાળા ધારણ ન કરે. સૂત સંહિતામાં કહે છે કે

> वेदमार्गै कनिष्ठस्तु मोहेनाप्यङ्कितो यदि ।
> पतत्येव न सन्देहस्तथा पुण्ड्रान्तरादपि ॥

ભાવાર્થ. વેદમાર્ગી પુરૂષ યદિ ભૂલથી અંકિત થઇ જાય વા તિલક ધારણ કરે તો તે નિસ્સંદેહ પતિત થઇ જાય છે. પદ્મ પુરાણમાં કહ્યું છે કે

> ब्राह्मणः कुलजो विद्वान् भस्मधारी भवेद्यदि ।
> वर्जयेत्तादृशं देवो मद्योच्छिष्टं घटं यथा ॥

ભાવાર્થ. બ્રાહ્મણ કુળમાં વિદ્વાન્ મનુષ્ય જો ભસ્મ ધારણ કરે તો તેનો, દારૂથી એઠાં થયેલા વાસણની માફક ત્યાગ કરવો. જ્યારે શિવપુરાણ કહે છે કે

> विभूतिर्यस्यनो भाले नांगे रुद्राक्षधारणम्।
> नहि शिवमयी वाणी तं त्यजेदन्त्यजं यथा ॥

ભાવાર્થ. જેના માથાપર ભસ્મ નથી અને ગળામાં રૂદ્રાક્ષ નથી તથા શિવમયી વાણી નથી તે ચંડાળની માફક ત્યાજ્ય છે. તિલક વિષયમાં પુરાણોનો મતભેદને માટે આટલું લખી મારા બુદ્ધિશાળી વાંચકોને વિચાર કરવાને વિનંતિ કરીશ કે ઉપર જણાવી ગયેલા કયા પુરાણોની વાત માની આપણે કેવી તરેહનું તિલક કરવું ? જો કોઇ પણ તરેહનું તિલક કરીયે છીયે તો સૂત સંહિતા અને દેવી ભાગવતના નારાયણ વાકયને ખોટું લાગે છે. જો ભસ્માદિ ધારણ કરીયે છીયે તો પદ્મ પુરાણ ક્રોધે ભરાય છે અને જો ભસ્માદિ ધારણ કરતાં નથી તો બિચારૂં શિવપુરાણ રીસાઇ જાય છે. અસ્તુ. જ્યારે એક તિલક જેવા નજીવા વિષયમાં પુરાણોનો આવો મતભેદ છે ત્યારે આપ પ્રશ્નકર્તાએ બ્રહ્માંડપુરાણનું તપોધન બ્રાહ્મણને શૂદ્ર ઠરાવવાનું વચન બતાવ્યું તે કેવી રીતે માન્ય થઇ શકે. વળી બીજી વિચારવા જેવી વાત એ છે કે જો શિવભગવાને તપોધન બ્રાહ્મણોને શૂદ્ર ધારી વર્તુલાકાર તિલક કરવાનું કહ્યું હોય તો શ્લોકના પાછલા અર્ધ ચરણમાં કહ્યું છે કે " **शिवसंध्या च कर्तव्या गायत्री च तदीयका** " અર્થાત્ " તારે શિવસંધ્યા અને ગાયત્રી કરવી " એ વચન કેવી રીતે ચરિતાર્થ થશે ? શું શૂદ્રને સંધ્યા ગાયત્રી કરવાનો અધિકાર છે ? યદિ કોઇ એમ કહેવામાં આવે કે જે ખરી સંધ્યા છે તેનો અધિકાર શૂદ્રને નથી પરંતુ શિવસંધ્યા અને ગાયત્રીનો અધિકાર તો હશેજ; તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું શિવગાયત્રી અને શિવસંધ્યા જેવી તેવી છે ? અથવા શિવસંધ્યા શૂદ્રત્વને પામી છે ? ના, ના, એમ કદાપિ બને નહિં. પાછળનું અર્ધ ચરણ તો સિદ્ધ કરે છે કે તપોધન બ્રાહ્મણો શૂદ્ર નથી. પુરા-

ણુની તિલક સંબંધી વાતને માનીને જો આગળ ડગલું ભરીયે તો અસલ શ્લોક નીચે પ્રમાણે હોવો જોઈએ નહિં તો શિવ-સંધ્યા અને શિવગાયત્રી શૂદ્રોને માટે છે એવું કોઇ શાસ્ત્રીય પ્રમાણ બતાવવું જોઇએ.

तिलकं पुण्ड्रकं कार्यं स्नानं कार्यं सदाशुभैः ।
शिवसंध्या च कर्तव्या गायत्री च तदीयका ॥

"**पुण्ड्रकं**" શબ્દને બદલે દ્વેષીએ "**वर्तुलं**" શબ્દ ગોઠવી દીધો છે. આ મારા કથનને પુષ્ટિ કરનારૂ એક અન્ય પ્રમાણ છે. લિંગ પુરાણમાં કહ્યું છે કે "**विना भस्मत्रिपुण्ड्रेण नार्चयेत् शिवलिंगकम्**" એટલે ભસ્મ અને ત્રિપુણ્ડ વિના શિવપુજા ન કરવી. જ્યારે તપોધન બ્રાહ્મણોને **૨૫** મા શ્લોકમાં આજ્ઞા આપી છે કે '**पूजां कुर्यादयं बटुः**' અર્થાત્ બટુએ મારી પૂજા કરવી. જો આમ છે તો પછી વર્તુલાકાર તિલક કરાવી તપોધનોને શૂદ્ર બનવાનું કહે નહિં. આટલું છતાં પણ એકતરફી વિચારથી માની લઈએ કે તપોધન તો બ્રાહ્મણ નથી પરંતુ શૂદ્ર છે તો પછી પૃષ્ટવ્ય એ છે કે જે શૂદ્રનીપૂજા કરે છે તે કેવા કહેવાય ! અતિશૂદ્ર વા ચંડાલ ? મેં જેમ આગળ દર્શાવ્યું છે તેમ શિવપુરાણમાં જણાવ્યું છે કે જે કોઇ મનુષ્ય પ્રથમ તારી પૂજા નહિં કરે તેનું સર્વ નિષ્ફળ જશે. આ વચનના આધારે બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યે તપોધનોની પૂજા કરવી જોઈએ જો તેઓ ના કરે તો શિવદ્રોહી કહેવાય છે અને જો પૂજા કરે છે તો તપોધનોને શૂદ્રમાની તેમની પૂજા કરે છે માટે તેમની વર્ણનું ગૌરવ જતું રહે છે. ત્યારે સ્વવર્ણની રક્ષા અર્થે '**तिलकं**

पुण्ड्रकं कार्यं " એ ખરો શ્લોક માની તપોધનોને શૂદ્ર નહિં પરંતુ **પૂજ્ય તપોધન બ્રાહ્મણો, કાંઈ પણ શંકા લાવ્યા શિવાયજ માનવા પડશે.**

પ્રશ્ન. આપે મારા તિલક વિષયના પ્રશ્નનો ખુલાસો કર્યો તે ઠીક છે પરંતુ તમને બ્રહ્મગાયત્રીનો ઉપદેશ નહિં કરતાં ૨૪ મા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે શિવભગવાનને શિવગાયત્રીનો ઉપદેશ તમને શામાટે કરવો પડયો ? તેમના તેવા કથનથી એમ જણાય છે કે તમને બ્રહ્મગાયત્રીનો અધિકાર નથી અને જો તેમ હોય તો વેદાધિકાર પણ નથી એ વાત એની મેળે સિદ્ધ થઇ જાય છે.

ઉત્તર. પ્રિયબંધુ. વસ્તુતઃ ગાયત્રી દરેકને માટે જુદી થઈ શકતી નથી પરંતુ લોકોમાં જેમ જેમ અજ્ઞાન વધતું ગયું તેમ તેમ તેઓએ પોતાને માટે અનેક પ્રકારની કલ્પનાઓ કરી લીધી, તેમ કરતાં કરતાં ચોવીસ પ્રકારની ગાયત્રીઓ બનાવી દીધી, છે અને સંસારમાં મૂખ્ય ગાયત્રીથી લોકો વિમૂખ થઇ ગયા તારી મારી કરી અંદર અંદર કુસંપના બીજવાવી બેઠાં શિવ. બ્રહ્મા અને વિષ્ણુ એ જુદા જુદા ઇશ્વરો નથી પરંતુ ઇશ્વર તો એકજ છે અને ઇશ્વરના અનેક ગુણો હોવાથી તેના જુદા જુદા નામોથી, જુદા જુદા ગુણોનું, જુદા જુદા શબ્દો દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે. જયારે આમ છે ત્યારે શિવગાયત્રી, વિષ્ણુ ગાયત્રી અને બ્રહ્મગાયત્રીમાં ભેદ શાનો? યદિ ઉત્તર એમ મળે કે શિવગુણદર્શક જે ગાયત્રી છે તે શિવગાયત્રી છે અને બ્રહ્મ-ગુણદર્શક ગાયત્રી છે તે બ્રહ્મગાયત્રી છે તો પછી એ પ્રશ્ન ઉભો થશે કે એકજ પરમાત્માના શિવગુણવાળી ગાયત્રી શિવ-

ગાયત્રીના ઉપદેશથી શૂદ્ર બનવું શું ? અને શિવગુણદર્શક ગાયત્રી કરનારને બ્રહ્મગુણદર્શક બ્રહ્મગાયત્રી કરવાનો અધિકાર નથી એમ કહેવામાં પ્રયોજન શું ? શિવગાયત્રી જુદી-વિષ્ણુગાયત્રી જુદી એમ વદવું મને તો કેવળ અવિદ્યાજ ભાસે છે. ગાયત્રી શું વસ્તુ છે તે વિષયમાં આપણે જરા વિચાર કરીશું તો આ બાબત પર વધારે અજવાળુ પડશે. વેદોમાં પ્રાયઃ સાત છંદોનો પ્રયોગ આવે છે (૧) ગાયત્રી. (૨) ઉષ્ણિગ્. (૩) અનુષ્ટુપ્. (૪) બૃહતી. (૫) પંક્તિ. (૬) ત્રિષ્ટુપ્ અને (૭) જગતી. એટલે ગાયત્રી એક છંદનું નામ છે અને તે ગાયત્રી છંદ ચોવીસ અક્ષરોનો થાય છે. છાંદોગ્ય ઉપનિષદ્ અ. ૩-૧૭-૧ માં લખ્યું છે કે " **चतुर्विंशत्यक्षरा गायत्री गायत्रं प्रातःसवनम्** " ભાવાર્થ. ગાયત્રી ચોવીશ અક્ષરોની હોય છે. હવે જે વેદોક્ત ગાયત્રી છે તે તરફ નજર કરીશું તો માલમ પડશે કે તે કેવળ ચોવીસ અક્ષરોનીજ છે. ઉક્ત ગાયત્રી હું નીચે જણાવું છું તે પરથી જોઇ શકાશે.

બ્રહ્મગાયત્રી=**तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि । धियो योनः प्रचोदयात् ॥**

અક્ષરસંખ્યા—**(१) त. (२) त्स. (३) वि. (४) तु. (५) र्व. (६) रे. (७) ण्यं. (८) भ. (९) र्गो. (१०) दे. (११) व. (१२) स्य. (१३) धी. (१४) म. (१५) हि. (१६) धि. (१७) यो. (१८) यो. (१९) नः. (२०) प्र. (२१) चो. (२२) द. (२३) या. (२४) त्. ॥**

હવે, હાલમાં જે શિવગાયત્રી દેખાડવામાં આવે છે તે નીચે પ્રમાણે છે.

શિવગાયત્રી—**तत्पुरुषाय विद्महे महादेवाय धीमहि। तन्नो रुद्राय प्रचोदयात्॥**

અક્ષર સંખ્યા—(१) **त.** (२) **त्पु.** (३) **रु.** (४) **षा.** (५) **य.** (६) **वि.** (७) **द्म.** (८) **हे.** (९) **म.** (१०) **हा.** (११) **दे.** (१२) **वा.** (१३) **य.** (१४) **धी.** (१५) **म.** (१६) **हि.** (१७) **त.** (१८) **न्नो.** (१९) **रु.** (२०) **द्रा.** (२१) **य.** (२२ **प्र** (२३) **चो.** (२४) **द.** (२५) **या** (२६) **त्.**

ઉપર પ્રમાણે વિચાર કરવાથી વિદિત થાય છે કે શિવગાયત્રી ૨૬ અક્ષરોની થાય છે જ્યારે શાસ્ત્રકારનું કથન છે કે ગાયત્રી હમેશાં ચોવીશ અક્ષરોનીજ હોઇ શકે. જો આમ છે તો ઉપર દર્શાવેલી શિવગાયત્રી ગાયત્રી થઇ શકે કે કેમ તે વિચારણીય છે; તેમ છતાં પણ માની લઇએ કે તે ગાયત્રી છે તો પણ તેથી તપોધન બ્રાહ્મણોની હલકાઇ સિધ્ધ થતી નથી કારણ કે બ્રહ્મગાયત્રી તો પ્રથમથીજ મહાત્મા સુદર્શન જાણતા હતા તેથી તેનો ઉપદેશ તેને કરવો નિરર્થક હતો અતએવ શિવજીએ બ્રહ્મગાયત્રી ઉપરાંત પોતાના ભક્તપર પ્રસન્ન થઇ શિવગાયત્રીનો ઉપદેશ કર્યો છે તો તેમાં તપોધન બ્રાહ્મણોનું બ્રહ્મત્વ અને વેદાધિકાર નષ્ટ થવાનું કાંઇ કારણ નથી.

પ્રશ્ન. પ્રિયભ્રાતા ! તમે હમણાં સુદર્શનને સુદર્શન મહાત્મા કહી ગયા તે તમારો પક્ષપાત છે વા અન્ય કાંઇ ? તમે તો તમારી

જાતની પ્રસંશા કરવામાં એટલા મશગુલ બની ગયા છો કે સુદર્શને અવિચારી કૃત્ય કર્યું તે વિસરી જઇને તેમને સુદર્શન શૂદ્ર નહિં કહેતાં મહાત્મા કહો છો. આ તો તમારો હડહડતો પક્ષપાત માલમ પડે છે.

ઉત્તર. મિત્રવર્ય ! આકળા અને ઉતાવળા થયે ધાર્મિક વિષયોનો વિચાર થઇ શકતો નથી અને અન્યને પક્ષપાતી સિદ્ધ કરી શકાતું નથી પરંતુ તમે દ્વેષની આંખોથી જુઓ છો એમ સિદ્ધ થઇ જાય છે માટે હું પૂછું તેનો શાંતિથી ઉત્તર આપો. કહો, તમે વર્ણવ્યવસ્થા જાતિથી માનો છો વા ગુણકર્મ સ્વભાવથી ?

ઉત્તર. આજકાલ આર્યસમાજ શિવાય આપણા સનાતની બંધુઓ વર્ણવ્યવસ્થા જાતિથી માને છે તેમ હું પણ માનું છુ.

પ્રશ્ન. વર્ણવ્યવસ્થા જાતિથી એટલે શું તે જરા વધારે સ્પષ્ટ કરીને સમજાવો.

ઉત્તર. જે મનુષ્ય જે વર્ણમાં અર્થાત્ બ્રાહ્મણ ક્ષત્રિય ઇત્યાદિ વર્ણમાં ઉત્પન્ન થયો હોય તે વર્ણનો તે કહેવાય તેમાં કાંઈ ફેરફાર થઇ શકે નહિં.

પ્રત્યુત્તર. ત્યારે સુદર્શન બ્રહ્મયોનિમાં ઉત્પન્ન થયા માટે તે તેમના તે જન્મમાં તો બ્રાહ્મણજ રહી શકે માટે શૂદ્ર કહેવાનો તમને અધિકાર નથી. જો એમ કહેવામાં આવે કે હમે તો ગુણકર્મસ્વભાવથી વર્ણવ્યવસ્થા માનીયે છીયે અને તે નિયમ પ્રમાણે સુદર્શન શૂદ્ર કહેવાશે. તો ઉત્તર એ છે કે જ્યારે સુદર્શને દુષ્કર્મ કર્યું ત્યારે તે શૂદ્ર અને પાછળથી જ્યારે નિયમસર શિવારાધના કરી ત્યારે પુનઃ ગુણકર્માનુસાર મહાત્મા થયા

અને તે નિયમ અનુસરીને શિવ ભગવાને શિવપુરાણમાં સુદર્શનને મહાત્મા કહ્યા છે. જુઓ શ્લોક ૩૧. **चत्वारो वट्टकास्त स्य सुदर्शन महात्मनः** કેમ ભાઇ ! હવે તો આપને ખાત્રી થઇ હશે કે હું પક્ષપાત કરતો નથી પરંતુ જે શિવજીએ કહ્યું છે તેજ કહું છું અસ્તુ. અહિં સુધી મારા વિદ્વાન વાંચકોના વિચારાર્થ મારી અલ્પમતિપ્રમાણે પ્રશ્નોત્તર રૂપમાં કથન કર્યું. હવે મારા એક મિત્ર તરફથી દાધીચોત્પત્તિ નામનું એક પુસ્તક જેના કર્તા પં. લક્ષ્મીનારાયણ શિવપ્રસાદ છે તે પુસ્તક મને ઉત્તરાર્થ મોકલ્યું છે તે વિષયમાં મારી બુદ્ધિ અનુસાર વિચાર દર્શાવીશ. ઉપરોકત પડીતજીએ ઉપર દર્શાવેલા પુસ્તક દ્વારા તપોધન બ્રાહ્મણોને શૂદ્ર ઠરાવી તેમને વેદાધિકારથી બહિર્મુખ રાખવાનો પ્રયાસ કર્યો છે પરંતુ મારે એટલું તો જણાવવુંજ પડશે કે તે પંડીતજી મહારાજે તે પુસ્તક લખવામાં પોતાની બુદ્ધિને પોતાનું કામ કરવાનો અવકાશ આપ્યો હોય એમ મને પ્રતીત થતું નથી કારણકે તેમણે કેવળ શિવપુરાણનો ૪૪ મો અધ્યાય આપ્યો છે અને તેનાપર શાસ્ત્રીની ટીકા આપી છે અને કોઇ કોઇ ઠેકાણે અસલ સંસ્કૃત ટીકામાં ફેરફાર કર્યો છે પરંતુ તેમણે અમુક શ્લોકનો અમુક અર્થ થાય છે અને અન્ય શાસ્ત્રના આધારે તે શ્લોકની શાસ્ત્રીઓએ કરેલી ટીકાને આ પ્રમાણે પુષ્ટિ મળે છે ઇત્યાદિ વાતોનો વિશેષ વિચાર કર્યો નથી જેથી મારે તેમના પુસ્તકપર કાંઇ લખવા જેવું નથી વળી શિવપુરાણના વિચારવા લાયક શ્લોકોપર સેં મારો વિચાર આગળ આ પુસ્તકમાં દર્શાવ્યો છે જેથી ઉક્ત પંડીતજીની એકાદ બે વાતો શિવાય અન્ય કોઇ વાતોપર પુનઃ વિચાર ન કરતાં વિષય તરફ

મારા સુજ્ઞ વાંચકોનું લક્ષ ખેંચીશ. પંડીતજી પોતાના પુસ્તકના દશમા પાના પર લખે છે કે શિવપુરાણના ૪૪ મા અધ્યાયના ૨૫ મા શ્લોકમાં કહ્યું છે કે—

ओंनमः शिवायैव श्रीशब्दपूर्वकायच ।

वारान् षोडशसंकल्प्य पूजां कुर्यादयं वटुः ॥

(પં. લક્ષ્મીપ્રસાદે ભાષમાં કરેલો અર્થ)— " **श्री नमः शिवाय " इस मंत्रका उच्चारण कहवाया. षोडशोपचार पूजा बटुने की. इस मंत्रमेंभी ओंकारके स्थानमें श्री शब्द कीया सो वेदके अनधिकारी समझही के किया. "**

ગુજરાતીમાં ભાવાર્થ= " श्री नमः शिवाय ' ' મંત્રનો ઉચ્ચાર કરાવ્યો. ષોડશોપચાર પૂજા બટુએ કરી આ મંત્રમાં ઓંકારના સ્થાનમાં શ્રી શબ્દ કર્યો તેનું કારણ કે તપોધન બ્રાહ્મણો શૂદ્ર છે અને તેમને ઓં શબ્દ બોલવાનો અધિકાર નથી એટલે વેદનો અનધિકાર છે એમ સમજવું." પોતાના પુસ્તકમાં, સંસ્કૃત ટીકાકારની ઉપરના શ્લોકપર જે ટીકા આપી છે તેમાં ફેરફાર કરીને તે છપાવી છે. તે, ટીકાવાળુ શિવપુરાણ જે હાલ મળે છે તેમાંની સંસ્કૃત ટીકા જોવાથી વિદિત થશે. તેમના પુસ્તકમાં જે ટીકા છપાવી છે તે નીચે પ્રમાણે છે.

ओमिति । श्रीनमःशिवायेति मन्त्रं षोडशवारं संकल्प्य जपित्वाऽयं वटुः सुदर्शनः पूजां कुर्यादित्युपादिशदित्यर्थः ॥

હાલના શિવપુરાણમાં જે અસલ ટીકા છે તે નીચે પ્રમાણે છે.

ओंनमः श्री शिवायेति मंत्रं षोडशवारं संकल्प्य इत्यादि

મારા ન્યાયી વાંચકોને હું વિચાર કરવા વિનંતિ કરૂંછું કે સંસ્કૃત ટીકામાં જ્યાં મેં લીંટી દોરી છે તેમાં પંડિતજી મહારાજે કેવો ફેરફાર કરી પોતાનો સ્વાર્થ સાધવા પ્રયત્ન કર્યો છે તે આપ જોઈ શકશો અને આ પરથી મારૂં પ્રથમનું કથન કે લોકોએ દ્વેષને લીધે પુરાણોના અસલ શ્લોકોમાં પણ ફેરફાર કર્યો છે તેને પણ પુષ્ટિ મળશે. અસલ ટીકામાં જ્યારે "**ओंनमःश्रीशिवाय**" છે ત્યારે પોતે પોતાના પુસ્તકમાં ઓમ્ ને ઉડાવી દીધો અને "**श्रीनमःशिवाय**" કરીને બતાવ્યું છે કે તપોધન બ્રાહ્મણોને " ઓં " શબ્દને બદલે "શ્રી" શબ્દનો ઉચ્ચાર કરવાનું કહ્યું છે જેથી તેમને વેદનો અનધિકાર છે એમ સિદ્ધ થાય છે. વાહરે ! પંડિતજી વાહ ! આપે આપની પંડિતાઇ તપોધન બ્રાહ્મણોને અન્યાય આપવામાં ઠીક કામે લગાડી છે. આનું નામ બીજું કાંઈ નહિં પરંતુ તપોધન બ્રાહ્મણો હજુ સુધી પણ પોતે અંધકારમાં આંખો બંધ કરી બેઠા છે એમ સમજી તેમની દેખીતી આંખોમાં ધુળ નાંખવા જેવું છે. એ વાત સત્ય છે કે જ્યારે મનુષ્યએ આંખોપર દ્વેષના ચશ્મા ચઢાવ્યા હોય છે ત્યારે તે સારૂ વા નરસુ જોઈ શકતો નથી તે પ્રમાણે અત્ર પણ થયું હોય એમ મને ભાસે છે. ખેર, ટીકાકારના કથનથી સિદ્ધ થાય છે કે " **ओम्** " શબ્દ બોલવાનો અધિકાર તપોધન બ્રાહ્મણોને છે તેથી તેઓ શૂદ્ર નથી પરંતુ બ્રાહ્મણોજ છે. વધારે સ્પષ્ટીકરણ

કરવાને શિવપુરાણનું હિંદી ભાષામાં ભાષ્ય કરનાર પંડિત જ્વાલાપ્રસાદ મિશ્ર જેમનું નામ ઉપરોક્ત પંડિતજીના પુસ્તકમાં ઝળકે છે તે પંડિતજી વિવાદાસ્પદ શ્લોકનો ભાવાર્થ શું કરે છે તે તરફ આપણે લક્ષ આપીશું. તે કહે છે કે

" ओंश्रीनमःशिवाय" इस प्रकार सोलहवार उच्चारण संकल्प कर यह ब्रह्मचारी पूजा करे. "

અર્થાત્. " **ओंश्रीनमःशिवाय** " નામના મંત્રનું સોળ વખત ઉચ્ચારણ કરી આ બ્રહ્મચારી પૂજા કરે.

આ ઉપરોક્ત સર્વ વિચારથી પંડિતજી મહારાજનો પુસ્તક લખવાનો શું હેતુ હશે તેનો ખ્યાલ કરવા મારા બુધ્ધિશાળી વાંચકોને સોંપી આગળ વિચાર કરીશું. આપણા ભલા પંડિતજીના કહેવા પ્રમાણે એમ માનીયે કે " **श्रीनमःशिवाय** " નામનો મંત્ર ઉચ્ચાર કરવાનું તપોધન બ્રાહ્મણોને કહ્યું છે તેથી પણ તપોધનો, બ્રાહ્મણ મટી શૂદ્ર થઇ શકતા નથી તેમજ તેમનો વેદાધિકાર જતો રહેતો નથી કારણ કે શ્રી શબ્દના ઉચ્ચારથી મનુષ્ય શૂદ્ર કહેવાય છે વા શૂદ્રોએ એટલે વેદના અનધિકારીઓએ શ્રી શબ્દોચ્ચાર કરવો જોઇએ એવું કોઇ શાસ્ત્રીય પ્રમાણ ઉક્ત શાસ્ત્રીજીએ આપ્યું નથી અને મને જ્યાં સુધી ખબર છે ત્યાં સુધી એવું કોઇ પ્રમાણ છે પણ નહિં પરંતુ થોડા સમયને માટે દુર્જનતોષન્યાયથી એ વાત માની પણ લઇએ કે શ્રી શબ્દ કેવળ શૂદ્રોને માટેજ છે તો શિવપુરાણમાં અનેક ઠેકાણે શ્રી શબ્દ વપરાયો છે; જેવી રીતે કે " **इतिश्रीशिवपुराणे इत्यादि** " ત્યારે શું શિવપુરાણ શૂદ્રોને માટે છે વા સ્વયં શૂદ્ર

છે અથવા શ્રી શબ્દ શૂદ્રોને માટે છે એમ કહેનાર શૂદ્ર છે? વળી પં. જ્વાલાપ્રસાદમિશ્ર જેમણે શિવપુરાણનું ભાષાન્તર કર્યું છે તે પ્રથમજ લખે છે કે "**श्रीः भूमिका**"; વળી ભૂમિકા લખી રહ્યા પછી આગળ ચાલતાં ભાષ્યના પ્રારંભમાં વેદમંત્રોથી પ્રાર્થના ન કરતાં વા **ओम्** શબ્દ ન વાપરતાં "**श्रीगणेशायनमः**" લખે છે તેથી તેમને ઓમ્ ના સ્થાનમાં શ્રી શબ્દ વાપરવાને માટે શૂદ્ર કહેવાય કે કેમ તેનો પંડિતજીએ ખુલાસો કર્યો નથી. તે શિવાય આજ જેટલા બ્રાહ્મણો કર્મકાંડ કરે છે વા કરાવે છે તેઓ સર્વ શ્રીગણેશાયનમઃ મંત્રથીજ પ્રારંભ કરે છે તો શું તેઓ શૂદ્ર છે? વળી અર્વાચીન સમયના જેટલા લખાયલા પુસ્તકો છે તેમાં દરેકમાં અને દરેક બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યના ચોપડાઓમાં ઓમ્ ને બદલે શ્રી શબ્દ વપરાય છે તો શું તેઓ શૂદ્ર છે? મને લાગે છે કે પંડિતજી મહારાજે આના ઉત્તરમાં મૌન સાધ્યા શિવાય છુટકો નથી. તપોધન બ્રાહ્મણોપર બીજું શસ્ત્ર અમારા વિદ્વાન પંડિતજીએ ફેંક્યું છે તે નીચે પ્રમાણે છે.

जलादि नमस्कारांतं पूजयेद्वृषभध्वजम् ।
मंत्रवाद्यित्रपूजाभिःसंनिधावृषिणां तदा ॥ २६ ॥
नाममंत्राननेकांश्च पाठयामासत्वैतदा ॥ २७ ॥

પં. લક્ષ્મીપ્રસાદકૃત ભાવાર્થ— "केवल नाममंत्रसेही जलादिनमस्कारान्त शिवजीका पूजन किया ऐसे मंत्र ओर बाजे युक्त पूजासे शंकरको प्रसन्न कर अनेक नाम

मंत्रोका पाठ करवाती हुइ, यहांभी वेदके मंत्र ओर सुक्त नहिं उच्चारण करवानेका कारण अनधिकार शूद्रताही है."

(ઉપરોકત હિંદી અર્થનો ગુજરાતી અનુવાદ) "કેવળ નામ મંત્રથી જલાદિ નમસ્કારાન્ત શિવજીનું પૂજન કર્યું. એવા મંત્રો અને વાજાથી શિવજીને પ્રસન્ન કર્યા. અનેક નામ મંત્રોનો પાઠ કરાવ્યો. અનેક નામ મંત્રોનો પાઠ કરાવવો અને વેદના મંત્રોનું અને સુકતનું ઉચ્ચારણ નહિં કરાવવું તે વેદનો અનધિકાર અને શૂદ્રત્વ ઠરાવે છે." હવે આ શસ્ત્રપર વિચાર કરતાં શ્લોકનો સરળ અર્થ શું છે તે આપણે તપાસીશું. સરળાર્થ.=જલાદિ નમસ્કાર પર્યન્ત શિવજીનું પૂજન કરાવી મંત્ર વાજા અને પૂજા સહીત અનેક પ્રકારનાં નામો અને અનેક મંત્રોનું ઉચ્ચારણ કરાવતાં કરાવતાં ઋષિઓની સમીપ સુદર્શનને ગિરિજા લાવ્યા. આ, શ્લોકનો સરળાર્થ છે. આ પરથી જોઈ શકાશે કે તેમાં વેદ મંત્રોનુ અને સુકતોનું ઉચ્ચારણ ન કરવું એ વિષયની તો શ્લોકમાંથી ગંધમાત્ર પણ આવતી નથી તો પછી પંડિતજી મહારાજે ભાષાનુવાદ કરતાં તેવો અર્થ કયાંથી કાઢયો તે કાંઇ સમજાતું નથી. શાસ્ત્રી જ્વાલાપ્રસાદજી શું કહે છે તે પણ તપાસીશું. તે ઉપરોકત શ્લોકનો નીચે પ્રમાણે અર્થ કરે છે અને તે મારા સરળાર્થને મળતો અર્થ છે.

" जलसे आदि नमस्कार पर्यन्त वृषभध्वजका पूजन कराय मंत्र बाजे ओर पूजासे ऋषियोंके समीपमें अनेक प्रकारके नाम ओर मंत्र पढवाती हुई इत्यादि."

આનો અર્થ જેમ મેં ઉપર કર્યો છે તેમ છે જેથી હું ગુજરાતીમાં તેનો અનુવાદ કરતો નથી. વળી પંડિતજીએ પોતાના પુસ્તકમાં જે સંસ્કૃત ટીકા લખી છે તે તરફ નજર કરીશું. **नाममंत्रानिति। शिवाय नम इत्यादीन्॥** એટલે શિવના અનેક નામો શંકર, સ્વયંભુ ઇત્યાદિ અને અનેક મંત્રો જેવા કે **नमः शम्भवायच इत्यादि.** આ પરથી વાંચકો સ્પષ્ટ રીતે સમજી શકશે કે મૂળમાં તો વેદનો અનધિકાર વા શૂદ્રત્વ સિદ્ધ કરનારૂં એક પણ વાકય વા શબ્દ નથી પરંતુ પોતાથી ઇતર કોમને જાણી જોઇને હલકી પાડવાનો અન્ય પક્ષનો ઇરાદો છે મૂળમાં તો ઉલટું એમ જણાવ્યું છે કે સૂદર્શનની પાસે અનેક વેદમંત્રો બોલાવ્યા. હવે જ્યારે આમ છે ત્યારે વેદનો અનાધકાર કયાંથી નીકળ્યો તે તો પંડિતજી જાણે, તે છતાં પણ કદાચિત્ પંડિતજી મહારાજ પોતે શુદ્ધ બ્રાહ્મણ છે તેથી તેમનું કથન માની પણ લઇએ તો પણ જે કાંઈ હતું વા થયું તે સર્વ સુદર્શનને માટેજ છે. તેમની પાછલી પ્રજાને માટે છે એવો ભાવ કોઈ કાળે પણ કોઇ વિદ્વાન, તે જોઇએ તેવો સમર્થ વિદ્વાન હોય, તોપણ ઉપજાવી શકશે નહિં. વિદ્વદ્ધર્ય પંડિતજી મહારાજ પોતાના પુસ્તકના વિજ્ઞાપનમાં લખે છે કે

“ शिवपुराणकी भाषाटीकाके कर्ता विद्यावारिधिमहामहोपदेशक मुरादावाद निवासी मिश्र ज्वालाप्रसादजी है जिन्होंने केवल भाषाश्लोकाङ्क सहित जिल्दाकार शिवमहापुराण विद्येश्वर संहिता की २१ वे अध्यायका ४३ वे श्लोकमेंभी इसी ४४ वे अध्यायके अनुकुल स्पष्टार्थ किया है ”

ભાવાર્થ. "મુરાદાબાદ નિવાસી મિશ્ર જ્વાલાપ્રસાદજીએ કેવળ ભાષા શ્લોકાંક સહિત શિવમહાપુરાણમાં વિદ્યેશ્વર સંહિતાના ૨૧ મા અધ્યાયના ૪૩ મા શ્લોકનો ૪૪ મા અધ્યાયને અનુકુળ સ્પષ્ટાર્થ કર્યો છે." ઉપરોક્ત પંડિતજીનું શિવપુરાણ ભાષ્ય જોતાં તેમાં વિદ્યેશ્વર સંહિતાના ૨૧ મા અધ્યાયના ૪૩ મા શ્લોકનો નીચે પ્રમાણે સ્પષ્ટાર્થ કર્યો છે તે વાંચકોની સેવામાં નિવેદન કરૂં છું. "**शिवनामके प्रभावसे उत्तम सद्गति प्राप्त होती है. मुने! पूर्वकालमें इन्द्रद्युम्न राजा बडा पापी था**" ભાવાર્થ. શિવ નામના પ્રભાવથી ઉત્તમ સદ્ગતિ પ્રાપ્ત થાય છે. હે મુનિ! પૂર્વકાળમાં ઇન્દ્રધુમ્ન રાજા ઘણો પાપી હતો. આ પ્રમાણે ૪૩ મા શ્લોકનો સ્પષ્ટાર્થ પં જ્વાલાપ્રસાદ મિશ્રએ કરેલો છે તો આ સ્પષ્ટાર્થને જ્ઞાન સંહિતાના ૪૪ મા અધ્યાયની સાથે શું અનુકુળતા છે તે પણ હમારા પંડિતજી જાણે. આ પ્રમાણે દાધીચોત્પત્તિ પુસ્તકપર વિચાર કરતાં તે પુસ્તકમાંથી એક સત્ય વાત બહાર નીકળી આવે છે તેના પર મારા પાઠકોનું ધ્યાન ખેંચું છું. તે લખે છે કે "**जब ऐसे विद्वान् तपोनिधि के वंशका ही यह हाल हुवा तब अन्य तुच्छ जीवोंकी कया कथा इत्यादि**" ભાવાર્થ. જ્યારે આવા વિદ્વાન્ તપોનિધિના વંશના આવા હાલ થયા તો અન્ય તુચ્છ જીવોની તો કથાજ શું? આ ઉપરથી સારાંશ એ નીકળે છે કે શૂદ્ર કહેવાતા બ્રાહ્મણોનું મૂળ હું જેમ આગળ દર્શાવી ગયો છું તેમ તપોનિધિ–તપોધન વા તાપસ બ્રાહ્મણો છે અને પોતાના પૂર્વજોના ગૌરવને ખીલવવાને માટે દધીચિ અને અન્ય ઋષિઓ વેદવિદ્યાનો આશ્રય લઇ પ્રયાસ કરી સંસારમાં પોતાની કીર્તિ મૂકી ગયા છે તેમ

તેમણે પણ કરવું જોઇએ. દધીચિકુળમાં ઉત્પન્ન થયેલા સુદર્શને એવું કોઈ મહાન્ પાપ કર્યું નથી કે જેથી તેને બ્રાહ્મણકુળમાંથી કાઢી નાંખી શૂદ્રકુળમાં નાંખી શકાય તેણે શિવરાત્રિના સમયે પોતાની સ્ત્રી સાથે ભોગ કર્યો અને ત્યારપછી સ્નાન કર્યા શિવાય શિવજીની પૂજા કરવા ગયા. આ પાપ છે કિંતુ આજ કાલના બ્રાહ્મણ લોકો જે પોતાની કન્યાઓના હજારો રૂપીઆ લઇ તેમાં પોતાનું ગુજરાન ચલાવે છે અને વૃદ્ધાવસ્થામાં દશ વર્ષની કન્યા સાથે લગ્ન કરી બાળાના અખિલ સંસારસુખપર છીની ફેરવે છે ઇત્યાદિ પાપો કરતાં ઘણુજ ઓછું પાપ છે પરંતુ હાય! તેવા માણસોને બ્રાહ્મણકુળમાંથી શૂદ્રકુળમાં નાંખી તેમનો વ્યવહાર બંધ કરવામાં ન આવતાં તેમની સાથે બેસી ભોજન કરવામાં આવે અને તેમને સાથે લઇ વૈદિક કર્મકાંડ કરાવવામાં આવે છે તે શું ભારતવર્ષની અધોગતિનુ ચિન્હ નથી? અધોગતિનું ચિન્હ હો વા નરકનું ચિન્હ હો તે બાબત પર વિચાર ન કરતાં દ્વેષને લીધે એક બ્રાહ્મણકોમને શૂદ્ર ઠરાવવાનો યેન-કેનપ્રકારેણ પ્રયાસ કરવામાં આવે છે. અસ્તુ.

પ્રિય પાઠક ગણ! આ પ્રમાણે શિવપુરાણના ૪૪ મા અધ્યાય પરથી પણ તપોધન બ્રાહ્મણોની મહત્વતાજ સિદ્ધ થાય છે. હવે સુદર્શને પોતે શિવરાત્રીને સમયે પોતાની સ્ત્રી સાથે સંભોગ કરી સ્નાન કર્યા શિવાય શિવજીની પૂજા માટે ગયા તેથી શિવજી ક્રોધે ભરાયા તે શિવાય તેમનું અન્ય કોઇ અધર્મ કૃત્ય શિવ-પુરાણમાં જણાવવામાં આવ્યું નથી. પુરાણોમાં આનાશિવાય બ્રહ્માજી ઇત્યાદિએ અનેક પ્રકારના ધર્મવિરૂદ્ધ કર્મો કરેલાં વર્ણવવામાં આવ્યાછે પરંતુ તેના પ્રાયશ્ચિત્તમાં કોઈને વેદવિદ્યાથી

વિમુખ રાખવામાં આવ્યા હોય એવું મારા જાણવામાં આવ્યું નથી. શિવપુરાણની જ્ઞાન સંહિતાના ૧૮ મા અધ્યાયના ૬૨ થી ૬૮ સુધીના શ્લોકમાં જણાવ્યું છે કે "બ્રહ્માજી શિવજીના પાર્વતી સાથે લગ્ન કરાવવા આવ્યા હતા ત્યારે શિવજીના અંગુષ્ટ દર્શનથી તેમનો વીર્યપાત થયો અને તે ખોળામાં તેમણે છુપાવી રાખ્યો તેથી યજ્ઞોપવિત ધારણ કરેલા અનેક બ્રહ્મચારીઓ તેમાંથી ઉત્પન્ન થયા અને તે સર્વ બ્રહ્માજીને નમસ્કાર કરી તેમની પાસે આવીને ઉભા. આ સર્વ બ્રહ્માજીનું અકર્તવ્ય કૃત્ય જોઇ શિવજી તેમના પર ગુસ્સે થયા પરંતુ બ્રહ્માજીએ પ્રાર્થના કરી તેથી તેમને ગંગાજળ વડે પવિત્ર કરી વિવાહ કાર્યમાં નિયોજીત કર્યા. તે સર્વ બ્રહ્મચારીઓ વેદજ્ઞાતા થયા. આ પ્રમાણે બ્રહ્માજીએ ધર્મવિરૂદ્ધ એટલુંજ નહિં પરંતુ કુદ્રતવિરૂદ્ધ કર્મ કર્યું છતાં તેમને તથા તેમની સંતતિને વેદથી વિમુખ રાખવાનો શ્રાપ આપ્યો નહિં તો સુદર્શનને તથા તેની પ્રજાને માટે તેમ થવાનું કાંઇ કારણ પ્રતીત થતું નથી. હવે જ્યારે મનુષ્ય પાપ કર્મ કરે છે ત્યારે તેમાંથી મુકત કરવાને માટે તેની પાસે પ્રાયશ્ચિત કરાવી તેને શુદ્ધ કરવામાં આવે છે એમ શાસ્ત્રકાર કહે છે. પ્રાયાશ્ચિત કરવાનું તાત્પર્ય એ છે કે ચિત્તવૃત્તિમાં પાપવાસના લાગી હોય તો તે છુટી જાય, અશુદ્ધિની નિવૃત્તિ થાય અને ધર્મ કર્મમાં પ્રવૃત્તિ થાય; જ્યારે આ પ્રમાણે છે તો પછી તપોધન બ્રાહ્મણોને શૂદ્ર રહેવાનું અને વેદથી વિમુખ રહેવાનું

કાંઇ કારણ જણાતું નથી. પ્રાયશ્ચિત્ત ને અંગે તપોધન બ્રાહ્મણોને શૂદ્ર બની વેદથી વિમુખ રહેવું પડે છે કે કેમ તે મનુભગવાન અને અન્ય શાસ્ત્રકારોના પ્રાયશ્ચિત્ત પ્રકરણપરથી સમજી શકાશે. મનુભગવાન મનુસ્મૃતિના એકાદશ અધ્યાયમાં કહે છે કે,

अकामतःकृतं पापं वेदाभ्यासेन शुध्यति ।
कामतस्तु कृतं मोहात्प्रायश्चित्तैः पृथग्विधैः ॥ ४६ ॥

ભાવાર્થ. જે પોતાની ઇચ્છાવિના પાપ કરે છે તે મનુષ્ય વેદાભ્યાસથી તે પાપમાંથી મુક્ત થાય છે અને મૂર્ખતાને લીધે ઇચ્છાથી જે મનુષ્ય પાપ કરે છે તે મનુષ્ય જુદા જુદા પ્રાયશ્ચિત્તો કરવાથી તે પાપમાંથી મુક્ત થાય છે. મનુસ્મૃતિના આઠમા અધ્યાયમાં કહ્યું છે કે

सहस्रं ब्राह्मणो दण्डो गुप्तां विप्रां बलाद्व्रजन् ।
शतानि पञ्चदण्डः स्यादिच्छन्त्या सहसंगतः ॥३७८ ॥

ભાવાર્થ. રક્ષિતા બ્રાહ્મણીની સાથે યદિ બ્રાહ્મણ બલાત્કારથી મૈથુન કરે તો સહસ્ર પણ અને સ્ત્રીની પોતાની ઇચ્છાથી મૈથુન કરે તો તેને પાંચસો પણ દંડ આપવો યોગ્ય છે. વળી.

अगुप्ते क्षत्रिया वैश्ये शूद्रां वा ब्राह्मणो व्रजन् ।
शतानि पञ्चदण्डः स्यात्सहस्रं त्वन्त्यजास्त्रियम् ॥३८५॥

ભાવાર્થ. બ્રાહ્મણ, જો ક્ષત્રિય-વૈશ્ય વા શુદ્ર સ્ત્રી સાથે ગમન કરે તો તેને પાંચસો પણ દંડ અને અન્ત્યજ સ્ત્રી સાથે ગમન કરે તો સહસ્ર પણ દંડ થવો જોઇએ.

વળી મહર્ષિ દેવલે પ્રાયશ્ચિત્ત નિર્ણય ગ્રંથમાં કહ્યું છે કે

अपेयं येन संपीतम भक्ष्यं येन भक्षितम् ।
म्लेच्छैर्नीतेन विप्रेण ह्यगम्या गमनं कृतम् ॥ २७ ॥

ભાવાર્થ બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યમાંથી કોઇને પણ જેને મ્લેચ્છોએ ગ્રહણ કર્યો હોય, તેણે નહિં પીવાની વસ્તુ પીધી હોય, નહિં ખાવાની વસ્તુ ખાધી હોય તથા અગમ્યા અર્થાત્ અયોગ્ય સ્ત્રી સાથે ગમન કર્યું હોય તો કહે છે કે

तस्य शुद्धिं प्रवक्ष्यामि यावदेकं तु वत्सरम् ॥ २८ ॥

ભાવાર્થ. ઉપર દર્શાવેલું કર્મ એકવર્ષસુધી કર્યું હોય તો તેની શુદ્ધિ કેમ થાય તે કહું છું

चान्द्रायणं तु विप्रस्य सपराकं प्रकीर्तितम् ॥ २९ ॥

ભાવાર્થ. બ્રાહ્મણે, તેવા કર્મને માટે પોતાની શુદ્ધ્યર્થ પરાકવ્રત અને ચાંદ્રાયણ વ્રત કરવાં જોઇએ.

આપસ્તંબજી આચાર્ય પોતાના પુસ્તકમાં કહે છે કે

उच्छिष्टमार्जनं चैव तथा तस्यैव भक्षणम् ॥
तत्स्त्रीणां तथा संगस्ताभिश्च सह भोजनम् ॥ ३० ॥

ભાવાર્થ. મ્લેચ્છોએ જે બ્રાહ્મણને પોતાનું એઠું ખવડાવ્યું હોય અને સાફ કરાવ્યું હોય તથા તેની સ્ત્રી અર્થાત્ ચાંડાલણી વા ભંગિણીનો સંગ થયો હોય અને તેવી સ્ત્રીઓ સાથે ભોજન કર્યું હોય તો તે બ્રાહ્મણે પોતાની શુદ્ધિ અર્થ નીચે પ્રમાણે કરવું જોઇએ. કહે છે કે

कृच्छ्रान् संवत्सरं कृत्वा सान्तपनान् शुद्धिहेतवे ॥

ભાવાર્થ. એક વર્ષ પર્યન્ત કૃચ્છ્રસાન્તપન વ્રત કરે.

આ પ્રમાણે આપણે અનેક શાસ્ત્રોના પ્રાયશ્ચિત્તપ્રકરણોમાં જોઇશું તો તેમાં પણ ઉપર પ્રમાણેજ વિધાન માલમ પડે છે અને તે સર્વ હું અત્ર આ લઘુ ગ્રંથમાં દર્શાવી શકતો નથી પરંતુ ઉપર દર્શાવેલા પ્રમાણોપરથી વિચાર થઇ શકે છે કે સુદર્શને કરેલું પાપ અને ઉપર શાસ્ત્રકારોએ દર્શાવેલા પાપોની સરખામણી કરતાં સુદર્શનનું પાપ ઘણું નજીવું છે અને શાસ્ત્રકારો ઉપર દર્શાવેલા ગંભીર પાપોના પ્રાયશ્ચિત્તોને અંગે પણ વેદ વિદ્યાથી અને વેદોક્ત કર્મોથી વિમુખ રહેવાનું વિધાન બતાવતા નથી પરંતુ મનુભગવાન મનુસ્મૃતિના અગીયારમા અધ્યાયમાં કહે છે

वेदाभ्यासोऽन्वहं शक्त्या महायज्ञक्रिया क्षमा ।
नाशयन्त्याशु पापानि महापातकजान्यपि ॥ २४५ ॥

ભાવાર્થ. પ્રતિદિન વેદનું અધ્યયન અને પંચ મહાયજ્ઞોનું અનુષ્ઠાન કરવાથી મહાપાતકોના પાપનો પણ નાશ થાય છે. વળી

ऋक्संहितां त्रिरभ्य यजुषां वा समाहितः ।
साम्नां वा सरहस्यानां सर्वपापैः प्रमुच्यते ॥ २६२ ॥

ભાવાર્થ. ઋગ્વેદ—યજુર્વેદ અને સામવેદ સંહિતા તથા બ્રાહ્મણ ઉપનિષદાદિ સહિત સમાહિત ચિત્તથી યદિ ત્રણ આવૃત્તિઓ કરવામાં આવે તો મનુષ્ય સર્વ પાપોથી બચી જાય છે. આગળ બારમા અધ્યાયમાં કહ્યું છે કે

यथाजातज्वलो वह्निर्दहत्यार्द्रानपि द्रुमान् ।

तथा दहति वेदज्ञः कर्मजं दोषमात्मनः ॥१०२॥

ભાવાર્થ. જેવી રીતે પ્રબળ અગ્નિ મોટાં મોટાં વૃક્ષોને પણ બાળી નાંખે છે તેવીજ રીતે વેદ જાણવાવાળો પુરૂષ પણ પોતાના કર્મજ દોષને પણ બાળી નાંખે છે. આ પરથી તો ખુલ્લી રીતે સિદ્ધ થાય છે કે યદિ મનુષ્યએ પાતક વા મહાપાતક અર્થાત્ પાપ વા અઘોર પાપ કર્યું હોય તો તેમાંથી મુક્ત થવાનુ સાધન વેદવિદ્યા અને વેદોક્ત કર્મો છે. જો શાસ્ત્રકારોની આવી સંમતિ છે તો પછી શિવભગવાન શાસ્ત્રકારોની સંમતિથી વિરૂદ્ધ જઇને પોતાના મનમાં આવે તેવી રીતે સુદર્શનને વા તેની પ્રજાને વેદથી વંચિત રાખે એ તદન અસંભવિત છે. વળી વિચાર કરવાથી માલમ પડે છે કે જ્યારે મનુષ્ય અજ્ઞાનાવસ્થામાં આવી પાપ કર્મ કરે છે ત્યારે તે પાપમાંથી મુક્ત થવાનું સાધન શું હોઇ શકે ? મારા ધારવા પ્રમાણે સર્વ સાધારણ મનુષ્ય તરફથી એજ ઉત્તર મળશે કે જ્ઞાન એજ મનુષ્યને પાપમાંથી મુક્ત કરવાનું સાધન છે. જ્યારે મનુષ્યમાં અજ્ઞાનનો વાસો થાય છે અને જ્ઞાનનો અભાવ હોય છે ત્યારે અનેક પ્રકારનાં પાપો થાય છે પરંતુ અજ્ઞાનને છોડી જ્ઞાનનો આશ્રય લઈ મનુષ્ય જ્યારે તદનુસાર વર્તન કરે છે ત્યારે પુણ્યાત્મા થાય છે. તપોધન બ્રાહ્મણો જેઓ બ્રાહ્મણકુળનો ઉચ્ચ વિભાગ છે તેમાં કોઇથી કદાચિત્ અજ્ઞાનાવસ્થાને લીધે પાપ કર્મ થયું હોય તો તેને અને તેની પ્રજાને વેદવિદ્યાથી વિમુખ રાખી હમેશને માટે પાપી બનાવવા એ ધર્માત્માનું લક્ષણ હોઇ શકે

નહિં. બસ, સૂર્યના પ્રકાશમાં, મનુષ્યોને તે પ્રકાશ તેનો છે વા અન્યનો એવી શંકા થતી નથી તે પ્રમાણે ધર્મગ્રંથોની દ્રષ્ટિએ જોતાં તો તપોધન બ્રાહ્મણો બ્રાહ્મણ છે વા નહિં તથા તેમને વેદાધિકાર છે વા નહિં એવો સંદેહ થતોજ નથી પરંતુ પોતાના મૂળ ઋષિ દધીચિ વેદવિદ્યામાં નિપુણ હતા, તેમણે વેદ વિદ્યાથી કેવા કેવા ધર્મોનાં કાર્યો આ સંસારમાં કર્યાં છે તેપર લક્ષ આપતાં તો એ વાત સિદ્ધ થાય છે કે તપોધન બ્રાહ્મણોએ વેદવિદ્યાનું અધ્યયન કરી અન્ય વર્ણોને અધ્યયન કરાવવું અને તે વર્ણોને કાંઇ પણ ધાર્મિક દુઃખ હોય તો તેના નિવારણાર્થ પોતાના જીવનની આહુતિ આપવી. વેદપારગ અને ધર્માત્મા ઋષિ દધીચિના વિષયમાં ઋગ્વેદ, મહાભારત અને ભાગવત ઇત્યાદિ ગ્રંથો નીચેપ્રમાણે યશોગાન કરી રહ્યા છે તે પર મારા સુજ્ઞ વાંચકોનું લક્ષ ખેંચીશ.

ઋગ્વેદ ભગવાન કહે છે કે

तद्वां नरा सनये दंस उग्र माविष्कृणोमि तन्यतुर्न वृष्टिम्। दध्य-ङ्ह यन्मध्वाथर्वणो वामश्वस्य शीर्ष्णाप्रयदीमुवाच॥ १।११६।१२

ભાવાર્થ. હે શુરવીર અશ્વિકુમારો! જેવી રીતે વિદ્યુત વર્ષાની સૂચના આપે છે તેમજ આપના ઉગ્ર કર્મના લાભાર્થ પ્રકાશિત કરૂં છું કે આપ એવા છો કે જેને માટે આથર્વણ દધીચિ ઋષિએ અશ્વશિર ધારણ કરી મધુવિદ્યાનો ઉપદેશ કર્યો છે. પુનઃ

आथर्वणायाश्विना दधीचेऽश्व्यं शिरः प्रत्यैरयतम्। स वां मधु प्रवोचदृतायन् त्वाष्ट्रं यद्दस्रा वपि कक्ष्यं वाम् ।१।११७।२२

ભાવાર્થ. હે અશ્વિકુમારો ! તમે આથર્વણ દધીચિ ઋષિને ઘોડાનું માથું અર્પણ કર્યું અને તેને બદલે તે ઋષિએ આપને સત્ય વિદ્યાનો ઉપદેશ કર્યો.

આ મંત્રાશયનું શાદ્યાયન અને વાજસનેય શાખાવાળાઓએ પોતાના ગ્રંથોમાં વિસ્તારથી વર્ણન કર્યું છે. યથા.

इन्द्रो दधीचे प्रवर्ग्यं विद्यां मधुविद्याञ्चोपादिश्य यदिमा मन्यस्मै वक्ष्यसि शिरश्छेत्स्यामि ॥

ભાવાર્થ. ઇંદ્રએ દધીચિ ઋષિને પ્રવર્ગ્ય અને મધુવિદ્યાનો ઉપદેશ આપીને કહ્યું કે યદિ આપ આ વિદ્યા કોઇ અન્યને કહેશો તો તમારૂં મસ્તક કાપી નાંખીશ. પછી.

दधीचः शिरः प्रच्छिद्य अन्यत्र निधाय तत्राऽश्व्यं शिरः प्रत्यधत्ताम् । तेनदध्यङ् ऋचः सामानि इत्यादि ॥

ભાવાર્થ. થોડો સમય વ્યતીત થયા પછી અશ્વિકુમારો વિદ્યા ભણવા માટે દધીચિ ઋષિ પાસે ગયા. ઋષિએ ઇંદ્રની સાથે થયેલી શરત કહી સંભળાવી ત્યારે અશ્વિકુમારોએ વિચાર કરીને કહ્યું કે તમારા આ શિરથી તમે હમને મધુવિદ્યા ભણાવશો નહિં. તમારા આ મસ્તકને કાપીને હમે છુપાવી દઇએ છીયે અને તેની જગાએ ઘોડાનું માથું લગાડી દઇએ છીયે. તેથી આપ હમને વિદ્યા ભણાવો અને ઇંદ્ર જ્યારે આ તમારા નકલી શિરને કાપી નાંખશે ત્યારે તમારૂં અસલ મસ્તક હમે લગાડીશું. ઋષિ દધીચિએ હિમતથી તે પ્રમાણે કર્યું. અહા ! તપોધનબ્રાહ્મણોનામૂળ ઋષિ દધીચિના ધાર્મિક જીવનને ધન્ય છે.

આગળ ઋગ્વેદમાં કહ્યું છે કે

इन्द्रो दधीचो अस्थभिर्वृत्राण्य प्रतिष्कुतः जघान ।
नवतीर्नव॥ १।८४।१३।

ભાવાર્થ. શત્રુઓથી પ્રતિકુળ શબ્દ રહીત ઇન્દ્રએ દધીચિ ઋષિના હાડકાની મદદથી અનેક અસુરોનું હનન કર્યું.

મહાભારત વનપર્વ અ- ૧૦૦ માં કહ્યું છે કે

आसन् कृतयुगेर्धाश दानवा युद्धदुर्मदाः । कालकेया इति ख्याताः गणाः परं दारुणाः ॥ ते तुवृत्रं समाश्रित्य नाना प्रहरणोद्यताः । समन्तात्पर्य्यधावन्त महेन्द्र प्रमुखान् सुरान् ॥

ભાવાર્થ. કૃતયુગમાં દાનવો મોટા મોટા યોદ્ધાઓ હતા. તેમના ગણોનું નામ કાલકેય હતું. તેમના સ્વામી વૃત્ર હતા. આ લોકો એવા દારૂણ યોદ્ધાઓ હતા કે ઇન્દ્રાદિ સર્વ દેવતાઓ તેમના બળથી ડરી જઈને પોતપોતાનો અધિકાર છોડી દઈને બ્રહ્માજી પાસે જઈ પોતાના સર્વ દુઃખનું વર્ણન કર્યું. બ્રહ્માજીએ મનમાં વિચાર કરીને કહ્યું કે

तमुपायं प्रवक्ष्यामि यथा वृत्रं वधिष्यथ ॥

ભાવાર્થ. વૃત્રાસુરને મારીશકો એવો ઉપાય બતાવું છું. यथा

दधीच इति विख्यातो महानृषिरुदारधीः । तंगत्वा सहिता स्सर्वे वरंवै सम्प्रयाचत ॥ सवो दास्यति धर्मात्मा सुप्रीतेनान्तरात्मना। सवाच्यः सहितैः सर्वैर्भवद्भिर्जयकाङ्क्षिभिः ॥ स्वान्यस्थीनि

प्रयच्छेति त्रैलोक्यस्य हितायवै ।स शरीरं समुत्सृज्य स्वान्यस्थीनि प्रदास्यति ॥ तस्यास्थिभिर्महाघोरं वज्रं संक्रियतां दृढम् । .... तेन वज्रेण वै वृत्रं वधिष्यति शतक्रतुः ॥

ભાવાર્થ. દધીચિ નામના એક મહાન્ ઉદારમતિ ઋષિ છે. તેમની પાસે આપ સર્વ જઇને વરમાંગો. તે ધર્માત્મા ઋષિ અંતરાત્માથી સુપ્રસન્ન થઇને અવશ્ય આપને વરદાન આપશે. ત્યારે તમે ઋષિને તેમના અસ્થિ એટલે હાડકાં જેથી ત્રણે લોકનું કલ્યાણ થશે તે આપવાનું કહેજો. તે ઋષિ અવશ્ય પોતાનો દેહ ત્યાગ કરી આપને અસ્થિઓ આપશે તે અસ્થિઓથી મહા-ઘોર વજ્ર બનાવજો અને તેનાથી ઇંદ્ર, વૃત્રાસુરનો વધ કરશે. બ્રહ્માની આવી સંમતિ લઇ દધીચિ ઋષિના આશ્રમમાં જઇ પ્રણામ કરીને સર્વ દેવતાઓએ વરદાન માંગ્યું.

ततो दधीचः परमः प्रतीतः सुरोत्तमांस्तानिद मभ्युवाच ।
करोमि यद्वो हितमद्य देवाः स्वं चापि देहं स्वयमुत्सृजामि ॥

ભાવાર્થ. દધીચિએ કહ્યું કે હે દેવગણ! જેમાં આપનું હિત હોય તે હું કરીશ. મારૂં પોતાનું શરીર છોડીને પણ આપનું કામ કરીશ. આ પ્રમાણે કહીને દધીચિએ પોતાનું શરીર છોડયું અને તત્કાળ સ્વર્ગ પ્રાપ્ત કર્યું.

આજ પ્રમાણે શ્રીમદ્ભાગવતનો ષષ્ટસ્કન્ધ પણ યશોગાન કરે છે. માટે હે દધીચિના ધાર્મીક કુળના તપોધન બ્રાહ્મણો ! લોકોના મિથ્યા બકવાદ તરફ ન જોતાં તમારા ઋષિના ધાર્મીક જીવન

તરફ લક્ષ કરો. ઋષિ કહે છે કે તેણે અનેક વિદ્યા પ્રાપ્ત કરી જેનું અધ્યયન કરવાને અશ્વકુમારો જેવા દેવતાઓ પણ તેમની પાસે જઇ તેમને સાષ્ટ્રાંગ દંડવત્ પ્રણામ કરતા તે પ્રમાણે તમે પણ વિદ્યા ભણો અને અન્ય લોકોને બતાવો કે જુઓ હમે પણ વિદ્યા ભણવાને અને ભણાવવાને સમર્થ છીયે. તપોધન બ્રાહ્મણોએ પ્રમાદવશ થઈને પોતાના કર્મકાંડો તથા વેદાધ્યયન છોડયાં જેથી લોકોએ તેમને વેદાધિકાર નથી એવી રીતે કહ્યું. કહેનારાઓનું કહેવું તેમણે સાંભળ્યું અને નિરાંત કરીને બેઠા; જો કે વાસ્તવિક રીતે જોતાં તો ઉંચામાં ઉંચા ગણાતા બ્રાહ્મણોએ પણ હાલ વેદાધ્યયન છોડયું છે અને તેમને નહિં છાજતાં અનેક કર્મો કરવા માંડયાં છે અતએવ મારી તો બ્રાહ્મણો અને તપોધન બ્રાહ્મણો બન્ને પ્રતિ નમ્ર પ્રાર્થના છે કે અંદર અંદરના ધાર્મીક ક્રિયાઓથી વિમુખ રાખનારા અને એકમેકને હલકા પાડી વૈમનસ્ય વધારનારા ઝેરી વિચારો છોડી દઇ તેઓ સર્વએ એકત્ર થઇ વેદાધ્યયન કરી અન્યદ્વિજ વર્ણને વેદાધ્યયન કરાવવાનું શરૂ કરી ઋષિઓના ઋણના બોજામાંથી મુકત થવું.

હે તપોધન બ્રાહ્મણ બંધુઓ! તમારા ઋષિ કે જેની વેદ ઉપનિષદ્ ઇત્યાદિ મહિમા ગાય છે તેની ધાર્મીક દશા તરફ નજર કરો. તેમણે ધર્મના બચાવને માટે અને અસુરોના હનનને માટે પોતાના જીવનનો ભોગ આપ્યો, તેમણે સ્વાર્થને છોડી પરમાર્થનો આશ્રય લીધો અને તેમના પારમાર્થીક કૃત્યથી સંસારને આશ્ચર્યચકીત કરી નાંખ્યો. એ ઋષિના ઋણનો બોજો આજ દિવસ સુધી આપણાપર એટલો બધો ચઢી ગયો છે કે તે અસહ્ય છે. જે લોકો પોતાના ઋષિનું ઋણ ઉતારતા નથી

તેઓ નર્કગામી થાય છે માટે ઋષિના જીવનપર લક્ષ આપીને શું આપણે વેદાધ્યયન તથા વેદોક્ત કર્મકાંડ શીખવા અને તદનુસાર વર્તન કરવા કરાવવામાં અનેકાનેક આપત્તિઓ આવી પડે તોપણ મચ્યા નહિ રહીયે? હું ધારૂં છું કે સમસ્ત તપોધન બ્રાહ્મણ સૃષ્ટિમાંથી એકીસ્વરે આનંદ જનક હકારનોજ અવાજ નીકળશે. અરે! આનંદજનક અવાજ નીકળશે શું. શનૈઃ શનૈઃ કાર્ય શરૂં થયું છે અને થશે. ખંભાત વાલમ અને જોટાણા ગ્રામના તપોધન બ્રાહ્મણોએ પોતાની દશાનો વિચાર કરી પોતાના ગામોમાં વેદશાળાઓ સ્થાપન કરી છે જેમાં તેમનાં સંતાનો સંધ્યા અગ્નિહોત્ર રૂદ્રિ ઇત્યાદિ શીખેછે. અમદાવાદના બંધુઓએ પણ કાંઇ કાર્ય શરૂ કર્યું છે અને અન્ય ગામના તપોધન બ્રાહ્મણોનો પણ તેમ કરવાનો વિચાર ચાલી રહ્યો છે પરમાત્મા, તેમને સદ્બુદ્ધિ આપે અને તેઓ ધાર્મીક કાર્ય શીઘ્ર ચાલુ કરે. તપોધન ઋષિના સંતાનો? કમર કસો અને ભવિષ્યની પ્રજાને વેદધર્મમાર્ગી બનાવવાને અનેક આપત્તિઓનો સામનો કરી તત્પર થાઓ અને દધીચિ ઋષિના નામને દીપાવો. દ્વેષી લોકોના ઉદ્ગારો તરફ નજર ન કરતાં વેદ ભગવાનનું વચન કે **कुर्वन्नेवेह कर्माणि जिजीविशेच्छत ँ समाः** અર્થાત્ "સો વર્ષ પર્યન્ત જીવીને સત્ય કર્મો કરો." તેને માન આપો શિવ ભગવાને જેવી રીતે ચાર દિશાએ ચાર બટુકોને ધર્મપ્રચારાર્થ મોકલ્યા હતા તેવી રીતે હાલ ચાર તપોધન બ્રાહ્મણોને વિદ્યાભ્યાસ કરાવી, તેમના હાથમાં ॐ નામનો વાવટો આપી તેમને ચારે દિશામાં પોતાના અજ્ઞાન બંધુઓમાં વેદનો પ્રકાશ કરવા મોકલી આપો.

જ્યારે આ પ્રમાણે થશે ત્યારેજ આપણે ઋષિઋણ અદા કરવાની કોશેષ કરીયે છીયે એમ કહેવાશે. ભાઇઓ, ધારો કે ઋષિ આજ પુનઃ સંસારમાં આવે અને પોતાની પ્રજા તરફ જૂએ તો તે શું કહેશે? તે કહેશે કે મેં વેદનું અધ્યયન કરાવવાને અને ધર્મનું રક્ષણ કરવાને માટે તો મારો દેહ ત્યાગ કર્યો જ્યારે મારી પ્રજા નમાલી થઇને, વેદવિદ્યા છોડીને, કર્મ-કાંડનો ત્યાગ કરીને, આળસના ગુલામ બનીને, ભિક્ષાવૃત્તિમાં ચેન માનીને, અન્યોના તિરસ્કાર ખમીને, જેમને મેં મારો દેહ ત્યાગ કરી વિદ્યા શિખવી તેમના સંતાનોના ના કહેવાથી ડરી જઈને હાથપગ જોડીને અધોગતિના ઉંડા ખાડામાં પડી છે અને હજુ પડતી જાય છે. માટે હે બંધુઓ! હવે સમયને વિશેષ વ્યતીત ન કરતાં ગામોગામ શાળાઓ ઉભી કરો. તેના નિભા-વાર્થ ધન એકત્ર કરો અને સ્થળે સ્થળે દેશદેશાન્તરના આપણા બંધુઓને તેડાવી જ્ઞાતિની ઉન્નતિ કેમ થાય તેવા વિચાર કરી તેને અમલમાં મૂકી ઋષિના ઋણનો બોજો ઉતારો, નહિં તો હાલ જેટલા દુઃખી થઇ રહ્યા છીયે તેના કરતાં પણ વિશેષ દુઃખી થવાનો સમય આવશે. અસ્તુ. પ્રિય વાંચકો! બસ, આટલેથી હું હાલ બીજો સમય મળતાં સુધી છુટો પડવાની રજા લઇશ ઇતિ.

ૐ शांतिः शांतिः शांतिः ॥

પ્રથમ ભાગ સમાપ્ત.

આવશ્યક વક્તવ્ય.

મુંબઇ જેવા ઉદ્યોગી શહેરમાં યંત્રાલયોના માલીકોને પણ ઘણુંજ કામ કરવાનું હોય છે જેથી પ્રખ્યાત યંત્રાલયો સાધારણ કામો હાથ ધરી શકતા નથી તેમજ પુસ્તક પ્રગટ કર્તાને સર્વ-વાતની સગવડતા કરી આપી શકતા નથી પરંતુ આ શહેરના પ્રસિદ્ધ ધર્મ વિજય પ્રેસના માલીક મહાશય હરજીવનદાસ ભગવાનદાસે મારે માટે જે અનુકુળતા કરી આપી છે તેને માટે હું તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આ પુસ્તક એક આનાની પોષ્ટલ ટીકીટ મોકલનારને મફત મોકલી આપવામાં આવશે.

ગિરિજાશંકર